ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 14 Date : 01-04-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૮) |
| પ્રવીણ જ. પટેલ | ૦૪ | સોક્રેટિસ ઉવાચ-૮ : સોક્રેટિસ અને ભારતીય રાજકારણી વચ્ચે એક કાલ્પનિક સંવાદ |
| ભાણદેવ | ૦૮ | ગાંધીજીનું તત્ત્વજ્ઞાન |
| ઉલ્હાસ જાજુ | ૧૨ | દીવડાની જ્યોત સાચવી રાખનાર દૃષ્ટા ગણસેવક : મોહન હી હી |
| હેમંત શાહ | ૧૫ | જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ - ભાગ : ૩ |
| ભદ્રા - વિક્રમ સવાઈ | ૧૮ | પુસ્તક પરિચય - તિલોર |
| સંકલિત | ૨૦ | (એન.એ.પી.એમ.) : તીસ સાલ – સંઘર્ષો કી મશાલ |
| રજની દવે | ૨૨ | સીધું ને સટ્ટ : નર્મદા એવોર્ડનો ભંગ થયો છે |
| જયનારાયણ વ્યાસ | ૨૩ | ભારત માટે ભય પેદા કરતો ચીનનો ‘પાણિયારો’ ડેમ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | મને જવા દો |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)
YAGNA PRAKASHAN SAMITI
યજ્ઞ પ્રકાશન
https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.14 1931 Date : 01-04-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૮)

❍ વિનોબા ❍

## ચિત્તની એકાગ્રતા (૨)

ધ્યાન દરમ્યાન એકાગ્રતા કેવી રીતે સાધી શકાય, તે માટે અનેક સાધકોએ અનેક ઉપાયો જણાવ્યા છે. તે ઉપાયોમાંથી જેને પણ જે ઉપાય અનુકૂળ લાગતો હોય, સધાતો હોય તેવું લાગે, તે ઉપાય અપનાવવો જોઈએ. એક આ પણ ઉપાય છે કે કોઈ પણ શ્લોક અથવા વાક્ય પર તેનું અર્થચિંતન કરવું. થોડા દિવસ આ વાક્ય, તો થોડા દિવસ બીજું વાક્ય - આમ જુદાં જુદાં વાક્યો પર અર્થચિંતન કરવાથી પણ ચિત્ત એકાગ્ર રહી શકે છે. ખ્રિસ્તી ઈસાઈઓમાં આ ચાલે છે. હિંદુઓમાં મૂર્તિ ચાલે છે. તેને ચિત્તની સમક્ષ લાવવું અને તેનું માનસિક દૃષ્ટિથી ચિંતન કરવું. મૂર્તિને બદલે બીજું કોઈ પણ 'સિંબલ' અર્થાત્ સંકેત લેવાનો પણ એક પ્રકાર છે. જેમ કે શૂન્યનું ચિહ્ન, ઊભી લીટીનું ચિહ્ન, આડી લીટીનું ચિહ્ન વગેરે. ચિત્તના આલંબનના ભાગ રૂપે ચિહ્ન લેવાય છે. આમ આના ઘણા બધા જુદા-જુદા પ્રકારો છે.

ચિત્ત એકાગ્ર કરવા માટે નામ સ્મરણ એ ત્રીજો ઉપાય છે. નામ સ્મરણમાં ચિત્તને એકાગ્ર કરીએ. અહીં દેશ-કાળની કોઈ ઝંઝટ હોતી નથી. મંત્ર વિધાનની પણ જરૂર રહેતી નથી. અહીં તો બસ કેવળ મનને નિશ્ચલ કરીને ઈશ્વરની કૃપાની યાચના કરતા રહીએ.

ચોથો ઉપાય છે ગુણ-સ્મરણનો. સત્ય, પ્રેમ, કરુણા આ ગુણ સ્મરણનો એક સારો ઉપાય છે. ગુણ સ્મરણ સ્થૂળ રૂપે પણ થઈ શકે અને સૂક્ષ્મ રૂપે પણ થઈ શકે. સ્થૂળ રૂપ દ્વારા ગુણના કિસ્સાઓ યાદ કરતા રહીએ. સત્યથી રામનું, પ્રેમથી કૃષ્ણનું અને કરુણાથી બુદ્ધનું સ્મરણ કરીએ. અને સૂક્ષ્મ રૂપ દ્વારા - જેટલા પણ ગુણો - જેમ કે સત્ય ઇત્યાદિ ગુણો અવ્યક્તરૂપે આ આખા વિશ્વમાં વ્યાપ્ત છે, તે ગુણોનું ચિંતન કરીએ.

એક રસ્તો એ પણ છે કે આપણે મનમાં રહેલી જેટલી પણ ઇચ્છાઓ છે તે બધી ઇચ્છાઓની તુલના કરીને જાણી લઈએ કે આમાં સૌથી વધુ પ્રબળ ઇચ્છા કઈ છે. શેષ ઇચ્છાઓને છોડી દઈને બસ એ જ ઇચ્છાની ધૂનમાં લીન થઈ જાઓ. એમાં જ પોતાના ચિત્તને એકાગ્ર કરીએ. બીજી ઇચ્છાઓને દૂર કરીને એક જ ઇચ્છા પર ચિત્તને કેન્દ્રિત કરીએ અને પછી તેને પણ છોડી દઈએ. આ એ જ યુક્તિ છે કે એકાગ્રતા સધાઈ ગયા પછી એ ઇચ્છાનો પણ ત્યાગ કરીને મુક્ત થઈ જવાનું છે.

ક્યાંક કોઈ કોઈ જગ્યાએ ચિત્તની એકાગ્રતા માટે પ્રાર્થનામાં સંગીત તો ક્યાંક દીપકની જ્યોત, તો ક્યાંક ધૂપ-દીપ વગેરે રાખે છે. એકાગ્રતા માટે આ બધું અનુકૂળ છે. ઠીક છે, આ પ્રયોગ છે. પણ આ બધાંને હું તો ઇચ્છાઓનું રૂપાંતરણ સમજું છું. એવા પ્રકારની એકાગ્રતાને હું વધારે મૂલ્ય આપતો નથી. નાનકડું બાળક લાડુ ખાય છે, ત્યારે લાડુ ખાવામાં તેનું ચિત્ત એકદમ એકાગ્ર હોય છે. જે અધ્યયન કરે છે તેઓનું ચિત્ત પણ અધ્યયન વખતે એકાગ્ર હોય છે. ઑપરેશન કરતી વખતે ડૉક્ટરનું ચિત્ત એકાગ્ર હોય છે. એવી જ રીતે સંગીત શ્રવણ કરતી વખતે ચિત્ત એકદમ તન્મય થઈ જાય છે. કામમાં જો એકાગ્રતા રહી નહીં, તો કામ નિષ્ફળ જશે. આ પ્રકારની એકાગ્રતાનું વ્યાવહારિક ફળ મળે છે, લાભ થાય છે, તેની થોડીક કિંમત પણ અંકાય છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિથી હું તેની કોઈ કિંમત માનતો નથી.

પરંતુ આનો અર્થ બિલકુલ એવો ન સમજવો કે જ્યાં સુધી સહજરૂપે એકાગ્રતા સધાતી નથી, ત્યાં સુધી બાહ્ય સાધનો દ્વારા એકાગ્રતા સાધવાનો પ્રયત્ન જ ન કરીએ. સાધકને તેની પોતાની સાધના કરવા માટે બાહ્ય સાધનોથી મદદ મળે છે, તો એનો ઉપયોગ કરવો ઉચિત જ છે.

ગણિત અને ભૂગોળ જેવા વિષયોમાં જે એકાગ્રતા સધાય છે, તે સામાન્ય એકાગ્રતા કહેવાય. કેમ કે આવી એકાગ્રતા માણસને ક્ષુધા, તૃષ્ણા વગેરે વિકારોથી પર લઈ જતી નથી. માણસને તો એવી એકાગ્રતાની જરૂર છે જે અંતરાત્મા તરફ અભિમુખ કરે.

ચિત્તની એકાગ્રતાનો ઉપયોગ ગણિતના અભ્યાસમાં થઈ શકે. પરંતુ તે ચિત્તની એકાગ્રતાનું સર્વોત્તમ સાધ્ય નથી. ગણિતના અધ્યયનથી એકાગ્રતાની સંપૂર્ણ પરીક્ષા થતી નથી. ગણિત હોય કે એ જ પ્રકારના અન્ય જ્ઞાનના અધ્યયનમાં ચિત્તની એકાગ્રતાથી સફળતા જરૂર મળી શકે, પરંતુ આ સાચી પરીક્ષા નથી. આપણી દૃષ્ટિ તો ભગવાનના ચરણો તરફ મંડાયેલી રહેવી જોઈએ. ભગવાનના ચરણોમાં જ આપણી એકાગ્રતાનું સાતત્ય જળવાઈ રહેવું જોઈએ.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એટલું જ નહીં, આપણી વાણી, કાન, આંખ સતત ભગવાનમાં જ રચ્યાંપચ્યાં રહે. આ કરવા માટે આપણે આમરણ (મૃત્યુ પર્યંત) પ્રયત્ન કરતા રહેવો જોઈએ. આપણી બધી જ ઇન્દ્રિયોને ભગવાનની ધૂન લાગવી જોઈએ.

આમ તો બધાંને એકાગ્રતાનો કંઈક ને કંઈક અનુભવ આવતો જ હોય છે. માણસ કોઈ પણ વ્યક્ત ચીજવસ્તુ દ્વારા ધ્યાનમગ્ન અથવા તો એકાગ્ર થતો હોય છે. આપણે એકાગ્ર તો થઈએ છીએ, પણ આવી એકાગ્રતા માટે આપણને કાંઈક ને કાંઈક આલંબન (આધાર)ની જરૂર પડે છે. પરંતુ સમજવાનું એ કે આલંબન દ્વારા જે એકાગ્રતા સધાય છે, તે ક્ષણિક હોય છે. હવે હોવું જોઈએ એવું કે એકાગ્રતા એ આપણી મૂળ સ્થિતિ હોવી જોઈએ. શરૂ શરૂમાં ભલે વ્યક્ત આલંબનથી ચિત્ત એકાગ્ર થાય પરંતુ આપણું ધ્યેય તો એ હોવું જોઈએ કે કોઈ પણ પ્રકારનો આધાર કે આલંબન લીધા વગર આપણે જ્યારે પણ ઇચ્છીએ ત્યારે પોતાને એકદમ શૂન્ય કરી શકીએ. ટેકો-આલંબન લીધા વગર માણસની પાસે પરમ એકાગ્રતામાં ડૂબવાની શક્તિ કેળવાતી નથી, ત્યાં સુધી તેમાં પૂર્ણતા આવતી નથી. માટે જ માણસે અવ્યક્તના ચિંતનનું સામર્થ્ય મેળવતા રહેવું જોઈએ.

નાનકડા બાળકનું નિર્મળ મન એકદમ સહજતાથી એકાગ્ર અને ધ્યાનસ્થ થઈ જાય છે. એના માટે એકાગ્રતા અત્યંત સાહજિક છે. એનું કારણ છે કે એના ચિત્તમાં કોઈ પણ પ્રકારનો મળ નથી. માટે જ સ્થાયી એકાગ્રતા પામવા માટે ચિત્તશુદ્ધિ એ જ મુખ્ય અને પ્રત્યક્ષ સાધન છે. શેષ બધા કોરા બાહ્ય ઉપચારો છે. બાળપણમાં ચિત્તની એકાગ્રતા એકદમ નૈસર્ગિક રહે છે. અને આવી એકાગ્રતા હોવાને લીધે ચિત્ત પર જે સંસ્કાર પડે છે, તે ક્યારેય મટતા નથી, વજ્રલેપ સમાન થઈ જાય છે. ચિત્તની એકાગ્રતાનો આવો મહિમા છે.

સાધના કરવા માટેનો સૌથી અનુકૂળ સમય એ પ્રાત :કાળ છે. આ સમય અનુપમ છે, જાણે તે સત્ત્વગુણનું જ પ્રતીક છે. આ સમય-ગાળો એકાગ્રતાના પ્રયોગ માટે અત્યંત ઉચિત છે. જે માણસ સવારનો આ ગાળો ખોઈ બેસે છે, તેને માટે જાણે આખો દિવસ વેડફવા જેવો વ્યર્થ જ ગયો સમજવો. આવું ન થાય તે માટે આ સમયનો ઉપયોગ ધ્યાન માટે કરવો તે નિઃસંદેહ શ્રેયસ્કર છે.

કેટલાક લોકોને એકાગ્રતા સાધવા માટે એકાંત જોઈએ છે તો કેટલાક લોકોને એકાંતમાં જાતજાતની કલ્પનાઓ અને ખોટી ચિંતાઓ પરેશાન કરી મૂકે છે. હકીકતમાં આપણે એકાંત અને સમૂહ આ બંનેની સમાન ટેવ પાડવી જોઈએ. આ બંનેમાં સમાન આનંદ આવવો જોઈએ.

એકાગ્રતા માટે અનેક સાધનો બનાવાયેલાં છે, જેમાંનું એક સાધન આ છે કે – નિર્વાત સ્થાન (જ્યાં હવાની લહેરખી પણ ન આવતી જતી હોય)માં પ્રગટેલ દીવાની જ્યોતનું ધ્યાન કરવું. બીજું સાધન એ કહેવાયેલું છે કે, પાણીની અખંડ વહેતી ધારાનું ધ્યાન કરવું. સાધકોના અનુભવ છે કે આ સાધનોથી ચિત્ત એકાગ્ર થાય છે. આ બંને ઉપાયોની જે ખાસ ખૂબી છે, તે ખૂબી અતૂટ કંતાયેલ સૂતરના તાંતણામાં છે. ચિત્તની એકાગ્રતાની દૃષ્ટિએ અતૂટ કાંતણનો પ્રયોગ મહત્ત્વનો છે. અતૂટ કાંતવાથી કેટલી શાંતિ મળે છે, એનો અનુભવ તો એને આવ્યો હશે કે આવશે કે જેમણે અતૂટ કાંત્યું હશે અથવા કાંતતા હશે. અખંડ સૂતરના તારની સાથેસાથે અખંડ ચિંતન ચાલે છે.

એવું નથી કે હાથમાં માળા લીધા પછી જ ચિત્ત એકાગ્ર થાય. ચિત્ત તો રેંટિયો કાંતવાથી અને કૂવા પર રહેંટ ચલાવવાથી પણ એકાગ્ર બની શકે છે.

બધાંનો સર્વસામાન્ય અનુભવ એ હોય છે કે પોતાની પસંદગીના વિષયમાં તેઓ સહજતાથી એકાગ્ર થઈ જાય છે. ભોજનમાં લગભગ બધાં એકાગ્ર થઈ જતાં હોય છે. જ્યારે કકડીને ભૂખ લાગી હોય ત્યારે ભોજન મળે કે તરત જ એમાં મન એકદમ એકાગ્ર થઈ જાય છે.

સ્વચ્છતાને લીધે પણ ચિત્ત સહજતાથી એકાગ્ર થાય છે, આવો બધાંને અનુભવ આવે છે. આપણે કોઈ સ્વચ્છ સ્થાને હોઈએ, જેમ કે સામે જ લીલુંછમ્મ મેદાન હોય કે કોઈ સ્વચ્છ નદીકિનારો હોય, ત્યાં બેસતાંની સાથે સ્વાભાવિક જ આપણી વૃત્તિ અંતર્મુખી થઈ જાય છે અને એનાથી સહજ જ એકાગ્રતા સાધી શકાય છે. આ અનુભવ-સિદ્ધ વાત છે.

નિદ્રામાં માણસની વૃત્તિ શૂન્ય હોય છે, જ્યારે જાગૃતિમાં તેના ચિત્તની સ્થિતિમાં કાં તો વ્યગ્રતા કાં અનેકાગ્રતા હોય છે અને સમાધિ-અવસ્થામાં ચિત્તની સ્થિતિ એકાગ્ર હોય છે. માણસ વ્યગ્રતા અને અનેકાગ્રતાને લીધે જ્યારે થાકે છે, ત્યારે શૂન્યતા એટલે કે ઊંઘ આવે છે. પરંતુ શૂન્યતાની એ અવસ્થા પાછળ કોઈ પુરુષાર્થ હોતો નથી. પરંતુ ચિત્તની એકાગ્રાવસ્થામાં શૂન્યતાની શાંતિ અને જાગૃતિનો પુરુષાર્થ – આ બંને રહે છે. આને ધ્યાન-સમાધિ કહે છે. નિદ્રામાં જેમ ભિન્ન ભિન્ન ઊંડાણ હોય છે એમ સમાધિમાં પણ ભિન્ન ભિન્ન ઊંડાણ હોય છે. ધ્યાન સમાધિમાં ચિત્ત એકાગ્ર થઈ ગયા બાદ તે માણસને બહારની કોઈ સંવેદનાની

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૮) |
| પ્રવીણ જ. પટેલ | ૪ | સૉક્રેટિસ ઉવાચ-૮ |
| ભાણદેવ | ૮ | ગાંધીજીનું તત્ત્વજ્ઞાન |
| ડૉ.ઉલ્હાસ જાજુ | ૧૨ | દીવડાની જ્યોત સાચવી રાખનાર દૃષ્ટા સેવક : મોહન હી હી |
| હેમંત શાહ | ૧૫ | જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ ભાગ : ૩ |
| ભદ્રા – વિક્રમ સવાઈ | ૧૮ | તિલોર |
| સંકલિત | ૨૦ | તીસ સાલ – સંઘર્ષો કી મશાલ |
| રજની દવે | ૨૨ | સીધું ને સટ્ટ : નર્મદા એવોર્ડનો ભંગ થયો છે |
| જયનારાયણ વ્યાસ | ૨૩ | ભારત માટે ભય પેદા કરતો ચીનનો 'પાણિયારો' ડેમ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | મને જવા દો |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ખબર પડતી નથી. મુક્કો મારવા છતાં પણ કોઈનું ધ્યાન ખંડિત થતું નથી. કોઈને સોય લગાવવા છતાં પણ ધ્યાન ભંગ થતું નથી. એવી પણ કલ્પના કરી શકાય કે ઑપરેશન થઈ રહ્યું છે પરંતુ ચિત્તની પરિપૂર્ણ એકાગ્રતાને લીધે થઈ રહેલ ઓપરેશનનો અને તેને લીધે થતી વેદનાનો આભાસ જ થતો નથી.

વળી ચિત્તની એકાગ્રતા એ કોઈ મોટી વાત નથી, પણ ચિત્તની સાવધાનતા - સજાગતા એ બહુ મોટી વાત છે. જેવી રીતે અનેકાગ્રતા એ શક્તિ છે, તેવી રીતે એકાગ્રતા પણ શક્તિ છે. આ આધ્યાત્મિક વસ્તુ નથી. આપણું ચિત્ત હમેશાં સાવધાન છે એટલે કે પોતાના મૂળ સ્થાન પર છે, એવું હોવું જોઈએ. એકાગ્રતાની પોતાની કિંમત છે, પણ આપણને ચોવીસે કલાક જે વસ્તુની જરૂર છે તે છે - સાવધાનતા. આપણી ઉપર હુમલા ન થાય, આપણે ગાફેલ ન રહીએ, બસ આ જ છે સાવધાનતા.

એકાગ્રતામાં વિક્ષેપ પડવાનાં બે કારણો છે - (૧) શૂન્યાગ્રતા, એટલે કે જડતા, મંદતા, આળસ, નિદ્રા વગેરે, (૨) અનેકાગ્રતા. પહેલો વિક્ષેપ આપણા તમોગુણનું પરિણામ છે, તો બીજો રજોગુણનું.

અનેકાગ્રતા વિવિધ આકર્ષણોમાં રહેલી છે. જ્યાં ચિત્ત પર અનેક પ્રકારના સંસ્કારો પડે છે, ત્યાંના સંસ્કાર ચિત્તને અશુદ્ધ, મલિન બનાવે છે. કોઈક સંસ્કાર દર્શનના, શ્રવણના, સ્પર્શના, સંગતિના, વાચન-પઠનના, પૂર્વજન્મના કે આનુવાંશિક - આમ જાતજાતના સંસ્કારો ચિત્ત પર કંઈ ને કંઈ મલિન અસર કરતા હોય છે. આવા સંસ્કાર તત્કાળ તો અસર કરે જ છે, પણ પછી લાંબા સમય બાદ પણ સ્મૃતિમાં રહે છે. મનુષ્ય રાત્રે સપનું જુએ છે, તે એક પ્રકારનું સ્મરણ જ છે અને જાગૃતિમાં જૂના પુરાણાનું સ્મરણ થાય છે, તે પણ એક પ્રકારથી જાગૃતિનું સ્વપ્ન જ છે. આ જે સંસ્કારોથી ભરેલું મન છે, સ્વપ્ન જોનારું મન છે - તેને લીધે જ ચિત્ત અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં બસ દોડ્યે રાખે છે.

માણસ એકાગ્રતાથી ચલિત થાય છે. આનું કારણ એ છે કે તેના મન પર વિવિધ પ્રકારની સ્મૃતિઓનો પુટ રહેલો હોય છે. થોડાક સંસ્કારો પૂર્વજન્મોની સ્મૃતિઓ સાથે સંકળાયેલા હોય છે, જેનું આપણે સંશોધન કરી શકતા નથી. સોબતને લીધે પણ ચિત્ત પર જે સંસ્કાર પડે છે - એનાથી પણ ચિત્ત ભટક્યા કરે છે. આ ચિત્તમાં અનેક પ્રકારની સ્મૃતિઓ હોય છે, જેને લીધે ચિત્ત સ્મૃતિ-સંકટ બને છે. આ જ અપવિત્રતા છે, આ જ અસ્વચ્છતા છે. આપણે આવા સંસ્કારોને ધોઈ શકીએ, તો પછી ચિત્તને એકાગ્ર થવામાં વિલંબ નહીં થાય.

સામાન્ય મનુષ્યે જો ચિત્તને એકાગ્ર કરવું હશે તો તે એકથી વધારે કામ નહીં કરી શકે. અને જ્ઞાની પુરુષ અનેક કામો કરવા છતાં પણ પોતાના ચિત્તની એકાગ્રતાને સાધી લે છે.

મનુષ્યમાત્રને એકાગ્રતા અને અનેકાગ્રતા, આ બંનેની જરૂર પડે છે. રસોઈ બનાવવી છે તો આ બાજુ ચૂલો સળગે છે, એક બાજુ રોટલી શેકાય છે તો બીજી બાજુ રોટલી વણાઈ રહી છે. અહીં પણ ધ્યાન આપવું પડે અને ત્યાં પણ ધ્યાન આપવું પડે છે. આમ, જ્યાં અનેકાગ્ર થવું પડે તેમ હોય ત્યાં અનેકાગ્ર થવું જોઈએ.

ચિત્તની એકાગ્રતાની અંતિમ પરિણતિ ચિત્તની નિર્વિકારતામાં થાય છે, એનાથી વધારે બીજો કોઈ આનંદનો અનુભવ ન હોઈ શકે.

ચિત્તની એકાગ્રતા યોગની સમાપ્તિ નથી. પણ ત્યાંથી યોગની શરૂઆત છે.

એકાગ્રતામાં શક્તિ ચોક્કસ છે, પણ જો તે અયોગ્ય હશે તો એનાથી માણસ રાક્ષસ જ બની જશે. જે વાસના પર ચિત્ત એકાગ્ર કરવું છે, તે જો અશુભ હશે તો બધું સમાપ્ત. તીવ્ર સંકલ્પશક્તિ હશે તો ચિત્તશુદ્ધિ વગર પણ ધ્યાન સધાય છે. રાવણને ચિત્તશુદ્ધિ કર્યા વગર ધ્યાન સધાયું હતું. એને એકાગ્રતા આવી ગઈ, તો ભગવાન પ્રસન્ન થઈ ગયા. ભગવાને એને વરદાન માંગવા કહ્યું. અને રાવણે વરદાન માંગ્યું - સંહારશક્તિ મેળવવાનું. આનું શું પરિણામ આવ્યું ? તે સંહારક વિનાશક બન્યો અને એનો પોતાનો પણ વિનાશ કર્યો. ચિત્ત શુદ્ધ કર્યા વગર ધ્યાન સાધ્યું - માટે આવું થયું.

(અપૂર્ણ)

---

## સૉક્રેટીસ ઉવાચ... (પાન ૦૭નું ચાલુ)

ભારતીય રાજકારણી : અત્યારે તો મને ડર છે કે અમે વિકાસની ગાડી ચૂકી ગયા છીએ. ચીન જેવાં અન્ય રાષ્ટ્રો આગળ વધી રહ્યાં છે જ્યારે અમે તેમને પકડવા માટે સંઘર્ષ કરી રહ્યા છીએ. સૉક્રેટિસ, હું હવે જોઈ શકું છું કે ભારતનો સૌથી મોટો દુશ્મન ચીન કે કોઈ વિદેશી શક્તિ નથી, પરંતુ તેની પોતાની નીતિઓ છે. મને થાય છે કે અમે આ વહેલા સમજી લીધું હોત તો અમારી દશા આવી દયનીય ન હોત.

સૉક્રેટિસ : સાચું શાણપણ, મારા મિત્ર, જીવતા લોકોમાં પણ દુર્લભ છે. પરંતુ જો જીવતા લોકો મૃતકો પાસેથી શીખી શકે, તો કદાચ તેઓ એ જ ભૂલોનું પુનરાવર્તન ન કરે. આશા રાખીએ, તમારા અનુગામીઓ આપણો સંવાદ સાંભળતા હશે અને તેમાંથી કોઈ બોધપાઠ લેતા હશે. અને જો તેમ થાય તો કદાચ, સમય જતાં, ભારત ફક્ત વિદ્વાનો જ નહીં, પણ સમૃદ્ધિના સોદાગરો અને શાણપણના શોધકોને પણ ઉછેરશે - જેઓ, તમારી જેમ, પ્રશ્ન પૂછવાનું મહત્ત્વ સમજવા લાગશે.

ભારતીય રાજકારણી : તેઓએ તેમ કરવું જોઈએ. અને મને અફસોસ છે કે, મારા સમય દરમિયાન, મેં આ માટે હિમાયત કરી ન હતી. પરંતુ જો મારા ઉત્તરાધિકારીઓ મારી સલાહ માગે તો તેમને હું કહીશ : જ્ઞાનમાં રોકાણ કરો, શિક્ષણ અને સંશોધન માટે ઉદારતાથી ભંડોળ આપો, નિયમોના બ્રિટીશ જમાનાના આટા-પાટા દૂર કરો અને ધીરજ રાખો. કારણ કે સાચી પ્રગતિ ચૂંટણીઓ જીતવાથી નહીં પરંતુ ભાવી પેઢીઓના વિકાસથી માપવામાં આવે છે.

૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨ - પ્રવીણ જ. પટેલ
મોબાઇલ : ૯૮૭૯૭૬૩૦૮૩, ઈ મેલ : pravin1943@gmail.com



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સૉક્રેટિસ ઉવાચ-૮ : સૉક્રેટિસ અને ભારતીય રાજકારણી વચ્ચે એક કાલ્પનિક સંવાદ

*(સૉક્રેટિસ અને એક ભારતીય રાજકારણી વચ્ચેનો આ કાલ્પનિક સંવાદ સંશોધન અને ટેક્નોલોજીમાં ચીનની પ્રગતિ સાથે તાલમેલ જાળવવામાં ભારતની નિષ્ફળતા અંગે છે. ભારતીય રાજકારણી શરૂઆતમાં નસીબને દોષ આપે છે, અને સૉક્રેટિસ તેને પ્રશ્નો પૂછીને સમજાવે છે કે વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે ભારતની પ્રગતિને અવરોધતાં પરિબળો વાસ્તવમાં તેની જૂનીપુરાણી શિક્ષણ પ્રણાલી, અપૂરતું સંશોધન ભંડોળ અને ટૂંકા ગાળાની રાજકીય માનસિકતા છે. જ્યારે ચીન વ્યૂહાત્મક રીતે AI, બાયોટેક્નોલોજી અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ જેવાં અત્યાધુનિક ક્ષેત્રોમાં રોકાણ કરે છે, ત્યારે ભારત ગોખણપટ્ટી પર આધારિત શિક્ષણ, અમલદારશાહીના બિનકાર્યક્ષમ આટાપાટા, અને લાંબા ગાળાના દષ્ટિકોણના અભાવને કારણે પાછળ રહે છે. સૉક્રેટિસ ભાર મૂકે છે કે વિવેચનાત્મક વિચારસરણી અને નવીનતા ત્યારે જ ખીલી શકે છે જ્યારે યોગ્ય રીતે તેનું પોષણ કરવામાં આવે. ભારતીય રાજકારણી આખરે સ્વીકારે છે કે ભારતનો સૌથી મોટો પડકાર વાસ્તવમાં ચીન નથી પરંતુ તેની પોતાની ખામીયુક્ત નીતિઓ છે. આ સંવાદ ભારતની શિક્ષણ અને સંશોધન નીતિઓની ખામીઓને ઉજાગર કરીને ભવિષ્યના નેતાઓને સતત પ્રગતિ માટે જ્ઞાન, શિક્ષણ અને સંશોધન માટે ઉદાર અને વ્યૂહાત્મક રોકાણને પ્રાથમિકતા આપવાનું સૂચન કરે છે.)*

પાર્શ્વ ભૂમિ : સ્વર્ગના એક મનોહર જળાશય આગળ ગ્રીક ફિલોસોફર સૉક્રેટિસ આરસપહાણની બેન્ચ પર બેઠા બેઠા જગતનાં રહસ્યો અંગે વિચારમગ્ન છે. ત્યાં તાજેતરમાં જ સ્વર્ગે સિધાવેલ ભારતના એક રાજકારણી આવે છે. દેખીતી રીતે જ તે હતાશ હોય એવા દેખાય છે. અને સૉક્રેટિસને જોતાં જ તે વાતોએ વળગે છે.

ભારતીય રાજકારણી : હલ્લો, સૉક્રેટિસ! હું ઘણા લાંબા સમયથી તમારો પ્રશંસક રહ્યો છું. હવે જ્યારે હું અહીં આવ્યો છું, ત્યારે મારે તમારી મદદ લેવી જોઈએ.

સૉક્રેટિસ : આવો, આવો, મિત્ર. સ્વર્ગમાં તમારું સ્વાગત છે.

ભારતીય રાજકારણી : સૉક્રેટિસ, મને એક વિચારથી પીડા થાય છે. ચીને હમણાં જ ડીપસીક (DeepSeek), નામનું એક અદ્યતન AI ચેટબોટ વિકસાવ્યું અને સમગ્ર વિશ્વમાં તેનો ડંકો વાગી ગયો. કહેવાય છે કે ચીન વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે. અને તાજેતરમાં તેણે આવી ઘણી બધી ક્રાંતિકારી શોધો કરી છે. જ્યારે મારો પ્રિય ભારત દેશ હજુ આટલી બધી સિદ્ધિઓ મેળવી શક્યું નથી. અમે દુનિયામાં અમારો ડંકો વાગી ગયો એવી ડંફાસ તો મારીએ છીએ પણ ચીનની તુલનામાં અમે ઘણા પાછળ પડી ગયા છીએ. ભાગ્ય અમને કેમ સાથ આપતું નથી, સૉક્રેટિસ?

સૉક્રેટિસ : મારા મિત્ર, તમે એવું માનો છો કે કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર ફક્ત ભાગ્ય ઉપર જ હોય છે?

ભારતીય રાજકારણી : તમે શું કહેવા માગો છો? ભારત મહાન દેશ છે! અમારા લોકો પણ બુદ્ધિશાળી છે. અમે ચીનાઓ કરતાં લગીરે ઓછા સક્ષમ નથી. હા, ફરક માત્ર એટલો જ છે કે તેઓ હાલમાં અસાધારણ ગતિએ આગળ વધી રહ્યા છે, અને અમે થોડા પાછળ પડી રહ્યા છીએ.

સૉક્રેટિસ : અચ્છા, તમે માનો છો કે ચીનના લોકો કરતાં તમે ઓછા સક્ષમ નથી.

ભારતીય રાજકારણી : અલબત્ત, સૉક્રેટિસ. અમે પણ અવકાશ વિજ્ઞાન, મિસાઈલ ટેક્નોલોજી વગેરેમાં પ્રગતિ કરી છે. હવે તો અમે સંરક્ષણ માટે જરૂરી સરંજામ પણ થોડો ઘણો એક્સપોર્ટ કરીએ છીએ.

સૉક્રેટિસ : તો તમને પીડા કઈ વાતની છે?

ભારતીય રાજકારણી : અમે અમારા દેશને વિશ્વગુરુ માનીએ છીએ, છતાં અમે અમારા પડોશી દેશ ચીન સાથે પણ કદમ મિલાવી શકતા નથી. અમારું બુદ્ધિધન, અમારા તેજસ્વી યુવાનો, પશ્ચિમના વિકસિત દેશોમાં જતા રહે છે. અને બીજી બાજુ ચીન દરેક ક્ષેત્રમાં કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે. અમારા આવા દુર્ભાગ્યનું કારણ શું છે?

સૉક્રેટિસ : મને આશા છે કે તમે મારી સાથે સંમત થશો કે દરેક રાષ્ટ્ર તેનાં પોતાનાં પરાક્રમોથી તેનું ભાગ્ય ઘડે છે. તમે કહો છો કે ભારતના તેજસ્વી યુવાનો દેશ છોડીને જતા રહે છે. પણ તમે મને કહો, તેઓ કેમ તમારા દેશમાં રહેવાનું પસંદ કરતા નથી?

ભારતીય રાજકારણી : તેઓ પરદેશ જતા રહે છે કારણ કે બીજા દેશોની યુનિવર્સિટીઓ અમારી યુનિવર્સિટીઓ કરતાં વધુ સારી છે. અમારા લોકોને ત્યાં વધુ સારી તકો મળે છે- સુસજ્જ પ્રયોગશાળાઓ, ઉત્તમ પ્રાધ્યાપકો, સંશોધન માટે અપાર ભંડોળ અને ઊંચા પગારની નોકરીઓ. જ્યારે અમારી યુનિવર્સિટીઓ ક્રાંતિકારી સંશોધનને પ્રોત્સાહન આપતી નથી.

સૉક્રેટિસ : સરસ. તમે દાવો કરો છો કે તમારી યુનિવર્સિટીઓ ઉચ્ચ કક્ષાનાં સંશોધનોને પ્રોત્સાહન આપતી નથી. ચાલો આપણે નવી અને ઉત્તમ શોધો માટેની આવશ્યક શરતોની તપાસ કરીએ. તમે મને કહો કે જ્ઞાન અને વિજ્ઞાનના વિકાસ માટે શ્રેષ્ઠ રીત કઈ? જૂના પુરાણા જ્ઞાનને માત્ર કંઠસ્થ કરવાની કે તાર્કિક રીતે વિચાર કરવાની પદ્ધતિ?

ભારતીય રાજકારણી : તાર્કિક વિચાર પદ્ધતિ દ્વારા જ જ્ઞાનનો વિકાસ થાય. જે સિસ્ટમ વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપે તે વધુ સારા સંશોધકો ઉત્પન્ન કરશે.

સૉક્રેટિસ : અને મને કહો, શું ભારતીય શિક્ષણ પ્રણાલી પ્રશ્નો પૂછવાને પ્રોત્સાહન આપે છે?

ભારતીય રાજકારણી : જેટલું જોઈએ તેટલું નહીં. અમારા વિદ્યાર્થીઓ ઊંડાણપૂર્વક પૂછપરછ કરવાને બદલે પરીક્ષા પાસ કરવા માટે જવાબો યાદ રાખવા પર વધુ ભાર મૂકે છે. અમારા વિદ્યાર્થીઓમાં કંઈક નવું કરવાની માનસિકતાનો અભાવ છે. તેઓ પ્રશ્ન કરવાને બદલે ગોખણપટ્ટી કે યાદશક્તિ પર વધુ ભાર મૂકે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સૉક્રેટિસ : જો તમે વિદ્યાર્થીઓની એવી પેઢી તૈયાર કરવા ઇચ્છો છો જે સ્વીકૃત ધારણાઓને પડકારે, સત્ય શોધે અને અજાયબીઓ બનાવે, તો તમારે પહેલાં તેમને પ્રશ્ન પૂછવાનું શીખવવું જોઈએ, જેમ હું તમને પ્રશ્ન પૂછું છું તેમ. જો કોઈ શિક્ષણપ્રણાલી પ્રશ્નો પૂછનારને નિરુત્સાહિત કરે તો તે સક્ષમ વિચારકો કેવી રીતે ઉત્પન્ન કરી શકે ? જો તમે ઇચ્છો છો કે તમારા વિદ્યાર્થીઓ વિવેચનાત્મક રીતે વિચારે અને નવીનતા લાવે, તો શું તમારે પહેલાં તેમને અંધ ભક્ત બનીને જે કહેવામાં આવે તે બધું વગર વિચારે સ્વીકારવાને બદલે પ્રશ્ન પૂછવાનું શીખવવું જોઈએ નહીં?

ભારતીય રાજકારણી : તે ખરેખર એક સમસ્યા છે.

સૉક્રેટિસ : તો, મને કહો, શું ભારતે ચીનની નવીન શોધોની ઇર્ષ્યા કરવી જોઈએ કે સંશોધન અને શિક્ષણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતામાંથી શીખવું જોઈએ?

ભારતીય રાજકારણી : અલબત્ત, અમારે શીખવું જોઈએ! પરંતુ અમે સદીઓથી ચાલતી આવતી અમારી શિક્ષણ પદ્ધતિ કેવી રીતે બદલી શકીએ? તેમાં તો ઘણો ખર્ચ થાય.

સૉક્રેટિસ : મારા મિત્ર, તમે મને કહો, એક છોડને એક શક્તિશાળી વૃક્ષ બનવા માટે શું જોઈએ છે?

ભારતીય રાજકારણી : ફળદ્રુપ જમીન, સૂર્ય પ્રકાશ અને ખાતર-પાણી.

સૉક્રેટિસ : અને જો કોઈ માળી આવી આવશ્યક વસ્તુઓ આપ્યા વિના એક કુમળા છોડને મજબૂત વૃક્ષ બનાવવાની આશા રાખે તો શું થાય ?

ભારતીય રાજકારણી : સ્વાભાવિક રીતે જ તે છોડ સુકાઈ જશે.

સૉક્રેટિસ : શું કુંભાર યોગ્ય ચાકડા અને ભઠ્ઠી વિના સુંદર ઘડો બનાવી શકે?

ભારતીય રાજકારણી : બિલકુલ નહીં. યોગ્ય સાધનો વિના, સૌથી કુશળ કારીગર પણ અપંગ જેવો થઈ જાય.

સૉક્રેટિસ : જો કોઈ કારીગર ઉત્તમ સાધનો બનાવવા માંગે છે, તો શું તેને યોગ્ય વર્કશોપની જરૂર ન પડે?

ભારતીય રાજકારણી : અલબત્ત! કોઈ પણ કારીગર યોગ્ય સાધનો અને સુસજ્જ કાર્યસ્થળ વિના સારી રીતે કામ કરી શકે નહીં.

સૉક્રેટિસ : અને જો એક કારીગર પાસે અત્યાધુનિક સુવિધાઓ હોય અને બીજો ક્ષતિગ્રસ્ત શેડમાં કામ કરતો હોય તો કયો કારીગર વધુ સારાં સાધનો બનાવશે તેવી અપેક્ષા તમે રાખો છો?

ભારતીય રાજકારણી : સ્વાભાવિક રીતે વધુ સારી સુવિધાઓ ધરાવતો કારીગર.

સૉક્રેટિસ : અને તમારા વિદ્યાર્થીઓનું શું? તેમના શિક્ષકોનું શું? વૈજ્ઞાનિકોનું શું? શું તે આધુનિક સાધનો, સગવડો અને પ્રયોગશાળાઓ વિના મહાન શોધો કરી શકે?

ભારતીય રાજકારણી : ના. સંશોધન માટે અદ્યતન સાધનો, સુવિધાઓ અને અનુકૂળ વાતાવરણની જરૂર છે.

સૉક્રેટિસ : શું તમે જાણો છો કે ચીને આ સમસ્યાને કેવી રીતે હલ કરી છે?

ભારતીય રાજકારણી : હા. ચીને શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ, સંશોધન ઉદ્યાનો, અને અત્યાધુનિક પ્રયોગશાળાઓમાં અબજો રૂપિયાનું રોકાણ કર્યું છે. તેમની યુનિવર્સિટીઓ ઉદ્યોગો અને સરકારી એજન્સીઓ સાથે સઘન સહયોગ કરે છે અને ખાતરી કરે છે કે તેમનાં સંશોધનો નવીન ઉપયોગીતાઓમાં પરિણમે.

સૉક્રેટિસ : અને છતાં, તમને આશ્ચર્ય થાય છે કે જેણે અત્યાધુનિક સંશોધન માળખામાં ભારે રોકાણ કર્યું છે તે ચીન, નવીનતામાં ભારતને પાછળ છોડી રહ્યું છે. જો ચીન આર્ટિફિશિયલ ઈંટેલીજન્સ, બાયોટેકનોલોજી, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, અવકાશ સંશોધન અને અન્ય ક્ષેત્રોમાં હરણફાળ ભરે તો તેમાં નવાઈ પામવા જેવું શું છે? ભલા માણસ, તમે એક વાત સમજો. સંશોધનો રાતોરાત ફળ આપતાં નથી. તમને ખબર છે કે પહેલો ઇલેક્ટ્રિક બલ્બ કોણે શોધ્યો હતો? અને કેટલા પ્રયત્નો પછી?

ભારતીય રાજકારણી : હા, મેં સાંભળ્યું છે કે અમેરિકન સંશોધક થોમસ એડિસને (Thomas Edison) ઈ.સ. ૧૮૭૯માં પહેલો ઇલેક્ટ્રિક બલ્બ શોધ્યો હતો. અને કહેવાય છે કે તેણે હજાર કરતાં વધુ પ્રયત્નો કર્યા પછી આ બલ્બ શોધ્યો હતો.

સૉક્રેટિસ : બરાબર. અને થોમસ એડિસને કહ્યું હતું કે "I have not failed. I've just found 10,000 ways that won't work."

ભારતીય રાજકારણી : પણ તમે કહેવા શું માગો છો, સૉક્રેટિસ?

સૉક્રેટિસ : મારો કહેવાનો અર્થ એ છે કે સંશોધનની પ્રક્રિયા ટ્રાયલ અને એરર ઉપર આધારિત છે. તમે કશુંક નવું બનાવવાનો પ્રયત્ન કરો તો નવી વસ્તુ રાતોરાત બની જતી નથી. નવી વસ્તુ બનાવતાં તમે ભૂલો કરો, પછી ફરી પ્રયત્ન કરો, વળી તેમાં પણ કોઈ ભૂલ રહી જાય તો નવેસરથી તમારે શ્રી ગણેશ કરવા પડે. આમ તેમાં ઘણા પ્રયત્નો કરવા પડે છે અને ઘણો ખર્ચો પણ કરવો પડે છે. Research is the function of funds, મારા મિત્ર. અને તેમાં ઘણી ધીરજ પણ રાખવી પડે છે.

ભારતીય રાજકારણી : હા, ભારતમાં અમે લોકો કહીએ છીએ કે, ધીરજનાં ફળ મીઠાં.

સૉક્રેટિસ : તો, મને કહો, મારા મિત્ર, જો એક રાષ્ટ્ર તેના વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિકોને ફક્ત ઝાંખા પ્રકાશવાળી અને અપૂરતાં સાધનોવાળી વર્કશોપ પૂરી પાડે, અને બીજું રાષ્ટ્ર તેમના વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિકો માટે જ્ઞાનનું ભવ્ય મંદિર બનાવે, તો કયું રાષ્ટ્ર મહાન શોધો કરે તેવી શક્યતા વધુ છે?

ભારતીય રાજકારણી : અલબત્ત, જ્ઞાનનું ભવ્ય મંદિર ધરાવતો દેશ!

સૉક્રેટિસ : તો એક તરફ ચીન આર્ટિફિશિયલ ઈંટેલીજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને બાયોટેકનોલોજીમાં આગળ વધતું જાય અને બીજી તરફ ભારત તેના તેજસ્વી યુવાનોને જાળવી રાખવા માટે પણ સંઘર્ષ કરી રહ્યું



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હોય તો ચીન તમારાથી આગળ નીકળી જાય તેમાં શી નવી નવાઈની વાત છે?

ભારતીય રાજકારણી : તે આશ્ચર્યજનક નથી, પરંતુ નિરાશાજનક છે. અમારી પાસે બૌદ્ધિક ક્ષમતા છે, પરંતુ અમારી માળખાકીય ઊણપો અમને પાછળ રાખે છે. અમારી પાસે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (IITs) અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc) જેવી કેટલીક અગ્રણી સંસ્થાઓ છે. જોકે મારે કબૂલ કરવું જોઈએ કે અમારી ઘણી યુનિવર્સિટીઓમાં વિશ્વસ્તરીય સંશોધન-માળખાનો અભાવ છે. અમારી ઘણી બધી પ્રયોગશાળાઓ જૂની થઈ ગઈ છે. ભંડોળ દુર્લભ છે તથા અમલદારી તંત્રના જૂના જમાનાના નીતિ-નિયમોના અવરોધો અત્યાધુનિક ટેકનોલોજી મેળવવાનું મુશ્કેલ બનાવે છે.

સૉક્રેટિસ : અને ભારતમાં પરદેશો જેવી સંશોધનોની સગવડો અને તકો પૂરી પાડવા માટે કોણ જવાબદાર છે? શું તે આકાશમાં વાદળોની જેમ સ્વયં પેદા થાય છે, કે પછી તે સત્તામાં રહેલા લોકો દ્વારા પૂરી પાડવામાં આવે છે?

ભારતીય રાજકારણી : અલબત્ત, તે શાસકો અને નીતિ નિર્માતાઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે.

સૉક્રેટિસ : તો પછી મને કહો, શું કોઈ ખેડૂત બીજને સારી રીતે વાવ્યા વિના અને જમીનને યોગ્ય રીતે ખાતર-પાણી આપ્યા વિના ખરાબ પાક આવ્યાનો શોક કરે તો તે માટે કોણ જવાબદાર? શું સંશોધનને પણ પોષણની જરૂર નથી? જો કોઈ રાષ્ટ્ર નવીન શોધો કરવામાં શ્રેષ્ઠ બનવા માંગે છે, તો શું તેણે જ્ઞાનનાં ક્ષેત્રોમાં પૂરતા રોકાણ રૂપી ખાતર-પાણી ન આપવાં જોઈએ?

ભારતીય રાજકારણી : પરંતુ, અમારી સરકારો પણ શિક્ષણ સંસ્થાઓ અને સંશોધન કેન્દ્રોને નાણાંકીય સહાય તો કરે જ છે.

સૉક્રેટિસ : તમારી વાત સાચી. તમારી સરકારો આવી સંસ્થાઓને અનુદાન આપે છે. પણ ચીનની સરખામણીમાં કેટલું?

ભારતીય રાજકારણી : એટલે?

સૉક્રેટિસ : તમે મને કહો, શું ચીન અને ભારતની અર્થવ્યવસ્થા એકસરખી છે?

ભારતીય રાજકારણી : ના, ચીનની અર્થવ્યવસ્થા અમારા કરતાં ઘણી મોટી છે. ચીનનો GDP લગભગ ૧૮ ટ્રિલિયન છે, જ્યારે ભારતનો GDP લગભગ ૩.૭ ટ્રિલિયન છે.

સૉક્રેટિસ : હવે તમે મને કહો, ભારત અને ચીન રિસર્ચ અને ડેવલપમેન્ટ (R&D)માં કેટલું રોકાણ કરે છે?

ભારતીય રાજકારણી : ભારત તેના GDPના લગભગ ૦.૭ ટકા R&D પર ખર્ચ કરે છે, જ્યારે ચીન લગભગ ૨.૫ ટકા ખર્ચ કરે છે.

સૉક્રેટિસ : અને જો ચીન તેના GDPના ૨.૫ ટકા R&D માટે નિવેશ કરે અને ભારત તેના GDPના એક ટકા કરતાં પણ ઓછો ભાગ R&D માટે રોકે, તો કયો દેશ સરવાળે વધુ ખર્ચ કરે છે ?

ભારતીય રાજકારણી : સ્વાભાવિક રીતે જ ચીનનો કુલ ખર્ચ વધુ થાય. ચીન R&D પર ૪૫૦ બિલિયનથી વધુ ખર્ચ કરે છે, જ્યારે ભારત ભાગ્યે જ ૩૦ બિલિયન ખર્ચ કરે છે. વાસ્તવિક કુલ રોકાણમાં મોટો તફાવત રહેલો છે.

સૉક્રેટિસ : હવે મને કહો, ભારત અને ચીન શિક્ષણમાં કેટલું રોકાણ કરે છે?

ભારતીય રાજકારણી : ભારત તેના GDPના ૩.૫ ટકા શિક્ષણ માટે ખર્ચે છે જ્યારે ચીન તેના GDPના ૪.૦૨ ટકા ખર્ચે છે. એટલે કે ભારત શિક્ષણ પર કુલ ૧૬૫.૬ બિલિયન ખર્ચે છે, જ્યારે ચીન ૭૧૨.૯૪ બિલિયન ખર્ચે છે. આમ ચીનનું શિક્ષણ પરનું કુલ રોકાણ ભારત કરતાં ૫૪૭.૩૪ બિલિયન વધુ છે.

સૉક્રેટિસ : મારા મિત્ર, જો બે ખેડૂતો ખેતી કરવા માગતા હોય, પરંતુ એક ખેડૂત પાસે વિશાળ ફળદ્રુપ જમીન હોય અને બીજા પાસે જમીનનો માત્ર એક નાનો ટુકડો હોય, તો કોણ વધુ પાક પકવશે?

ભારતીય રાજકારણી : અલબત્ત, મોટી અને વધુ ફળદ્રુપ જમીન ધરાવતો ખેડૂત.

સૉક્રેટિસ : તો આ એક વિચિત્ર વાત નથી? તમે કહો છો કે ભારત સંશોધનમાં ચીનને પાછળ છોડી દેવા માંગે છે, છતાં ભારત સંશોધન અને શિક્ષણ માટે ચીન દ્વારા પૂરા પાડવામાં આવતા પોષણથી અનેક ગણું ઓછું પોષણ આપે છે. મને કહો, જો બે યોદ્ધાઓ યુદ્ધમાં પ્રવેશ કરે છે, અને એકને યુદ્ધ પહેલાં પોષક ખોરાક આપીને હૃષ્ટપુષ્ટ કરવામાં આવે અને બીજો ભૂખ્યો રહે, તો કોણ વધુ સારી રીતે લડી શકશે?

ભારતીય રાજકારણી : દેખીતી રીતે જ સારી રીતે પોષાયેલો પહેલવાન સારી રીતે લડી શકશે.

સૉક્રેટિસ : તો પછી જ્યારે ભારતમાં  શિક્ષણ અને સંશોધન કુપોષિત રહે ત્યારે તમે શા માટે અપેક્ષા રાખો છો કે તેનો વિકાસ થાય? ચીન, પોતાની વિશાળ સંપત્તિનો ઘણો મોટો ભાગ શિક્ષણ અને સંશોધન માટે વાપરે છે, તેની સરખામણીમાં ભારતનું રોકાણ કેટલું?

ભારતીય રાજકારણી : ઊંટના મોંમાં જીરા જેટલું.

સૉક્રેટિસ : અને શિક્ષણ અને સંશોધન માટે વપરાતા ભંડોળનો આ તફાવત વિજ્ઞાનની પ્રગતિને અસર કરે કે નહીં?

ભારતીય રાજકારણી : તેનાથી ઘણો ફરક પડે છે! મજબૂત સરકારી સમર્થન સાથે, ચીની વૈજ્ઞાનિકો સંપૂર્ણપણે તેમના કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે, જ્યારે ભારતમાં, ઘણા સંશોધકો નજીવી ગ્રાન્ટ માટે અરજી કરવામાં અને ખર્ચાયેલા દરેક રૂપિયાને યોગ્ય ઠેરવવામાં કિંમતી સમય બગાડે છે. કેટલાક તો હતાશાને કારણે સંશોધનને સંપૂર્ણપણે છોડી દે છે.

સૉક્રેટિસ : મને કહો, શું તમે માનો છો કે જે રાષ્ટ્ર તેના વિદ્યાર્થીઓને, વિચારકોને કે વૈજ્ઞાનિકોને ઓછું ભંડોળ પૂરું પાડે તે ક્યારેય સંશોધનોમાં વિશ્વનું નેતૃત્વ કરી શકે?



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય રાજકારણી : ના, તે કરી શકતું નથી. યોગ્ય ભંડોળ વિના, તેજસ્વી દિમાગ પણ ક્રાંતિકારી શોધો કરવા માટે સંઘર્ષ કરશે.

સૉક્રેટિસ : તો પછી ભારતે સંશોધનમાં પોતાનું રોકાણ કેમ વધાર્યું નથી?

ભારતીય રાજકારણી : એક તો અમારાં સંસાધનો ટાંચાં છે. બીજું, સરકારમાં ઘણા લોકો સંશોધનને બિનજરૂરી ખર્ચ તરીકે જુએ છે, તેને રોકાણ નથી સમજતા. તેઓ તાત્કાલિક જરૂરિયાતો – મફત અનાજ અને સબસિડી જેવી મત જીતવા માટેની રાજકીય યોજનાઓ અને તેના પ્રચાર પર ખર્ચ કરવાનું પસંદ કરે છે. અમે ભારતના રાજકારણીઓ મતદારોને રીઝવવા માટે ટૂંકા ગાળાના ફાયદા ઉપર વધુ ધ્યાન આપીએ છીએ. અમે અમારા લોકોને મફતમાં સગવડો આપવાની હરીફાઈ કરીએ છીએ. શિક્ષણ અને સંશોધન ઝડપી અને નજરે દેખાય તેવો ફાયદો આપતું નથી. તેથી અમે લોકો તેની ઉપર વધુ ધ્યાન નથી આપતા. જ્યારે, ચીનમાં સરકાર તેની શિક્ષણ સંસ્થાઓ અને સંશોધનમાં ભારે રોકાણ કરે છે, ખાતરી કરે છે કે તેમના વિદ્વાનોને જરૂરી સંસાધનો મળી રહે.

સૉક્રેટિસ : પણ, મારા મિત્ર, તમે મને કહો, શું ચીને રાતોરાત પ્રગતિ કરી? જ્યારે ચીને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અગ્રણી બનવાનું નક્કી કર્યું, ત્યારે શું તેઓ તાત્કાલિક પરિણામો મેળવવા માગતા હતા, કે તેઓએ ભવિષ્ય માટે યોજના બનાવી હતી?

ભારતીય રાજકારણી : એક જમાનામાં અમે ચીન કરતાં ઘણા આગળ હતા. પરંતુ પછી ચીને ભવિષ્ય માટે યોજના બનાવી. દાયકાઓ પહેલાં, ચીને સંશોધન, ટેકનોલોજી પાર્ક અને ઉચ્ચ શિક્ષણમાં વ્યૂહાત્મક રોકાણો કર્યાં. હવે, તેઓ તેનાં ફળ મેળવી રહ્યા છે. અને અમે પાછળ પડી ગયા.

સૉક્રેટિસ : તો શું ભારત ચીન સાથે સ્પર્ધા કરવા માગતું હોય તો તેણે પણ આવું જ ન કરવું જોઈએ?

ભારતીય રાજકારણી : તેમ કરવું જોઈએ. પરંતુ ભારતના રાજકારણીઓ અને અમલદારોની માનસિકતા બદલવી સરળ નથી. ઘણા રાજકારણીઓ અને અમલદારો જ્યાં સુધી સંશોધનોના ફાયદા નજરોનજર ન જુએ ત્યાં સુધી તેઓ સંશોધનનું મૂલ્ય સમજતા નથી

સૉક્રેટિસ : અને છતાં, શું એક શાણા નેતાનું કર્તવ્ય નથી કે તે પ્રગતિના મૂળનું સિંચન કરે અને તેનાં તાત્કાલિક ફળની અપેક્ષા ન રાખે?

ભારતીય રાજકારણી : હા, અમારા પૂર્વજો કહેતા હતા કે ઉતાવળે આંબા ન પાકે. પરંતુ અમારા રાજકારણમાં શાણપણ દુર્લભ છે. ઘણા નેતાઓ લાંબા ગાળાના વિકાસ કરતાં ટૂંકા ગાળાના લાભોને પ્રાથમિકતા આપે છે. અમે લોકો ચૂંટણીઓના પ્રચારમાંથી જ ઊંચા આવતા નથી.

સૉક્રેટિસ : મને કહો, મારા મિત્ર, જો કોઈ માણસ આંબાનો છોડ ન વાવે પણ તેનાં ફળ ખાવાની અપેક્ષા રાખે, તો શું તે નિરાશ નહીં થાય?

ભારતીય રાજકારણી : નિરાશ જ થાયને? અમારે ત્યાં કહેવત છે કે, વાવો તેવું લણો.

સૉક્રેટિસ : મારા મિત્ર, મને કહો, જ્યારે કોઈ જહાજ દરિયામાં લક્ષ્ય વિના તણાય છે, ત્યારે આપણે સમુદ્રને દોષ આપવો જોઈએ કે કેપ્ટનને?

ભારતીય રાજકારણી : આપણે કેપ્ટનને દોષ આપવો જોઈએ, કારણ કે જહાજને સુરક્ષિત રીતે માર્ગદર્શન આપવું તેની ફરજ છે.

સૉક્રેટિસ : તો મને કહો, ભારતના જહાજના કેપ્ટન કોણ છે?

ભારતીય રાજકારણી : બેશક, અમે રાજકારણીઓ. રાજકારણીઓ જ નીતિઓ નક્કી કરે છે, સંસાધનો ફાળવે છે અને રાષ્ટ્રની પ્રાથમિકતાઓ નક્કી કરે છે.

સૉક્રેટિસ : અને શું તમારા રાજકારણીઓએ સમજદારીપૂર્વક રાજ્ય કર્યું છે તેમ કહી શકાય?

ભારતીય રાજકારણી : જો હું પ્રમાણિકપણે કહું તો, ના. અમારા નેતાઓ મોટે ભાગે ટૂંકા ગાળાના રાજકીય લાભ પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. તેઓ લાંબા ગાળાના રાષ્ટ્રીય વિકાસ કરતાં ચૂંટણી જીતવાને પ્રાથમિકતા આપે છે.

સૉક્રેટિસ : તો મને કહો, ચીને કયો રસ્તો અપનાવ્યો છે?

ભારતીય રાજકારણી : ચીનના નેતાઓ દાયકાઓથી સ્પષ્ટ દૃષ્ટિકોણ ધરાવે છે. તેઓ લાંબા ગાળાનાં લક્ષ્યો નક્કી કરે છે અને તેમને સતત અનુસરે છે. તેઓ રાજકીય હુંસાતુંસી કરતાં રાષ્ટ્રીય વિકાસને પ્રાથમિકતા આપે છે.

સૉક્રેટિસ : અને પરિણામ શું આવ્યું છે?

ભારતીય રાજકારણી : ચીન આર્ટિફિશિયલ ઇંટેલીજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, સૌર ઊર્જા, બાયોટેકનોલોજી અને અદ્યતન ઉત્પાદનમાં વૈશ્વિક નેતા બન્યું છે. તેમની યુનિવર્સિટીઓ વૈશ્વિક રેન્કિંગમાં બહુ આગળ છે, અને તેમના વૈજ્ઞાનિકો ક્રાંતિકારી સંશોધનો કરી રહ્યા છે. અને એ શોધોને આધારે તેમનું અર્થતંત્ર વધુ મજબૂત બની ગયું છે.

સૉક્રેટિસ : અને ભારતનું શું?

ભારતીય રાજકારણી : અમે થોડી પ્રગતિ કરી છે, પરંતુ અમે ચીનથી ઘણા પાછળ છીએ. અમારી યુનિવર્સિટીઓ નિષ્પ્રાણ થઈ ગઈ છે, અમારા ઉદ્યોગો પણ સંશોધન પર ધ્યાન આપતા નથી, અને અમારું શ્રેષ્ઠ બુદ્ધિ-ધન વિદેશમાં તકો શોધે છે.

સૉક્રેટિસ : મને કહો, જો બે દોડવીરો દોડ શરૂ કરે, પરંતુ એક દૃઢ નિશ્ચય સાથે આગળ વધે છે અને બીજો નાની નાની બાબતોથી વિચલિત થઈને ઠોકર ખાય છે, તો કોણ જીતશે?

ભારતીય રાજકારણી : જે દૃઢ નિશ્ચય અને શિસ્ત સાથે દોડે છે તે.

સૉક્રેટિસ : તો પછી એમાં કોઈ આશ્ચર્ય છે કે ચીન આગળ વધી ગયું છે જ્યારે ભારત પાછળ છે?

(જુઓ પાન નં. ૦૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીજીનું તત્ત્વજ્ઞાન

**૧. પ્રાસ્તાવિક :** કોઈપણ અધ્યાત્મવિદ્યાના તાત્ત્વિક આધાર તરીકે તત્ત્વજ્ઞાન આવશ્યક છે. તત્ત્વજ્ઞાન સ્વરૂપત : અધ્યાત્મવિદ્યા નથી, પરંતુ અધ્યાત્મવિદ્યાનો પાયો છે, ભૂમિકા છે. તત્ત્વજ્ઞાન વિના અર્થાત્ તાત્ત્વિક આધાર વિના અધ્યાત્મવિદ્યા સમર્થ બની શકે નહીં. જીવનમાં શું કરવાનું છે તે તત્ત્વજ્ઞાન નિર્ધારિત કરી આપે છે અને તેનાં ઉપાય-સાધન પણ અધ્યાત્મવિદ્યા બતાવે છે. આમ હોવાથી કોઈ પણ સમર્થ અધ્યાત્મવિદ્યા સાથે સંલગ્ન તત્ત્વજ્ઞાન પણ હોય જ છે.

આમ હોવાથી આપણે સમજી લેવું જોઈએ કે ગાંધીજીના અધ્યાત્મ-દર્શનના આધારરૂપ - પાયારૂપ તેની સાથે સંલગ્ન ગાંધીજીનું તત્ત્વજ્ઞાન શું છે ? ગાંધીજીના તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ સમજીએ ત્યાર પહેલાં આપણે સમજી લઈએ કે તત્ત્વજ્ઞાન એટલે શું ? જીવ, જગત, ઈશ્વર અને જીવનના સ્વરૂપ અને તેમના પરસ્પરના સંબંધોના સ્વરૂપ વિશે શાસ્ત્રીય વિચારણા કરનાર શાસ્ત્રને તત્ત્વજ્ઞાન કહેવામાં આવે છે.

તત્ત્વજ્ઞાનની શાસ્ત્રીય વ્યાખ્યા પ્રમાણે વિચારીએ તો ગાંધીજીએ આ વિષયો અંગે કોઈ શાસ્ત્રની રચના કરી નથી અને શાસ્ત્રીય રીતે વિચારીએ તો ગાંધીજીને તત્ત્વજ્ઞાની ન કહી શકાય. આમ છતાં ગાંધીજી અધ્યાત્મ-પુરુષ તો છે જ અને તેમના અધ્યાત્મદર્શન સાથે સંલગ્ન તેમનું તત્ત્વચિંતન પણ હોય જ. તત્ત્વજ્ઞાની ન હોવા છતાં ગાંધીજીએ જીવ, જગત, ઈશ્વર અને જીવન વિશે પ્રચુર ચિંતન અને લેખન કર્યું છે. આમ હોવાથી આપણે તેમનાં લખાણોમાંથી તત્ત્વજ્ઞાન શોધી શકીએ, તેમનું તત્ત્વજ્ઞાન રચી શકીએ.

ગાંધીજીનાં લખાણોમાંથી તેમનું જે તત્ત્વજ્ઞાન નિષ્પન્ન થાય છે તે કંઈક આવું છે.

**૨. જગત :** (૧) ગાંધીજી આ જગતને મિથ્યા ગણતા નથી. આ જગત માયાને કારણે જ ભાસે છે અને વસ્તુત : તેનું કોઈ અસ્તિત્વ નથી - આ માયાવાદીઓની ધારણા છે. ગાંધીજી આ જગતને એક સત્ય હકીકત તરીકે સ્વીકારે છે અને તેથી જ તે જગતની સેવા માટે સમર્પિત છે. આમ છતાં પરમ સત્ય પરમાત્માની તુલનાએ આ જગત સત્ય ન ગણાય. તેની તુલનામાં આ જગત કાંઈક ન્યૂન-સત્તાત્મક છે એમ ગાંધીજી સ્વીકારે છે. આ અર્થમાં ગાંધીજી જગતને સત્યાસત્ય ગણે છે.

(૨) જીવ ઈશ્વરની તુલનાએ અલ્પજ્ઞ અને અલ્પશક્તિમાન છે, પરંતુ જીવ ઈશ્વરને પામીને પોતાના જીવનની પરમ ધન્યતા પામી શકે છે. જીવ ઈશ્વરને પામી શકે અને તે જ જીવનની આખરી નિયતિ છે.

(૩) જીવનનું અંતિમ સત્ય અદ્વૈત છે કે દ્વૈત ? આ વિશે ગાંધીજી કહે છે કે તેઓ અદ્વૈતવાદી છે. સમગ્ર અસ્તિત્વ પરમાત્માનું જ સ્વરૂપ છે અને તે અર્થમાં અદ્વૈત જીવનનું સત્ય છે. આમ છતાં કોઈક સ્વ-રૂપના દ્વૈતનો પણ ગાંધીજી સ્વીકાર કરે છે. તો પછી ગાંધીજી દ્વૈતવાદી છે કે અદ્વૈતવાદી ? ગાંધીજી બંને છે. એક સજ્જને પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ગાંધીજી આ વિષયમાં લખે છે : ''મને હું અદ્વૈતવાદી માનું છું ખરો, પણ દ્વૈતવાદનુંયે હું સમર્થન કરી શકું છું. સૃષ્ટિમાં પ્રતિક્ષણ પરિવર્તન થાય છે, તેથી સૃષ્ટિ અસત્ય, અસ્તિત્વરહિત કહેવાઈ, પણ પરિવર્તન છતાં તેનું એક એવું રૂપ છે જેને સ્વરૂપ કહો, તે રૂપે છે એમ પણ જોઈ શકીએ છીએ, તેથી તે સત્ય પણ છે. તેથી તેને સત્યાસત્ય કહો તો મને અડચણ નથી.''

આમ ગાંધીજીના આ શબ્દોમાં બે સિદ્ધાંતો ફલિત થાય છે. ○ ગાંધીજી અદ્વૈતવાદી છે, છતાં કોઈ સ્વરૂપના દ્વૈતવાદનો પણ સ્વીકાર કરે છે, તેથી ગાંધીજી દ્વૈતાદ્વૈતમાં માને છે તેમ સમજવું જોઈએ. ○ ગાંધીજી આ જગતને પરિવર્તનશીલ તેથી અસત્ય ગણે છે અને પરિવર્તન પાછળ તેનું સ્વ-રૂપ છે. તે રૂપે તે સત્ય છે. આનો અર્થ એમ કે ગાંધીજી જગતને સત્યાસત્ય ગણે છે. આત્યંતિક સત્ય તો માત્ર ઈશ્વર જ છે.

**૩. જીવન :** (૧) જીવન ઈશ્વરનું વરદાન છે અને જીવનનો હેતુ પરમાત્માની પ્રાપ્તિ છે. (૨) અવિદ્યા અને તજ્જન્ય રાગદ્વેષમાંથી મુક્તિ તે જ મુક્તિ છે. (૩) જીવન અને જીવનના વ્યવહારો ત્યાજ્ય નથી. તેથી જીવનના સમાજ સાથેના સંબંધો છોડીને અરણ્ય કે ગુફામાં જવાની જરૂર નથી.

ગાંધીજી જીવનનો સ્વીકાર કરે છે. પ્રાચીન પરંપરા મુજબ ઈશ્વરની ખોજમાં આશ્રમનો ત્યાગ કરીને બહાર એકાંતમાં ચાલ્યા ગયેલા આચાર્ય વિનોબાજીના નાના ભાઈ બાળકોબાને તથા તે જ ઉદ્દેશથી સંન્યાસ લઈ સ્મશાનમાં વાસ કરતા પ્રો. ભણસાળીને એમણે લખેલા પત્રો આ વિષયમાં સારો પ્રકાશ પાડે છે. બાળકોબાજીને ગાંધીજીએ લખ્યું છે : ''તમારા જવાથી મને દુ :ખ થયું છે. મેં આ આશ્રમ હરિદર્શન માટે બનાવ્યો છે. સેવા એનું બાહ્ય અંગ છે. વ્રતપાલન એનું અંતરંગ છે. એ પરિસ્થિતિમાં તમે હરિદર્શનના લોભમાં બહાર ચાલ્યા ગયા એ મારી સમજમાં ન આવ્યું.''

એ જ રીતે પ્રો.ભણસાળીને તેમણે લખ્યું : ''તમારો સંન્યાસ તો ત્યારે જ શોભે જ્યારે તમે જ્ઞાનસહિત પાછા આશ્રમમાં આવીને સેવા કરો. સેવા કરતાં-કરતાં અલિપ્ત રહો. પથ્થરની ગુફા અને મડદાં બાળવાનું સ્મશાન એ ખરી ગુફા નથી કે ખરું સ્મશાન નથી. ખરી ગુફા હૃદયમાં છે. અને સ્મશાન પણ ત્યાં જ છે. આપણે તે ગુફામાં રહી વિકાર-માત્રની રાખ કરીએ ત્યારે જ તે ખરો સંન્યાસ કહેવાય.''

આનો અર્થ સ્પષ્ટ છે - ગાંધીજી આ જીવન, આ જગત અને સેવાપ્રવૃત્તિ છોડીને એકાંતમાં જવાના મતના ન હતા. તેઓ તે રીતે જીવન-જગતને છોડીને ગયા નથી અને અન્ય લોકોને તે રીતે જવા માટે પ્રોત્સાહન પણ આપતા નથી.

(૪) ગાંધીજી જીવનનિષ્ઠ પુરુષ છે, તેથી તેમનું અધ્યાત્મ જીવન-નિષ્ઠ છે, જીવનવિમુખ નથી. ગાંધીજી જીવનને પ્રેમ કરે છે, ચાહે છે. ગાંધીજી જીવનને પ્રભુનો ઉપહાર કે વરદાન માને છે અને તેથી જીવનને પણ ચાહે છે. પરંતુ, તેનો અર્થ એમ નથી કે ગાંધીજી જેવું છે તેવું જીવન સ્વીકારે છે. ગાંધીજી જીવનનો સ્વીકાર કરે છે, પરંતુ સાથેસાથે જીવનનું રૂપાંતર સિદ્ધ કરવા માટે પ્રતિબદ્ધ છે. વ્રતપાલન, સેવા, ભગવત્સ્મરણ અને આખરે સમર્પણ દ્વારા જીવનનું રૂપાંતર થાય તેમ તેઓ કહે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(૫) આત્માર્થી જાગતિક જવાબદારીઓ છોડીને એકાંતમાં ચાલ્યા જાય તો તેમની અધ્યાત્મયાત્રા સુકર, વેગીલી ન બને ? બની શકે ! અને તેથી જ તો બુદ્ધ, શંકર, એકાંતમાં ચાલ્યા ગયા હતા ને ! તો ગાંધીજી એકાંતમાં કેમ ગયા નહીં ? એટલું જ નહીં, ઊલટું બાળકોબા અને ભણસાળીના તે રીતે જવા પ્રત્યે નારાજગી પ્રગટ કરે છે. આમ શા માટે ? તેમ થવાનું કારણ સ્પષ્ટ જ છે. ગાંધીજી આ જગતને છોડીને આત્માર્થી થવાનું પસંદ કરતા નથી; જગત સાથે રહીને, જગત વચ્ચે રહીને આત્માર્થી થવાનું પસંદ કરે છે અને તેથી તેમ કરે છે અને તેમ કહે છે !

હા, ગાંધીજી જગત સાથેના અનુબંધને બદલવાનું કહે છે. આત્માર્થીની આત્મખોજમાં જગત નહીં, જગત સાથેની આસક્તિ બાધા કરે છે. તેથી ગાંધીજી જગતને નહીં, જગત પ્રત્યેની આસક્તિ છોડવાનું કહે છે. કૃષ્ણ અર્જુનને આ જ તો કહે છે : युद्धस्व विगतज्वर : । આ બાબતે ગાંધીજી ગીતાને અનુસરે છે. ગીતા જગતનો નહીં, જગદાસક્તિનો ત્યાગ કરવાનું કહે છે. ગાંધીજી એક ડગલું આગળ ભરે છે. ગાંધીજી માત્ર જગતનો ત્યાગ ન કરવાનું જ કહેતા નથી. જગતની સેવા કરતાં-કરતાં જગદીશને પામવાનું કહે છે, કરે છે. અરે ! ગાંધીજી એક જ નહીં, એક બીજું ડગલું પણ ભરે છે. ગાંધીજી જગતની સેવાને સાધના બનાવે છે અને જગતની સેવા કરતાં-કરતાં જ નહીં, પરંતુ જગતની સેવા દ્વારા જગદીશને પામવાનો કીમિયો દર્શાવે છે, અજમાવે છે. પછી જગત નથી રહેતું, સેવ્ય જગદીશનું જ એક સ્વરૂપ બની જાય છે. 'सर्वं खल्विदं ब्रह्म ।'નો આ જ તો અર્થ છે.

(૬) જગદીશના ખેપિયાઓ જગત છોડીને ચાલ્યા જાય અને જગત તેવું ને તેવું જ રહે ? જેમણે જગદીશની શોધમાં જગત છોડ્યું હતું તેઓ પણ આખરે તો જગતમાં આવ્યા જ ને ! બુદ્ધ, શંકર, રમણ! ગાંધી છોડીને પાછા આવવાનું નથી કહેતા, નથી કરતા ! ગાંધીજી મહાભિનિષ્ક્રમણ નથી કરતા. ગાંધીજી મહાયજ્ઞ કરે છે. પોતાનું જે છે તે સર્વ અને પોતાની સર્વ ઇચ્છાઓ-એષણાઓ યજ્ઞાગ્નિમાં હોમે છે અને અંતે પોતાની જાત પણ 'હે રામ !' - આહુતિમંત્રપૂર્વક હોમી દે છે. આ છે ગાંધીજીનો મહાયજ્ઞ !

(૭) પ્રત્યેક યુગની જગતને જોવાની પોતાની દૃષ્ટિ હોય છે. એક યુગ હતો જ્યારે 'ब्रह्म सत्य जगन्मिथ्या ।'નો ઉદ્‌ઘોષ ગુંજ્યો હતો. બીજો યુગ આવ્યો અને ઉદ્‌ઘોષ બદલાયો. નવો ઉદ્‌ઘોષ છે 'ब्रह्म सत्य जगत् स्फुरणम् ।' ગાંધી આ નવોદ્‌ઘોષના એક પ્રણેતા છે.

**૪. મોક્ષ** : મોક્ષ એટલે શું ?

(૧) જન્મ-મરણ અર્થાત્ પૃથ્વી પરના આ જીવનમાંથી મુક્તિ તે મોક્ષ છે. (૨) અવિદ્યા અને તજ્જન્ય રાગદ્વેષમાંથી મુક્તિ તે મોક્ષ છે.

મોક્ષનાં આ બંને સ્વરૂપો વચ્ચે ભિન્નતા જરૂર છે, પરંતુ વિરોધ નથી. અવિદ્યા અને તજ્જન્ય રાગદ્વેષમાંથી મુક્તિ તો બંનેમાં છે, પરંતુ પ્રથમમાં આ પૃથ્વીલોક પરનાં જીવન અને જન્મનો ઇનકાર છે. બીજામાં આ પૃથ્વીલોકનો, તેના પરના જીવનનો સ્વીકાર છે. ભારતીય ધર્મપરંપરા, વિચારધારા અને જીવનદર્શનમાં આ જગત અને જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થવાની ધારણા દઢમૂલ બની ગઈ છે. આ ધારણાને કારણે આપણી જીવનદૃષ્ટિ જીવનવિમુખ બની ગઈ છે. આપણે જીવનનો મનભર સ્વીકાર કરી શકતા નથી અને આપણે જીવનને મનભર જીવી શકતા નથી. શા માટે જન્મ-મરણમાંથી મુક્ત થવું છે ? શા માટે આ જગતમાંથી મુક્ત થઈને કાંઈક બીજું જ બની જવું છે કે ક્યાંક અન્યત્ર ચાલ્યા જવું છે ?

હિંદુ વિચારધારાનો સ્વીકાર કરનાર સૌ એમ તો સ્વીકારે જ છે કે આ જગત પ્રભુની રચના છે અને પ્રભુ મંગલમય છે. મંગલમય પ્રભુની રચેલી આ સૃષ્ટિ પણ મંગલમય જ હોય. આ મંગલમય સૃષ્ટિમાંથી ફારેગ થઈને બહાર નીકળી જવું, તેને જીવનનો હેતુ શા માટે માનવો ? આ આપણું જીવન પ્રભુપ્રદત્ત છે અને તેથી મંગલમય છે. આ જન્મ-મરણ પણ પ્રભુની જ રચના છે અને તેથી મંગલમય જ છે. જો આમ જ છે તો આ પ્રભુપ્રદત્ત જીવનમાંથી મુક્ત થવું, તેને જીવનનું લક્ષ્ય શા માટે માનવું ?

આ જગત, આ જીવન પ્રભુની રચના છે, અને જીવનને આપણે પ્રભુપ્રદત્ત માનીએ છીએ અને છતાં આ જગત અને જીવન જાણે શેતાનની રચના હોય તેમ તેમાંથી બહાર નીકળી જવાના ધ્યેયને સ્વીકારીને બેઠા છીએ. આ કેવો વિરોધાભાસ છે ! શૂન્યવાદી બૌદ્ધો અને માયાવાદી વેદાંતીઓની અસરને કારણે ભારતીય માનસમાં આ ભ્રામક ધારણા દઢમૂલ બની ગઈ છે. તો શું જીવન જેવું છે તેવું જ બરાબર છે ? આપણે આ અજ્ઞાન, રાગદ્વેષ અને સુખ-દુ :ખથી ભરેલું જીવન જીવવાનું છે ? તેવું જીવન જ જીવવાનું એકમાત્ર સ્વરૂપ છે ? આપણે અજ્ઞાન, સુખ-દુઃખ, જન્મ-મરણની આ ઘટમાળમાંથી પસાર થયા જ કરવાનું છે ? આપણું જીવન જેવું છે તેમાં જ જીવનની ઇતિશ્રી છે ? તો-તો આપણામાં અને પશુમાં ફેર શો રહ્યો ? ના, આ જીવન જેવું છે તેવું સ્વયંપર્યાપ્ત નથી. હવે આપણી સમક્ષ સમસ્યા છે : આ પૃથ્વી અને આ પૃથ્વીલોકના જીવનનો સ્વીકાર કરીને મુક્તિ મળી શકે કે નહીં ? જીવનના ઇન્કાર-યુક્ત નહીં, પરંતુ જીવનના ભરપૂર સ્વીકારયુક્ત મુક્તિ મળી શકે કે નહીં ? આ આપણી સમસ્યા છે.

ગાંધીજીની વિચારધારામાં આ સમસ્યાનો ઉત્તર છે. મુક્તિ એટલે અવિદ્યામાંથી મુક્તિ અને અવિદ્યાજન્ય રાગ-દ્વેષ અને પાપ-પુણ્ય તથા સુખ-દુ :ખમાંથી મુક્તિ. અવિદ્યા, રાગ-દ્વેષ, પાપ-પુણ્ય આદિમાંથી મુક્ત થવાની જરૂર છે. અવિદ્યામુક્ત જ્ઞાનીપુરુષ - મુક્તપુરુષ આ પૃથ્વી પર જન્મ ધારણ કરી શકે અને આ પૃથ્વી પર અવિદ્યામુક્ત જ્ઞાની પુરુષનું જીવન જીવી શકે છે.

આ સુંદર પૃથ્વી પર વારંવાર જન્મ લેવામાં વાંધો શો છે ? શા માટે મહાશૂન્યમાં કે બ્રહ્મમાં વિલીન થઈ જવું છે ? જો ભગવાન પણ આ પૃથ્વીમાતા પર વારંવાર અવતાર ધારણ કરે છે, તો આપણને આ પૃથ્વીલોકના જીવનમાં શો વાંધો છે ? આ પૃથ્વી પર અવિદ્યા એ તજ્જન્ય રાગ-દ્વેષમાંથી મુક્ત થઈને જીવવું અને માનવબંધુઓની સેવા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કરવી - આ ગાંધીજીનું મોક્ષનું દર્શન છે. ગાંધીજી આ પૃથ્વીલોક પર અવિદ્યામુક્ત ભગવાનમય જીવન જીવવાનો આદર્શ આપે છે અને જીવનભર તે આદર્શને સિદ્ધ કરવાનો ભરચક પુરુષાર્થ કરે છે. અંધકારયુક્ત જીવનને બદલે પ્રકાશપૂર્ણ જીવન - આ યથાર્થ મુક્તિ છે. વેદના ઋષિ મુક્તિનું પોતાનું દર્શન આપતા કહે છે :

असतो मा सद् गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्माऽमृतं गमय ।।

તમસ અર્થાત્ અંધકારમાંથી જ્યોતિ અર્થાત્ પ્રકાશપૂર્ણ જીવનમાં પ્રવેશ - આ જ મુક્તિનું યથાર્થ સ્વરૂપ છે. ગાંધીજીને મુક્તિનું આ જ સ્વરૂપ અભિપ્રેત છે. તદનુસાર કાર્ડિનલ ન્યૂમૅન રચિત આ પ્રાર્થના ગાંધીજીની પ્રિય પ્રાર્થના રહી છે : ''પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ.''

**૫. સ્યાદ્‌વાદ :** (૧) સ્યાદ્‌વાદ એટલે શું ? માનવચેતનાનું સ્વરૂપ એવું છે કે કોઈ પણ વિષયનું સર્વાંગસંપૂર્ણ દર્શન તે એકસાથે કરી શકે નહીં. આપણી ચેતના સત્યના એક અંશ કે એક પાસાનું જ આકલન એકસાથે કરી શકે છે. તે જ રીતે માનવભાષાનું સ્વરૂપ એવું છે કે કોઈ પણ વિધાન દ્વારા આપણે કોઈ પણ વિષય, વસ્તુ, વ્યક્તિ કે વિચારને સર્વાંગસંપૂર્ણ સ્વરૂપે વ્યક્ત ન કરી શકીએ. માનવચેતના અને માનવભાષાની આ મર્યાદા, આ એકદેશીયતાને સ્વીકારીને, તેમાંથી જૈન પરંપરામાં સ્યાદ્‌વાદનું પ્રાગટ્ય અને વિકાસ થયાં છે. જૈન તત્ત્વદર્શનનો આ સ્યાદ્‌વાદ વસ્તુત : સાપેક્ષતાનો સિદ્ધાંત છે.

સત્યનું નિરપેક્ષ દર્શન કેવી રીતે ? દર્શનની નિરપેક્ષ અભિવ્યક્તિ કરવી કેવી રીતે ? સત્યના આકલનની અને અભિવ્યક્તિની આ મર્યાદાના સ્વીકારમાંથી સ્યાદ્‌વાદ પ્રગટે છે. જૈનધર્મ નિતાંત અહિંસાપ્રધાન ધર્મ છે. અહિંસાનું આત્યંતિક અને ચરમોત્કર્ષ સ્વરૂપ જૈનધર્મમાં જોવા મળે છે. જ્યારે આ અહિંસા વિચારની દુનિયામાં પ્રવેશ પામે છે, ત્યારે સ્યાદ્‌વાદ પ્રગટ થાય છે. 'હું કહું તે જ સત્ય છે' - આમ કહેવું તે વૈચારિક આક્રમકતા છે, અર્થાત્ વૈચારિક હિંસા પણ છે. સ્યાદ્‌વાદ વૈચારિક સ્વરૂપની અહિંસા છે.

સ્યાદ્‌વાદ અનુસાર અભિવ્યક્તિનાં સાત સ્વરૂપો છે. આને જ સ્યાદ્‌વાદનો સપ્તભંગી ન્યાય કહે છે : (૧) स्यात् अस्ति - કદાચ છે. (૨) स्यात् नास्ति - કદાચ નથી. (૩) स्यात् अस्ति च नास्ति च - કદાચ છે અને નથી. (૪) स्यात् अवक्तव्य - કદાચ અવક્તવ્ય છે. (૫) स्यात् अस्ति च अवक्तव्य च - કદાચ છે અને અવક્તવ્ય છે. (૬) स्यात् नास्ति च अवक्तव्य च - કદાચ નથી અને અવક્તવ્ય છે. (૭) स्यात् अस्ति च नास्ति च अवक्तव्य च - કદાચ છે અને નથી અને અવક્તવ્ય છે.

આ સિદ્ધાંતમાં એકાન્તનો સ્વીકાર નથી. તેથી આ સિદ્ધાંતને 'અનેકાન્તવાદ' પણ કહેવામાં આવે છે, કારણ કે અહીં અનેક દષ્ટિકોણનો સ્વીકાર થયો છે.

(૨) ગાંધીજી અને સ્યાદ્‌વાદ : ગાંધીજી જન્મે હિંદુ છે અને પોતાને હિંદુ ગણાવે છે. આમ છતાં સત્યના સમર્થ શોધક છે, તેથી કોઈપણ ધર્મ કે દર્શનના સારા તત્ત્વને સ્વીકારવામાં અને તરત તેનો અમલ કરવામાં સદા તત્પર છે. તદનુસાર સ્યાદ્‌વાદ પણ તેમની સમક્ષ આવ્યો છે અને સ્યાદ્‌વાદના સત્યનો તેઓ પોતાની રીતે સ્વીકાર કરે છે.

સ્યાદ્‌વાદ વિશે ગાંધીજી લખે છે : ''મને હું અદ્વૈતવાદી માનું છું ખરો, પણ દ્વૈતવાદનુંયે હું સમર્થન કરી શકું છું. સૃષ્ટિમાં પ્રતિક્ષણ પરિવર્તન થાય છે, તેથી સૃષ્ટિ અસત્ય, અસ્તિત્વરહિત કહેવાઈ, પણ પરિવર્તન છતાં તેનું એક એવું રૂપ છે, જેને સ્વરૂપ કહો તે રૂપે છે, એમ પણ જોઈ શકીએ છીએ, તેથી તે સત્ય પણ છે. તેથી તેને સત્યાસત્ય કહો તો મને અડચણ નથી. એથી મને અનેકાંતવાદી કે સ્યાદ્‌વાદી માનવામાં આવે તો બાધ નથી. માત્ર સ્યાદ્‌વાદ હું જે રીતે ઓળખું છું તે રીતે માનનારો છું, પંડિતો મનાવવા ઇચ્છે એમ કદાચ નહીં જ. તેઓ મને વાદમાં ઉતારે તો હું હારી જાઉં. મેં તો મારા અનુભવે જોયું છે કે મારી દષ્ટિએ હું હંમેશાં સાચો હોઉં છું અને મારા પ્રામાણિક ટીકાકારની દષ્ટિએ હું ઘણી વાર ભૂલેલો ગણાઉં છું. તે-તે દષ્ટિએ અમે બંને સાચા હોઈએ છીએ એ હું જાણું છું. એ જાણવાથી કોઈને હું સહસા જૂઠો, કપટી વગેરે માની જ નથી શકતો.

''સાત આંધળાઓએ હાથીનાં સાત વર્ણન આપ્યાં તે બધાં પોતપોતાની દષ્ટિએ સાચાં હતાં, એકબીજાની દષ્ટિએ ખોટાં હતાં ને જ્ઞાનીની દષ્ટિએ સાચાં-ખોટાં હતાં. આ અનેકાંતવાદ મને બહુ પ્રિય છે. તેમાંથી હું મુસલમાનની પરીક્ષા મુસલમાનની દષ્ટિએ, ખ્રિસ્તીની તેની દષ્ટિએ કરતાં શીખ્યો. મારા વિચારોને કોઈ ખોટા ગણે છે, ત્યારે મને તેમના અજ્ઞાનને વિશે પૂર્વે રોષ ચડતો. હવે હું તેઓનું દષ્ટિબિંદુ તેઓની આંખે જોઈ શકું છું. તેથી તેમની ઉપર પ્રેમ કરી શકું છું. કેમ કે હું જગતના પ્રેમનો ભૂખ્યો છું. અનેકાંતવાદનું મૂળ અહિંસા અને સત્યનું યુગલ છે.

''સ્યાદ્‌વાદનું આપણા જીવન પર પરિણામ શું આવે છે ? જ્યારે આપણે સ્યાદ્‌વાદના સત્યનો સ્વીકાર અને જીવનમાં તેનો વિનિયોગ કરીએ ત્યારે આપણા જીવનમાં શું થાય છે ? શું પ્રગટે છે ? ત્યારે તેમાંથી આ પ્રગટે છે : ત્યારે તે વ્યક્તિ એમ નહીં કહે કે હું કહું તે જ સત્ય છે અને અન્ય કોઈ તેનાથી ભિન્ન કહે તો તે અસત્ય છે. ત્યારે તે વ્યક્તિ એમ કહે કે મને અત્યારે આમ લાગે છે. પરંતુ સંભવ છે કે તમારી વાત પણ સાચી હોય. ત્યારે તે વ્યક્તિ સામી વ્યક્તિની પોતાના મતથી ભિન્ન એવી વાતને ખુલ્લા મનથી સાંભળશે, વિચારશે અને સત્ય લાગશે તો તરત સ્વીકાર કરશે અને અમલ પણ કરશે. વસ્તુત : આ જ યથાર્થ સ્યાદ્‌વાદ છે. આ જ યથાર્થ અનેકાન્તવાદ છે અને આ જ સ્યાદ્‌વાદનો જીવનમાં યથાર્થ વિનિયોગ છે.''

ગાંધીજીના ઉપર્યુક્ત શબ્દો અને ગાંધીજીનું સમગ્ર જીવન જોતાં સ્પષ્ટ રીતે સમજાય છે કે ગાંધીજીના જીવનમાં, વિચારધારામાં અને વાણીમાં પણ સ્યાદ્‌વાદ છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૬. **જીવનનો હેતુ** : હિંદુધર્મમાં જીવનનું જે લક્ષ્ય સ્વીકાર્યું છે, તે જ લક્ષ્ય ગાંધીજી પણ સ્વીકારે છે. હિંદુધર્મમાં જીવનનું શું લક્ષ્ય નિર્ધારિત થયું છે ?

માનવજીવનના ચાર પુરુષાર્થ ગણાય છે : ૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ, ૪. મોક્ષ. આ ચારમાંથી બે સાધનરૂપ છે અને બે સાધ્યરૂપ છે. ધર્મ સાધન છે અને મોક્ષ સાધ્ય છે. અર્થ સાધન છે અને કામ સાધ્ય છે. કારણ કે ધર્મ-અધ્યાત્મના પરિશીલન દ્વારા મોક્ષ સિદ્ધ થાય છે અને અર્થરૂપી સાધન દ્વારા કામ સિદ્ધ થાય છે. આમ હવે આપણી પાસે બે સાધ્ય રહે છે - કામ અને મોક્ષ. કામ તો પશુઓનો પુરુષાર્થ છે અને પશુઓને પણ પ્રાપ્ત છે. કામ તો આપણો પશુસંસ્કારવશ પુરુષાર્થ છે. કામ અને મોક્ષ પરસ્પર વિરોધી પુરુષાર્થ છે. કામ છે ત્યાં સુધી મોક્ષ નથી અને મોક્ષ પછી કામ નથી. વસ્તુત : કામમાંથી મુક્તિ તે જ તો મોક્ષ છે. આમ માનવ માટે વસ્તુત : એક જ પુરુષાર્થ છે - મોક્ષ.

મોક્ષનાં પણ અનેક સ્વરૂપો ગણાય છે : (૧) સાયુજ્ય-મુક્તિઃ અદ્વૈત-વેદાંત પ્રણીત જ્ઞાનમાર્ગમાં સાયુજ્ય-મુક્તિને મોક્ષ ગણવામાં આવે છે. જીવ બ્રહ્મસ્વરૂપ બની જાય, બ્રહ્મમાં વિલીન થઈ જાય - આ સાયુજ્ય-મુક્તિ છે. (૨) સાલોક્ય-મુક્તિ : સાલોક્ય એટલે ગોલોક, વૈકુંઠ, સાકેતધામ, અક્ષરધામ, મણિદ્વીપ - આમાંના કોઈ ભાગવત-લોકની પ્રાપ્તિ. (૩) સામીપ્ય-મુક્તિ : સામીપ્ય એટલે ભગવત્સાંનિધ્યની પ્રાપ્તિ. આમાં જીવ ભગવાનનો નિત્ય પરિકર બને છે. (૪) સારૂપ્ય-મુક્તિ : સારૂપ્ય એટલે ભગવત્સદશ સ્વરૂપની પ્રાપ્તિ. (૫) સાર્ષ્ટિ-મુક્તિ : સાર્ષ્ટિ એટલે ભગવત્સદશ ઐશ્વર્યની પ્રાપ્તિ. (૬) નિર્વાણ : બૌદ્ધ દર્શન પ્રમાણે મહાશૂન્યમાં પ્રવેશ અને વ્યક્તિત્વ અને જીવનનું સર્વથા વિલીનીકરણ તે નિર્વાણ છે. નિર્વાણ પછી નિર્વાણપ્રાપ્ત વ્યક્તિનું કોઈ અસ્તિત્વ રહેતું નથી. (૭) કેવલાવસ્થા - કેવળજ્ઞાન : જ્ઞાન દ્વારા અવિદ્યા, રાગ-દ્વેષ આદિ કષાયોથી આત્મા સર્વથા મુક્ત થાય તે કેવળજ્ઞાનની અવસ્થા છે. આ જૈનધર્મનું મુક્તિદર્શન છે. મુક્તાત્મા સિદ્ધદશામાં સિદ્ધલોકમાં જાય છે અને જન્મ-મરણમાંથી મુક્ત થાય છે.

ભારતમાં મુક્તિનાં આ સાત સ્વરૂપોનો વિચાર થયો છે. મહાત્મા ગાંધીજીની મુક્તિની અવધારણા કેવા સ્વરૂપની છે ?

ઉપર્યુક્ત સાતેય સ્વરૂપોમાં આ પૃથ્વી પરના જીવનનો અર્થાત્ પૃથ્વીલોક પર જન્મ ધારણ કરવાનો ઇન્કાર થયો છે. મુક્તિ એટલે જન્મ-મરણમાંથી મુક્તિ એવું લગભગ સર્વ સ્વરૂપોમાં અભિપ્રેત છે. ગાંધીજી પોતે લખે છે : ''મારે જે કરવું છે, જેની હું ત્રીસ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે. મોક્ષ છે. મારું ચલન-વલન બધું એ જ દષ્ટિએ થાય છે. મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે અને મારું રાજ-ક્ષેત્રની અંદર ઝંપલાવવું એ જ વસ્તુને આધીન છે.'' આનો અર્થ સ્પષ્ટ જ છે કે ગાંધીજી મોક્ષાર્થી છે, પરમ સત્યના શોધક છે, ઈશ્વર-સાક્ષાત્કાર પામવા ઝંખી રહ્યા છે.

મુક્તિનાં ઉપર્યુક્ત સાતેય સ્વરૂપોમાં એક તત્ત્વ સર્વસામાન્ય સ્વરૂપે છે. આ પૃથ્વી પરના જીવન અને જન્મ-મરણનો સર્વમાં ઇન્કાર છે. મુક્તિનાં આ સર્વ સ્વરૂપો પૃથ્વીલોક પરના આપણા આ જીવનનો ઇન્કાર કરે છે. ગાંધીજી શું કહે છે ? ગાંધીજીને પૃથ્વીલોકના પોતાના માનવબંધુઓને છોડીને, બ્રહ્મમાં, મહાશૂન્યમાં વિલીન થવાની મુક્તિની શોધ નથી. ગાંધીજી જન્મ-મરણમાંથી મુક્ત થઈ સિદ્ધલોક કે ભગવાનનાં કોઈ લોકમાં જવા ઇચ્છુક નથી. ગાંધીજી અહીં આ પૃથ્વીલોક પરની મુક્તિ ઇચ્છે છે અને તેને જીવનના હેતુ તરીકે સ્વીકારે છે. ગાંધીજી ઈશ્વરનો સાક્ષાત્કાર ઝંખે છે. ઈશ્વરના સાક્ષાત્કારનાં પાંચ સ્વરૂપો છે. બ્રહ્મસાક્ષાત્કાર, સગુણ-નિરાકારનો સાક્ષાત્કાર, સગુણ-સાકારનો સાક્ષાત્કાર, અવતારનો સાક્ષાત્કાર અને અંતરાત્માનો સાક્ષાત્કાર. ગાંધીજી સગુણ-નિરાકાર સ્વરૂપનો સાક્ષાત્કાર પામવા માટે ઝંખે છે.

ઈશ્વરનો સાક્ષાત્કાર થવાથી મુક્તિ તો આપોઆપ સિદ્ધ થાય છે. *મુક્તિ ચરણની દાસી રે....* ઈશ્વરના સાક્ષાત્કારથી અવિદ્યાગ્રંથિનું ભેદન થાય છે. ગીતામાં ભગવાન કહે જ છે : परं दृष्ट्वा निवर्तते । (2-59) પરમનો સાક્ષાત્કાર પામવાથી અવિદ્યા અને તજ્જન્ય રાગ-દ્વેષ નિવૃત્ત થાય છે અને મુક્તિનું આ સ્વરૂપ ગાંધીજીને અભિપ્રેત છે. જન્મ-મરણમાંથી મુક્તિને ગાંધીજી જીવનના હેતુ તરીકે સ્વીકારતા નથી. ગાંધીજી જીવનના હેતુ તરીકે સ્વીકારે છે - ભગવત્સાક્ષાત્કાર અને તેમ કરીને અવિદ્યાગ્રંથિ અને રાગ-દ્વેષમાંથી મુક્તિ અને તદનુસાર ભાગવત જીવનની પ્રાપ્તિ.

૭. **સ્વાશ્રય-સાદગી-શરીરશ્રમ** : આ ત્રણ તત્ત્વો - સ્વાશ્રય, સાદગી અને શરીરશ્રમ ગાંધીજીના તત્ત્વજ્ઞાનનાં અંગો છે. કેવી રીતે, તે હવે આપણે જોઈએ :

(૧) સ્વાશ્રય : ગાંધીજી પ્રત્યેક વિચાર અને તેના અમલીકરણ માટે સમગ્ર સમાજનો વિચાર કરે છે. સ્વાશ્રય એટલે સ્વનિર્ભરતા. માનવી પોતાના જીવનનિર્વાહ માટે કોઈનો આધાર ન રાખે, પોતાના પગ પર રહીને જીવે - આવો સ્વાશ્રયનો અર્થ છે. ગાંધીજી સ્વાશ્રયી જીવનશૈલી માટે આગ્રહ શા માટે રાખે છે ? કોઈ એક વ્યક્તિ બીજાને આધારે કે બીજાના કર્મ પર જીવે ત્યારે ત્રણ અપરાધ થાય છે : (અ) પરાશ્રયી વ્યક્તિ પરાધીન બની જાય છે. (બ) પરાશ્રયી વ્યક્તિ અન્યના કર્મનું અને તેથી તે વ્યક્તિનું શોષણ કરે છે. (ક) જે સમાજમાં પરાશ્રય વધે તે સમાજ લાંબે ગાળે રુગ્ણ બની જાય છે. કલ્પના કરો કે કોઈ સમાજની વ્યક્તિઓ પરાશ્રય શોધતી ફરે તો તે સમાજની શું દશા થશે ? તે સમાજ કેવી રીતે ટકશે ? સ્વાશ્રય દ્વારા વ્યક્તિ અને સમાજની સુખાકારી અને સ્વાસ્થ્ય જળવાય છે.

(૨) સાદગી : ધન, પદ કે સત્તાના જોર પર કોઈ વ્યક્તિ અતિખર્ચાળ, મોજશોખથી ભરેલું જીવન જીવે તો તેનાથી શું થાય છે ? ક્યાં દુષ્પરિણામો આવે છે ? (અ) અતિખર્ચાળ કે મોજશોખીન વ્યક્તિ સ્વનિર્ભરતા ગુમાવે છે. (બ) પોતાની અનિવાર્ય જરૂરિયાત કરતાં અધિક વસ્તુઓનો ઉપયોગ કે દુરુપયોગ કરનાર વ્યક્તિ અન્યના ભોગની વસ્તુ વાપરીને અન્યને તેનાથી વંચિત રાખે છે. આ સૂક્ષ્મ હિંસા છે.

(જુઓ પાન નં. ૧૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દીવડાની જ્યોત સાચવી રાખનાર દ્રષ્ટા ગણસેવક - મોહન હી હી

**સા**રા ગુણો આત્મસાત્ કરવા માટે મંદિર હોય છે. જેના ગર્ભગૃહમાં અંધારું હોય છે, તેને જ્યોતિ દેખાડવાનો રિવાજ છે. પ્રસિદ્ધિને હંમેશાં પીઠ બતાવનાર મોહનને જ્યોતિ દેખાડવાનો આ પ્રસંગ છે.

મોહન ગાંધી-વિનોબા-જયપ્રકાશને જીવ્યો. મોહનની વિશેષતા એ હતી કે તેની પ્રખર વિચારનિષ્ઠા તેની જીવનનિષ્ઠાને સમર્પિત હતી, જે તેણે આચરણમાં ઉતારી હતી. તેથી તે તેનો સ્વધર્મ બની ગયો હતો. વિચાર-સ્વાતંત્ર્યને સમાજજીવનનો મૂળ આધાર માનીને વિચારોમાં સ્વૈરવિહાર કરતો હોવા છતાં આચારમાં મર્યાદા રાખનારો. જે લોકો વિચાર આચરણમાં ઉતારે છે તે તેનો ઢોલ નથી પીટતા, તે લોકો હંમેશ પ્રસિદ્ધિથી દૂર જ રહેતા હોય છે. તેમનું જીવનસૌંદર્ય ઝળકી ઊઠે છે. કહેવાય છે ને કે anything that is beautiful is always simple. કૃષ્ણમૂર્તિજીના શબ્દોમાં beauty is austere (સાદું) અને દાદા ધર્માધિકારીના શબ્દોમાં 'સૌંદર્યમાં શૃંગાર નથી હોતો.' મોહન શૃંગારથી કોસો દૂર હતો. પરંતુ એનું સૌંદર્ય અનુભવી શકાય છે.

સઘનક્ષેત્રમાં પગ ખૂંપેલા રાખવાની માનસિકતા (ઇતિ ધીરેનદા - ધીરેન મજમુદાર) રાખનાર કર્મમાર્ગી મોહન અને વ્યાપક ચિંતનની પરિધિમાં વિહાર કરતો જ્ઞાનમાર્ગી દ્રષ્ટા મોહન. મોહન એટલે સામૂહિક ક્રાંતિનો પથિક, સગુણ-નિરાકાર સમાજનો ઉપાસક. સહયોગી, સહભાગી, અહિંસાત્મક સમાજ નિર્માણ કરવો એ તેની નિષ્ઠા હતી. નિષ્ઠા એ વસ્તુ છે જેને માટે વ્યક્તિ પ્રાણ પણ આપવા તૈયાર હોય છે. ગ્રામસ્વરાજ્ય મેંઢા (લેખા)ની સ્વરાજ્ય-સેનાનો એ અઘોષિત સેનાપતિ હતો. સેનાપતિ એવો જે કૃતિમાં નહીં પરંતુ દિશાદર્શનમાં આગેવાની કરનારો. ગ્રામસ્વરાજમાં ઉત્તમ પરિવર્તન થાય તેને માટે તંત્ર (રચના)નો પાયો નાંખવાનો હોય છે, આ સમજણ સાથે તેણે 'અભ્યાસજૂથ'ની રચનાને ચાલના આપી.

આ માધ્યમથી સહભાગી શિક્ષણનો આગ્રહી પ્રવક્તા હતો મોહન. વિચાર-બીજ 'અભ્યાસજૂથ'થી કૃતિનો નિર્ણય ગ્રામસભામાં અને કતૃત્વ ગ્રામજનોનું. કેંદ્રિત નેતૃત્વ લોકભાગીદારી માટે ઘાતક સાબિત થઈ શકે છે એ સમજવાને કારણે નેતૃત્વનો નકાર કરવાની નમ્રતા રાખનારો હતો એ. ગણસેવકત્વ (ઇતિ વિનોબા)નું નિષ્ઠાપૂર્વક આચરણ કરનારો તેમજ લોકશક્તિનો ઉપાસક મોહન.

જનતા વાદનિષ્ઠ (ચર્ચા કરનારી) નથી, નથી એ પદ્ધતિનિષ્ઠ, તે તો જીવનનિષ્ઠ હોય છે. તેથી સમાજરચનાનાં બે અંગો હોવાં જોઈએ. સ્વૈર વિચારોનું અભ્યાસજૂથ, જેમાં બહારના વિચારવાન મિત્રોનું પણ સ્વાગત હોય. પ્રત્યેક પ્રશ્ને 'બાલ કી ખાલ ઉતારના' જ્યાં થતું હોય અને કૃતિશીલ ગ્રામસભાનું બીજું અંગ.

ગાંધી-વિનોબાના વિચાર-પ્રવાહના મર્મનું મનન કરનારો (મોહન)

❍ વિચારધારાનો હેતુ - સામ્યયોગ ❍ તત્ત્વજ્ઞાન - સમન્વય ❍ પદ્ધતિ - સત્યાગ્રહ ❍ સામાજિક આર્થિક ધ્યેય - સર્વોદય

તેથી 'હિંદ સ્વરાજ' તેમજ 'સ્વરાજ્યશાસ્ત્ર' પર તે ફિદા હતો.

**મોહનની વિચાર-દષ્ટિના મનનીય આયામો પર નજર નાંખીએ :**

❍ જેવું વ્યક્તિનું ચારિત્ર્ય હોય છે તેવું જ સમાજનું પણ હોય છે. ચારિત્ર્યવાન સમાજમાં મનુષ્યનું ચારિત્ર્ય પણ ખીલે છે.

❍ અહિંસાત્મક ક્રાંતિની અગ્નિપરીક્ષા (Acid Test) છે - લોકભાગીદારી. અને તે પણ સ્વયંભૂ. લડાઈ જો પોતાના ઘર-આંગણામાંથી લડાતી હોય તો જ લોકભાગીદારી સાતત્યથી થઈ શકશે. તે અસહકાર તેમજ સત્યાગ્રહના તંત્રને અપનાવશે. વિરોધી પક્ષના આંગણામાં અથવા રસ્તા પર લડાઈ રહેલી લડાઈનું સાતત્ય જાળવવું અઘરું થશે અને હિંસાના રસ્તે લડાઈ ચાલી જાય તેનું જોખમ રહેશે.

❍ રાજકારણનું નિરાકરણ એ જ એનું શુદ્ધિકરણ છે. રાજકારણનું શુદ્ધિકરણ રાજકારણ નહીં, લોકકારણ-લોકનીતિથી થશે. આમ મોહન પ્રાતિનિધિક લોકશાહી નહીં પરંતુ સહભાગી લોકશાહીનો હિમાયતી હતો.

❍ કર્મશીલ નેતૃત્વ પોતાના પર ઓઢી નહીં લેવું જોઈએ. લોકભાગીદારી માટે તે ઘાતક હોય છે..

❍ જે સિદ્ધાંત સર્વમાન્ય છે, જેમાં સ્વયંભૂ લોકભાગીદારી પ્રાપ્ત છે, જો આ સિદ્ધાંતનો અનાદર થાય તો તેને માટે સત્યાગ્રહ કરવો. વિચાર જ્યારે લોકમાન્ય બને છે ત્યારે તે લોકપ્રિય પણ બને છે. જે સિદ્ધાંત હજી સર્વમાન્ય નથી બન્યો, આપણે માટે એ સ્વીકાર્ય છે તો તે શિક્ષણનો વિષય છે.

❍ જ્યાં સુધી લોકભાગીદારી નથી ઊભી થતી, નિરંતર શિક્ષણની પ્રક્રિયાને અપનાવતા રહીને, ધીરજપૂર્વક સમયની રાહ જોવી પડશે. કર્મશીલે સમાજજીવનમાં સંશોધકની ભૂમિકાથી કાર્યરત રહીને લોકશક્તિ જાગૃત થાય તેને માટે અવકાશ આપવો પડશે.

❍ જનમતનો સહજ સાર્વમત એ કાયદાનો પાયો હોય છે. જ્યારે આવી પ્રક્રિયામાંથી કાયદો પસાર નથી થતો ત્યારે તે ન્યાયી હશે જ એ જરૂરી નથી. કાયદો અન્યાયી પણ હોઈ શકે છે. લોકાભિમુખ કાયદાનો આધાર લઈને ઊભો થયેલો સંઘર્ષ નિરંતર ક્રાંતિશિક્ષણનું એક પ્રભાવશાળી અંગ બની રહેશે.

**ગ્રામદાન વિચાર-પ્રવાસ**

૧૯૮૦ના દસકામાં મોહન, સતીષ ગોગુલવાર અને ઉલ્હાસ જાજુ ચરિત્રવાન સમાજની શોધ માટે નીકળ્યા હતા. ગ્રામદાની ગામ કેવું ન હોવું જોઈએ, કેવું હોઈ શકે (દા.ત. સીડ, ઉદયપુર) બંને જોયાં. મેંઢા(લેખા) ગામ (ગ્રામદાન નહોતું થયું)નો અનુભવ તો હતો જ. પહેલું જે સમજાયું તે એ કે વ્યક્તિનું ચરિત્ર જેવું હોય તેવું ગ્રામ-સમાજનું પણ ચરિત્ર હોય છે.

કોઈ પણ વ્યક્તિ, ગામ કે સમાજના ઊર્ધ્વારોહણના પ્રયોગ માટે ત્યાંની માટી (પાયો) પૂરક હોય તેવી પસંદ કરવી પડે. મોહનને ગામ-સમાજના ચરિત્ર-નિર્માણનો પાયો ધ્યાનમાં આવ્યો, તે હતો સર્વાનુમતિથી ગ્રામસભામાં નિર્ણય કરવાની આચાર-સંહિતા, જે જોઈને તે મેંઢા ગામસમાજ પર ફિદા થયેલો.

મોહને એ પણ જોયું કે બૃહદ કુટુંબ (ગ્રામસભા)ના સંગઠન માટે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આર્થિક સ્રોત સંયુક્ત હોવા જોઈએ, જે ગ્રામદાન વિચારમાં નિહિત હતું. વ્યક્તિગત માલિકી ગ્રામસભામાં સમર્પિત કરી દેવી એ ગ્રામદાનની પહેલી શરત હતી. મેંઢા ગામનું ૧૮૦૦ હેક્ટરનું જંગલ સામૂહિક આર્થિક સ્રોત બની શકે તેમ હતું. ગ્રામજનો પાસે કાયદા પ્રમાણે આ જંગલ પર 'નિસ્તાર હક' હતો, જે જંગલખાતું દબાવીને બેઠું હતું. તેથી ગ્રામજનોનું સંગઠન મજબૂત થાય તેને માટેની પરિસ્થિતિ ઊભી થઈ શકે તેમ હતી.

જ્યાં રામજીની વાત કરીએ ત્યાં રાવણ સાથે લડવું અવશ્યંભાવી છે. શાસનરૂપી રાવણ સાથે સંઘર્ષમાં ઊતરવાનું જ હતું. સાધન-શુદ્ધિનો સંકલ્પ સત્યાગ્રહના માર્ગ પર લઈ ગયો. પોતાના ઘર-આંગણેથી મેંઢા ગામે લડાઈ લડી.

સહભાગી લોકનીતિનો એ પુરસ્કર્તા, નેતૃત્વને નકારનારો, નિરંતર શિક્ષણની ભૂમિકામાં રહેનારો, 'અભ્યાસવર્તુળ'ના માધ્યમથી ગ્રામજીવનમાં હળી-ભળી ગયો હતો. ગ્રામસભા નિર્ણય લેશે સર્વાનુમતિથી, તેમાં કોઈ દખલગીરી ન કરે, તે માટેનું સ્વઅનુશાસન અપનાવ્યું. દિશાદર્શક બનીને રહ્યો. તેથી લોકશક્તિ વિકસિત થઈ શકી.

વિનોબાજીના સુલભ ગ્રામદાનના વિચારમાં ૭૫% લોકોની ભાગીદારી સ્વીકાર્ય હતી. બાકીના ૨૫% લોકો સમયાનુસાર જોડાઈ જશે એવો આશાવાદ રાખવામાં આવ્યો હતો. મોહનની ગ્રામદાન વિચાર અંગેની આર્ષદષ્ટિએ પારખી લીધું કે આ ૨૫% લોકોના અસહકારથી ગ્રામસમાજ વિભાજિત થાય છે. અને તેથી ગ્રામદાનનો વિચાર વ્યવહારમાં શક્ય નથી બનતો. મેંઢા ગામે ૧૦૦ ટકા ભાગીદારીની મનોભૂમિકા પર પહોંચવા માટે પાંચ વર્ષ સુધી ધીરજ રાખી અને સર્વમાન્ય થયું ત્યારે જ ગ્રામદાનને સ્વીકૃતિ આપી. ગ્રામદાનના વિચારને પૂર્ણ શુદ્ધતા સુધી લઈ જવાનું શ્રેય મોહન દ્વારા અપનાવવામાં આવેલ નિરંતર શિક્ષણને જ આપવું જોઈએ. વિનોબા યુગથી એક ડગલું આગળ ગ્રામદાન વિચારને લઈ જવાનું તેમજ ગ્રામદાનને વ્યવહારમાં ઉતારી બતાવવાનું પરાક્રમ મોહને કરી બતાવ્યું. ગ્રામદાન યુટોપીયા નહીં, વ્યવહારમાં શક્ય છે એ સાબિત કરી બતાવવાનું મહત્ત્વનું કામ મોહને કર્યું.

જોકે ગ્રામદાન અંગેના કાયદાના અમલીકરણ બાબતે રાજકીય ઇચ્છાશક્તિના અભાવને કારણે વર્ષો સુધી શાસનની પાછળ પડ્યા પછી પણ ન્યાયાલયની મદદ લેવી પડી. ન્યાયાલયની લડાઈમાં શાસન અને તંત્રની આનાકાની સાથે ઝઝૂમવામાં સાત વર્ષ બગાડ્યાં. આ ઘર-આંગણાથી બહારની લડાઈ મેંઢાના ગ્રામજનો માટે મુશ્કેલ હતી. આ પ્રકરણમાં મોહનને માનસિક કલેશ અનુભવવાનો થયો. ન્યાયાલયની આ લડાઈ જીત્યા પછી પણ શાસનનું અમલીકરણ અત્યંત ધીમી ગતિનું જ હજુ પણ છે.

સ્વર્ગના દ્વાર સુધી પહોંચ્યા પછી પણ દ્વાર ખૂલતાં ન હતાં, મેંઢાના ગ્રામજનોનું અલ્પસંતોષીપણું મોહનની આકાંક્ષાપૂર્તિને લલકારી રહ્યું હતું. ગ્રામદાનની અસ્મિતાના આરોહણ માટે, સંઘર્ષનો માર્ગ સાતત્યપૂર્વક અપનાવવો પડશે, તેની ચાહના અલ્પસંતોષી એવા આદિવાસી ગ્રામજનોમાં કાળક્રમે જ જાગશે, આ અનુભૂતિ મોહન માટે વેદનામય હતી. મનમાં રણછોડદાસ બનવાનો વિચાર પણ ક્યારેક ક્યારેક ડોકિયું કરી જતો.

વ્યક્તિગત રીતે માણસ ગમે તેટલો આગળ નીકળે તો પણ સમાજ-જીવનને નિયંત્રિત કરી શકવાની એક મર્યાદા હોય છે, તેનું ભાન એને થયું. મોહન એવા નિષ્કર્ષ પર પહોંચ્યો કે જીવનમાં કેટલીક વાતો પ્રારબ્ધની હોય છે અને કેટલીક પુરુષાર્થની. સમાજ આપણો સારો ઉપયોગ કરે એ મહદ્અંશે પ્રારબ્ધની વાત છે. જ્યારે અને જ્યાં માણસની પુરુષાર્થની શક્તિ કુંઠિત થાય છે, જ્ઞાનશક્તિ થાકી જાય છે ત્યારે ભક્તિ જરૂરી બની જાય છે, એ મુકામ સુધી મોહન પહોંચ્યો હતો.

સમાજમાં નૈતિક આરોહણ માટેનું દિશાદર્શન કરનારું નેતૃત્વ આધ્યાત્મિક હોવું જરૂરી છે, નહીં તો નૈતિકતા વિખેરાઈ જશે તેનો અહેસાસ પણ એને થયો. શાંતિસેનાને પણ સેનાપતિની જરૂર હોય છે. અત : અનાસક્ત ભાવથી મેંઢાના સમાજજીવન સાથે સંપર્ક ચાલુ રાખવાનું કર્તવ્ય તેણે નિભાવ્યું હતું. મોહનના 'પણતી જપૂન ઠેવા' (દીવાની વાટ સંભાળીને રાખો)નો આ આયામ છે. પ્રારબ્ધની રાહ જોવાનો મનોમન તેણે નિર્ણય કરી લીધો હતો.

**મોહનના વ્યક્તિત્વની સમીક્ષા**

- સ્નેહ-મૂલ્યમાં આસ્થા, માતા-પિતાનું નામ પોતાના નામ સાથે લગાડતો. તેને મોહન હી(રાબાઈ) હી(રાલાલ)ના નામે ઓળખાતો.
- સેવા માટે સત્તાની જરૂર નથી, ઊલટું સત્તા સેવા માટે બાધક બને છે તેવું માનનારો.
- અજ્ઞાન અંગેની જાણ થતાં જ જ્ઞાન વહેંચનારો અને અનુભવના વચનને શાસ્ત્ર સમજનારો.
- બુદ્ધિ-વ્યાસંગમાં પ્રખર, ક્યારેક ક્યારેક આગ્રહી પણ ખરો. વિચાર-નિષ્ઠાની એ ગુણ-છાયા માનવી જોઈએ. પરંતુ સમાજ સામે અત્યંત નમ્ર અને સમર્પિત. બુદ્ધિ અને શ્રદ્ધાનો સંગમ-વિવેકનો ધની.
- વિપશ્યક. વિપશ્યના પદ્ધતિની વૈજ્ઞાનિકતાનો અનુભવ કર્યા પછી, કાયા-વિપશ્યનાના કર્મકાંડમાં ન ફસાતાં, ચિંતનોપશ્યનાના સોપાન પર ચઢનારો.
- મૈત્રી સાધક. વ્યક્તિગત સંબંધ બગડવા ન દેવો, એ સત્યાગ્રહના પ્રાણતત્ત્વને ઓળખનારો. સામાજિક પ્રતિબદ્ધતા રાખનારા મિત્રોને આધાર, પ્રોત્સાહન આપનારો.
- ૭૫ વર્ષ પૂર્ણ થયાં ત્યારે કરેલ સમારંભમાં (૩૧ ડિસેમ્બર ૨૦૨૪) શારીરિક અસ્વસ્થતાને લીધે બોલી નહતો શકતો. તેણે મંત્ર આપ્યો - ''મતભિન્નતા છતાં પ્રેમસંબંધ અકબંધ રાખનારા હોય છે મિત્રો.'' આમ કહીને તેણે કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. મૈત્રી સંવર્ધક અને તેથી કુશળ સંગઠનકર્તા હતો.
- અર્થ આધાર માટે સંસ્થાનો આધાર લીધો, પરંતુ સંસ્થા બળવાન ન બની જાય તેનું ભાન બરાબર રાખ્યું. સંસ્થા તેમજ આંદોલન બંનેની કલ્પના વિચારને મૂર્તરૂપ આપવા માટે કરવામાં આવી છે. આંદોલન વિચારને મૂર્તરૂપ આપી શકે છે, તેથી મોહન આંદોલનમાં કૂદ્યો હતો. સંસ્થા વિચારને મૂર્તરૂપ આપી શકે છે તેથી મોહને સંસ્થાને હાવી થવા દીધી નહીં.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

○ પોતાના સ્વધર્મને અનુકૂળ એવા લોકાભિમુખ અભ્યાસના માધ્યમથી તે પોતાનો જીવનનિર્વાહ કરી લેતો. અને જરૂરિયાતથી વધારે સહયોગ-રાશિ લેવાની ના પાડી દેતો. સમાજની વધારેમાં વધારે સેવા કરીને સમાજ પાસેથી માત્ર શરીરના પોષણ પૂરતું ઓછામાં ઓછું લેવું અને તે પણ વિવશપણે અને ઉપકારની ભાવના સાથે, જેને ભિક્ષા કહેવાય છે તે રીતે. મોહન ભિક્ષા પર જીવ્યો છે. જીવનમાં સુરક્ષા ન શોધવાવાળો એ વીરલો હતો.

○ નિરંતર અભ્યાસની પ્રક્રિયા પોતાના જીવનમાં અને સહભાગી અધ્યયનની પ્રક્રિયા સમાજજીવનમાં ઉતારવાનું (સંસ્કારિત કરવાનું) સાતત્ય એ મોહનનું જ્ઞાનમાર્ગી રૂપ હતું. તેની શૈક્ષણિક પ્રક્રિયાને સમજવાની ક્ષમતાનું એક ઉદાહરણ જોઈએ -

અમે કેટલાક મિત્રો, માણસનું હૃદય પરિવર્તન કેવી રીતે થાય છે તે જાણવા ‘સ્વાધ્યાય પરિવાર’ની પ્રોસેસ સમજવા ગુજરાત ગયા હતા. અમને સમજાયું કે ગુરુએ માણસમાં રહેલી શ્રદ્ધાને સ્પર્શ કર્યો અને મોક્ષનું લક્ષ્ય રાખીને આ પ્રયત્ન થયો છે. અમારી અભ્યાસચર્ચામાં મોહને એ વાત મૂકી કે ગુરુની સલાહથી સગુણ-સાકાર દૈવતનું લીધેલું આલંબન જનસામાન્યને આકર્ષિત કરે છે. મનુષ્ય-જીવનની અસુરક્ષિતતાની ટિંગાયેલી તલવારને કારણે મોક્ષની સંકલ્પના લોભામણી સાબિત થાય છે. ગુરુ અનુકરણીય બને છે. પરંતુ ગુરુ પર દેવત્વ પણ લાદવામાં આવે છે. મૂર્તિપૂજાને પ્રોત્સાહન મળે છે. મૂર્તિપૂજા જ્યાં સુધી નિર્ગુણની મર્યાદામાં રહે છે (ગુણોપાસનાની પરિધિમાં રહે છે) ત્યાં સુધી તે નિર્દોષ હોય છે.

પરંતુ, આ મર્યાદા ઓળંગતાં જ સગુણ સદોષ થઈ જાય છે. સગુણ બળવત્તર થાય ત્યારે તેને સંપ્રદાયનું રૂપ મળી જાય છે. સગુણની આસક્તિ થઈ તો જેમ ગણેશ-વિસર્જન કરવામાં આવે છે, તેમ સગુણ બળવત્તર થવા માંડે, સદોષ થઈ જાય, તો સગુણનો અહંકાર છોડીને નિર્ગુણની પરિધિ સુધી વિસ્તાર કરતા આવડવો જોઈએ. આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગાંધીએ સૂચવેલી સર્વધર્મ પ્રાર્થનામાં છે. આનાથી પણ આગળનું ડગલું તુકડોજી મહારાજની ઈશ્વરની સંકલ્પનામાં મળે છે. પ્રાર્થનાના સ્થાન પર ગાદી હોય છે. તેના પર એક દીવડો મૂકેલો હોય છે. અને સમાજ-નિર્માણનાં ગીતો હોય છે. જાતિ-નિરપેક્ષ સંપ્રદાય - નિરપેક્ષ સંગઠન અહીં જન્મ લે છે.

વ્યક્તિગત જીવનમાં તથા સામાજિક જીવનમાં ‘મોક્ષ’ના કાલ્પનિક ધર્મનું સ્થાન જ્ઞાને લેવું જોઈએ. ઈશ્વરીય સંકલ્પના સગુણ-સાકારથી આરોહણ કરીને સગુણ-નિરાકાર સમાજ સુધી ઉત્ક્રાંત થવી જોઈએ. ત્યારે જ ક્રાંતિનો જન્મ થશે, સમાજનો પાયો (મૂળિયાં) નંખાશે, આ નિર્ણય સુધી મોહન અમને લઈ આવ્યો.

થોડાં વર્ષો પહેલાં મોહન મારે ઘેર આવ્યો, પરાગ ચોલકરને પણ બોલાવ્યો. ‘આપણા જીવન (આયુષ્ય) અંગે વાતો કરીશું એમ કહીને આવ્યો હતો. પહેલાં અમારા ભાવિજીવનની દિશાનું Stock Checking કર્યું. પછી પોતાનો સંકલ્પ રજૂ કર્યો - ‘‘સ્વાવલંબન માટે ખેતી કરતા સામાન્ય ગ્રામજનના જીવન જીવવાના પ્રોજેક્ટનો અર્થાધાર ત્યજીને અને મેંઢાના આદિવાસી જીવનમાં ડૂબેલો તો છે જ, હવે સાકરની જેમ તેમાં ભળી જવાનો નિર્ણય કર્યો છે.’’

મારા મને એ સાક્ષી આપી કે અહીં જ્ઞાનનો અહંકાર નથી. આગ્રહી સ્વભાવ ક્યારેક દેખા દે ખરો તો એ જ્ઞાનમાર્ગની ગુણછાયા છે. કર્મ તેને ચોંટતું નથી, છોડવાનું તે જાણે છે. સ્વનિષ્ઠા તેમજ સ્વધર્મને પૂરક વાતાવરણ ન મળે તો ‘એકલા ચલો રે’ મંત્રને શોભા દેનારો મોહન અત્યંત નિર્લેપ વૃત્તિથી પોતાના માર્ગે ચાલી શકનારો હતો. ‘‘મી અજૂન જહાજ સોડલેલે નાહી (ઈતી બાબા આમટે) - મેં હજુ વહાણ છોડ્યું નથી’’નું વચન આચરણમાં લાવનારો.

સાતત્ય એ નિષ્ઠાનું લક્ષણ છે. મોહનના અવ્યક્ત ભક્તિરસનું દર્શન અમને થયું. દૈવવાદમાં જે નમ્રતા હોય છે અને પ્રયત્નવાદમાં જે પરાક્રમ હોય છે, તે બંનેનો મેળ સાધવાની ઉપાસનાનો ધની હતો મોહન.

ગયાં બે વર્ષમાં મોહનના જીવને એક ગંભીર વળાંક લીધો. તેના બંને ફેફસાં રોગગ્રસ્ત બનવાને લીધે તેને intermittent external oxygen supply (સમયાંતરે બહારથી લેવું પડતું ઓક્સિજન) પર આધાર રાખવો પડતો હતો. મુક્ત સંચાર કરનારો મોહન ચાર-દીવાલોમાં બંધાઈ ગયો. આજની સંવાદ ટેકનોલોજીને કારણે જોકે મિત્ર-પરિવાર સાથે તેનો નિત્ય સંપર્ક ચાલુ રહ્યો. મૃત્યુનો અંદેશો તેને આવી ગયો હતો. સૂક્ષ્મ પ્રવેશ કરવા અને અભિધ્યાન (ઇતિ વિનોબા)ના મુકામ સુધી તે પહોંચી ચૂક્યો હતો.

અમારે ડૉક્ટરોને મૃત્યુથી ભયભીત એવા બીમાર લોકોને રોજ જોવાના થાય છે. અમે પોતે પણ આવો ભય મનમાં સમાવીને બેઠા હોઈએ છીએ. પરંતુ જ્યાં મૃત્યુને આલિંગન આપવાની માનસિકતા જોવા મળે છે તે વ્યક્તિ અત્યંત બુદ્ધિશાળી તેમજ નિષ્ઠાવાન હોય છે. મૃત્યુનું ભાન રાખવાની સાથે સાથે વર્તમાન જીવન જીવનાર વ્યક્તિ, ભૂતકાળમાં ખોવાતો નથી, ન તો તે ભવિષ્યના સપનામાં ડૂબેલો રહે છે, પરંતુ તે વર્તમાનની દરેક ક્ષણને જીવી લેવા ઇચ્છે છે, પોતાના જીવનધ્યેયના રસ્તે. મોહન આ મુકામ પર પહોંચ્યો હતો.

જાન્યુઆરી ૨૦૧૦માં ‘બાબા આમટે માનવતા પુરસ્કાર સ્વીકારતી વખતે (ત્યારે ૬૦ વર્ષનો થઈ ગયો હતો) મોહને કહ્યું હતું કે અત્યાર સુધી કેવી રીતે જીવવું છે તેનો વિચાર મુખ્યત્વે કરતા રહ્યા, હવે ‘કેવી રીતે મરવું જોઈએ’ એના વિચાર મનમાં આવે છે. પ્રગલ્ભ વ્યક્તિ જેટલી પ્રગલ્ભતાથી જીવ્યો છે તેટલી જ પ્રગલ્ભતાથી મરવા ઇચ્છે છે.

અંતિમ પર્વમાં મોહન એકાંગી જીવન-સાધનાના ઊંડાણમાં પ્રવેશ કરી રહ્યો હતો, વાસનામુક્તિના ધ્યેય તરફ. મોક્ષ એ સંકલ્પના કાલ્પનિક છે. તે આ જ જીવનમાં મુક્તિ મેળવી લે છે એવું માનવામાં આવે છે. ભયમુક્તિ એ વાસનામુક્તિનો અંતિમ પડાવ માનવામાં આવે છે. એના જીવન-કાર્યકાળ દરમિયાન મોહનને ધમકીઓ પણ મળી હતી એ હું જાણું છું. ભયમુક્તિના માર્ગ પર મોહન ઘણો પહેલાંથી જ ચાલી નીકળ્યો હતો.

○ ઉપાસનાના બે પ્રકાર હોય છે. એકાગ્ર એટલે એકાંગી અને

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ - ભાગ : ૩

(ગતાંકનું ચાલુ)

**(૧૪) શાસકોનું શસ્ત્ર : માહિતી –** અંગત જીવન ઊભું કરો. તમે જે ઓનલાઈન પોસ્ટ મૂકો છો તે લગભગ કાયમી બની જાય છે. શાસકો તેનો ઉપયોગ તમારી વિરુદ્ધ કરી શકે છે. તમારા કોમ્પ્યુટરમાંથી માલવેર કાઢી નાખો. એ યાદ રાખો કે ઈમેલ એ આકાશલેખન જેવું છે. એનો ઉપયોગ ઓછો કરો અને વૈકલ્પિક ઉપયોગો શોધો. લોકોને વ્યક્તિગત રીતે મળીને વાત કરો અને તમારી સાચી વાત સમજાવો, તેમને હકીકતોથી વાકેફ કરો. તમારી સામે કોઈ કાનૂની મામલો હોય તો તેનો નિકાલ કરો કારણ કે સત્તાધીશો તેનો ઉપયોગ તમારી સામે કરી શકે છે. એ જ રીતે, જો તમે કોઈ સંસ્થા ચલાવતા હોવ તો તેના વહીવટમાં તમે ચોખ્ખા રહો કે જેથી શાસકો તેનું બહાનું કાઢીને તમને દબાવી શકે નહિ.

આજના આ વીજાણુ યુગમાં આપણે ત્યાં સુધી જ સ્વતંત્ર હોઈએ છીએ કે જ્યાં સુધી આપણે આપણી જાત વિશેની માહિતી લોકોને આપતા હોતા નથી. સરકારો તેથી જ ગોપનીયતાના અધિકાર (right to privacy) પર તરાપ મારવા ઇચ્છતી હોય છે અને તેને માટે કાયદા ઘડે છે. આવા દમનખોર કાયદાનો વિરોધ કરો અને પોતાની ગોપનીયતાનું રક્ષણ કરો. જુલમી શાસકો પોતાને માટે ઘણુંબધું ગોપનીય રાખતા હોય છે પરંતુ લોકોનું કશું ગોપનીય ન રહે તેની સૌથી વધુ કાળજી રાખે છે કે જેથી સમય આવે તે માહિતીનો ઉપયોગ તેમની સામે જ કરી શકાય અને લોકોને દબાવી શકાય અને ત્રાસ આપી શકાય. ફોન કે ફેસબૂક એકાઉન્ટ વગેરે હેક કરીને કે તેની બીક બતાવીને વ્યક્તિની સ્વતંત્રતા ઝૂંટવી લેવામાં આવતી હોય છે, એનાથી સાવધ રહેવું જોઈએ.

**(૧૫) નાગરિક ચળવળોને ટેકો –** જે સારું કામ થઈ રહ્યું છે તેમાં તમારો તન, મન અને ધનથી ફાળો આપો. શાંતિ, પર્યાવરણનું રક્ષણ, મજૂર મંડળ, ગ્રાહક સુરક્ષા, નાગરિક સ્વાતંત્ર્ય, વિકાસલક્ષી આંદોલન વગેરે જેવી ચળવળોને તમારો ટેકો આપો અને તેમાં ભાગીદાર થાવ. આ ચળવળો બજાર અને રાજ્ય દ્વારા થતા શોષણ સામે અને સ્વતંત્ર રીતે જે દમનખોર અને શોષણખોર વ્યવસ્થાઓ ઊભી થઈ છે તેની સામે બંડ પોકારનારી અને ન્યાયી સમાજ ઊભો કરવા માટેની ચળવળો છે. બજાર અને રાજ્ય ઘણી વાર ભેગાં થઈ ગયાં હોય છે, કોણ કોને ટેકો આપે છે અને કોણ કોનું રક્ષણ કરે છે તેની સમજણ ના પડે એ હદે સરકારો અને મહાકાય કંપનીઓ પરસ્પર ભળી ગયાં હોય છે ત્યારે એ બંને સામેની લડાઈ લડવાનું મુશ્કેલ બની ગયું છે. આ લડત જેઓ લડે છે તેમને સમર્થન આપવું અને તેમાં ભાગીદાર થવું એ માનવ-અધિકારોનું રક્ષણ કરવા માટે અનિવાર્ય છે.

યાદ રાખો કે, જ્યારે સ્વતંત્રતા વિષે વિચારો છો ત્યારે એમ ન સમજો કે એ કોઈ એક વ્યક્તિ અને તાકતવર સરકાર વચ્ચેની લડાઈ છે. આપણે એવું આસાનીથી માની લઈએ છીએ કે વ્યક્તિઓનું સશક્તિકરણ કરીશું તો તે સરકાર સામે લડી લેશે. ના, એવું ઘણી વાર અને મોટે ભાગે બનતું નથી. સ્વતંત્રતાની પસંદગી વ્યક્તિગત હોઈ શકે, પણ સ્વતંત્રતાનું રક્ષણ તો સામૂહિક રીતે જ થાય છે. નાગરિક સમાજ જેટલો મજબૂત તેટલું સામૂહિક અને વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ વધુ. એટલે જ જુલમી શાસકો નાગરિક સમાજની સંસ્થાઓને ખતમ કરવા ઇચ્છે છે. અનેક સંજોગોમાં બિન-રાજકીય દેખાતી પ્રવૃત્તિઓ પણ વિવિધ સંજોગોમાં વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ કરનારી હોય છે.

**(૧૬) અન્ય પ્રદેશોની ચળવળોને ટેકો –** સરકારી જુલમ સામે અને નાગરિકની સ્વતંત્રતાને ટકાવવા કે તે ઊભી કરવા જે કામ અન્ય પ્રદેશો કે દેશોમાં થઈ રહ્યું છે તેના સંપર્કમાં રહો. તેમાંથી શીખો. તેમને ટેકો આપો. યાદ રાખો કે, દુનિયામાં ક્યાંય પણ માનવ અધિકારોનો ભંગ થતો હોય તો તેનો વિરોધ કરવો એ તમારી ફરજ છે અને એ તમારો અધિકાર પણ છે. એમ કરવાથી સ્વતંત્રતાની જાગતિક ચેતના સાથે તમે જોડાઈ જાવ છો. તમે તમારા પ્રદેશમાં સ્વતંત્રતાનું રક્ષણ કરતા હોવ તે પૂરતું નથી. તમારે તમારી આસપાસના પ્રદેશોમાં શું થઈ રહ્યું છે તેની જાણકારી રાખવી જોઈએ અને તે તમારી સ્વતંત્રતાને આજે નહિ તો કાલે કેવી રીતે અસર કરશે તેનું ચિંતન કરવું જોઈએ. બીજા દેશો કે પ્રદેશોમાં કેવી રીતે લોકો પોતાની સ્વતંત્રતા જાળવે છે તે જાણવું આપણા સ્વાતંત્ર્યને જાળવવા માટે પણ મહત્ત્વનું બની જાય છે.

**(૧૭) શબ્દો છેતરામણા હોય છે –** તાનાશાહી શાસક પક્ષ અને નેતા કે તેમના સમર્થકો વિરોધીઓને હંમેશાં દેશદ્રોહી તરીકે ચીતરે છે. ઇન્દિરા ગાંધીએ જાણીતા સર્વોદય નેતા અને કોંગ્રેસ વિરુદ્ધ આંદોલન કરનારા નેતા જયપ્રકાશ નારાયણ(૧૯૦૨-૭૯)ને દેશદ્રોહી કહેલા જ. ભારતમાં હાલમાં 'દેશદ્રોહી, હિંદુદ્રોહી', 'અર્બન નક્સલ' જેવા શબ્દો દ્વારા શાસક પક્ષ અને તેના મળતિયાઓ તેમના વિરોધીઓને કે તેમના ટીકાકારોને વર્ણવે છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. જે ખતરનાક શબ્દો છે તે સાંભળો. આતંકવાદ કે અંતિમવાદ જેવા શબ્દો વાપરતા પહેલાં ગહન ચિંતન કરો. એ શબ્દોનો ઉપયોગ રાજ્યની સત્તા મેળવવા માટે અને તે ટકાવવા માટે છેલ્લી સદીમાં વારંવાર કરવામાં આવ્યો છે. તમારી સલામતી માટે જ સરકાર વધુ સત્તાઓ મેળવી રહી છે એમ હંમેશાં કહેવામાં આવે છે. કટોકટી જેવા શબ્દો પણ એ જ શ્રેણીમાં આવે છે. એવી જ રીતે રાષ્ટ્ર, રાષ્ટ્રભક્તિ કે દેશભક્તિ જેવા શબ્દોનો ઉપયોગ બહુ સિફતપૂર્વક તાનાશાહો દ્વારા કરવામાં આવતો હોય છે એટલે એને વિષે સાવધ રહો. આવા શબ્દો હેઠળ નાગરિકોને છેતરવામાં આવે છે અને તેમની સ્વતંત્રતા ઝૂંટવી લેવામાં આવે છે એ સમજો. દેશભક્તિનાં સૂત્રો ઘણી વાર કપટ કરવા માટે વાપરવામાં આવે છે. રાષ્ટ્રધ્વજ જેવાં રાષ્ટ્રીય પ્રતીકો કે ચિહ્નોનો ઉપયોગ પણ ઘણી વાર એને માટે જ કરવામાં આવતો હોય છે.

રાષ્ટ્રભક્તિના ઓઠા હેઠળ અનેક છેતરામણા શબ્દો જુલમી શાસકો દ્વારા અને તેમનાં સંગઠનો, રાજકીય પક્ષો અને સમર્થકો દ્વારા વાપરવામાં આવે છે. તેઓ જુલમને વાજબી ઠેરવે છે. બધા જ કાયદા અને નિયમોને નેવે મૂકવાનું પણ ઉચિત છે તેમ તેઓ ઠેરવે છે. લાંબે ગાળે સૌ સારાં વાનાં થશે અને વર્તમાન સમય તો વચગાળાનો સમય છે એમ તેઓ કહે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે અને તેઓ લોકોને રાષ્ટ્રભક્તિનો દારૂ પીવડાવી નશામાં રાખે છે. જુલમી શાસકોના પોતાના વિદ્વાનો અને પત્રકારો હોય છે કે જેઓ તેમનાં તમામ કૃત્યોને વાજબી ઠેરવે છે એટલું જ નહિ પણ દેશના અને લોકોના ભવિષ્ય માટે તે જ શ્રેષ્ઠ છે એમ લોકોના મનમાં ઠસાવે છે. ઉત્તર પ્રદેશમાં ૨૦૨૦માં હાથરસમાં ૧૯ વર્ષની એક યુવતી પર સામૂહિક બળાત્કાર થાય અને તેની હત્યાનો પ્રયાસ થાય, તેની સારવાર દિલ્હીમાં એક હોસ્પિટલમાં થાય અને તેનું મૃત્યુ થાય તો મધરાતે અઢી વાગ્યે તેના અંતિમ સંસ્કાર રાજ્યની પોલીસ પોતે જ તેના પરિવારના લોકોને જાણ કર્યા વિના કરી નાખે. આવી ઘટનાઓ વિષે પણ જુલમી શાસકોના રાષ્ટ્રભક્તો કશી ચિંતા ન કરે એમ પણ બને છે. દેશભક્તિ ઘણી વાર જુલમી શાસકોનાં કૃત્યો સામે લોકોને મૌન ધારણ કરાવી લે છે તેનું આ વરવું ઉદાહરણ છે.

**(૧૮) આતંકવાદ સરકારની સત્તા વધારે છે :** ન વિચાર્યું હોય તેવું કશુંક બને ત્યારે જરા શાંત રહો. સરકાર દ્વારા થતો આધુનિક જુલમ એ આતંકનું અને આતંકવાદને નાથવા માટેનું સંચાલન જ છે એવો દાવો સરકારો હંમેશાં કરતી હોય છે. જ્યારે આતંકવાદી હુમલા થાય છે ત્યારે એ યાદ રાખો કે આપખુદ સત્તાધીશો તેનો ઉપયોગ પોતાની સત્તા વધારવા માટે જ કરતા હોય છે. એ જાળમાં ફસાઈ ન જાવ. રોમન પ્રજાસત્તાકમાં એવું જ બન્યું હતું. જ્યારે ત્યાં કટોકટી ઊભી થઈ ત્યારે તે સમયની સંસદે તેના નિવારણ માટે એક સરમુખત્યારની જ નિમણૂક કરી હતી. એ નિમણૂક માત્ર એક જ વર્ષ માટે હતી પરંતુ પછી જુલિયસ સીઝર રોમન સમ્રાટ બની ગયો હતો. કોઈ પણ કટોકટીની પરિસ્થિતિમાં કોઈ સત્તાધીશ વધુ સત્તા હાંસલ કરવા માટે પ્રયાસ કરે ત્યારે ચેતવાની બહુ જ જરૂર હોય છે.

આમ જુઓ તો, અંતિમવાદ (extremism) જેવું કશું હોતું નથી. જુલમી શાસકોને તેમની વિચારધારામાં ન માનનારા લોકો અંતિમવાદી કે આતંકવાદી લાગે છે અને તેમને તેઓ દબાવી દેવાનો પ્રયત્ન કરે છે. એને માટે જાતજાતના કાયદા ઘડવામાં આવે છે અને નિયમો બનાવાય છે. તે હેઠળ તેમને અટકાયતમાં રાખવામાં આવે છે, જેલમાં નાખવામાં આવે છે, તેમને જાતજાતના કેસમાં ફસાવીને અદાલતોમાં દોડતા કરી દેવામાં આવે છે, તેમનું બનાવટી એન્કાઉન્ટર પણ કરવામાં આવે છે. ગુજરાતના એક ધારાસભ્ય સામે તેને વડા પ્રધાન અંગે સામાજિક માધ્યમમાં કશુંક લખવા બદલ આસામની પોલીસ કેસ કરે અને તેને મધરાતે આસામની પોલીસ ઉત્તર ગુજરાતના પાલનપુરમાંથી ઉઠાવી જાય એ આનું જ ઉદાહરણ છે.

**(૧૯) અંધ દેશભક્તિ** દેશભક્ત બનો પણ આંધળા દેશભક્ત નહિ. આવનારી અનેક પેઢીઓ માટે જગત કે ભારત શું છે અને તે કેવું હોવું જોઈએ તે વિચારો અને સમજો. દેશભક્તિ એક સારી બાબત છે પરંતુ તે વ્યક્તિમાં આપોઆપ ફૂટી નીકળતી નથી પરંતુ તે તો જે પદાર્થપાઠ આપણે આપણા પછીની પેઢી માટે મૂકીને જઈએ છીએ તેમાંથી જન્મે છે. '૧૯૮૪' નામની નવલકથામાં અંગ્રેજ સાહિત્યકાર જ્યોર્જ ઓરવેલ(૧૯૦૩-૧૯૫૦) વિચાર કરવાના ગુના(thought crime)ની વાત કરે છે. વ્યક્તિ તદ્દન નવા વિચારો કરે, કદી ન કહેવાયેલી વાત કરે અને શાસકો સામે શંકાઓ વ્યક્ત કરે કે જે શાસક પક્ષના સિદ્ધાંતોથી અલગ પડતી હોય તો તેને જ્યોર્જ ઓરવેલ 'વિચાર કરવાના ગુના' તરીકે ઓળખાવે છે.

તેઓ કહે છે કે ખરેખર કોઈ ફોજદારી ગુનો કરવામાં આવે તેના કરતાં પણ વિચાર કરવાની વાતને શાસકો દ્વારા વધુ ગંભીર ગુનો સમજવામાં આવે છે. એનો અર્થ એ છે કે શાસક ભદ્ર વર્ગના વિચારો કરતાં અલગ વિચારો વ્યક્ત કરવામાં આવે તો તે ખતરનાક સાબિત થાય છે. પરંતુ એવા વિચારો વ્યક્ત કરવા જ જોઈએ. એટલે કે વ્યક્તિની સ્વતંત્રતાને ભોગે દેશભક્તિના ઉલ્લેખો કરવામાં આવે તો તે લોકોની ગુલામી તરફ દોરી જાય છે. આઝાદ દેશમાં નાગરિકો ગુલામ હોય એવા અનેક દેશો છે જ એ સમજવાની જરૂર છે. નાગરિકોની આઝાદી દેશની આઝાદી જેટલી જ બલ્કે તેનાથી પણ વધારે મહત્ત્વની છે.

તા.૨૭-૦૨-૧૯૩૩ના રોજ જર્મન સંસદને લગભગ રાતે નવ વાગ્યે આગ લાગી હતી. તે જોઈને લોકશાહી રીતે થએલી ચૂંટણીમાં જીતેલા હિટલરે એમ કહેલું કે, 'આગ તો હવે શરૂ થઈ છે.' આગ કેવી રીતે લાગી તે મહત્ત્વનું નથી પણ એ આગમાં હિટલરને રાજકીય તકો દેખાઈ હતી. હવે ગોધરામાં સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એક ડબ્બામાં લાગેલી આગની અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વેળાએ કાશ્મીર પ્રદેશના પુલવામામાં સરહદી સલામતી દળ એટલે કે બીએસએફના કાફલા પર થયેલા હુમલાની ઘટનાઓને જુઓ અને એ ઘટનાઓના થયેલા રાજકીય ઉપયોગને પણ તપાસો. હિટલરે તે સમયે એમ પણ કહેલું કે, ''હવે કોઈને માફ કરવામાં નહિ આવે. જે અમારા રસ્તામાં આવશે તેને કાપી નાખવામાં આવશે.'' કોઈ નાઝી તેનો અર્થ શું થશે તે સમજ્યા નહોતા અને પછી ક્રૂર હત્યાકાંડ થઈને રહ્યો.

**(૨૦) શું દેશભક્તિ છે અને શું નથી?** માત્ર યુદ્ધના હિરોને નવાજવા એ દેશભક્તિ નથી, લશ્કર કે પોલીસ જે કંઈ કરે તે વાજબી જ છે એમ સમજવું એ દેશભક્તિ નથી, કરચોરી કરવી એ દેશભક્તિ નથી, દેશના કલ્યાણલક્ષી કાયદાઓનું પાલન ન કરવું અને બીજાનું શોષણ કરવું કે ગ્રાહકોને છેતરવા એ દેશભક્તિ નથી. વિદેશી તાનાશાહો કે સ્વદેશી તાનાશાહોની પ્રશંસા કરવી એ દેશભક્તિ નથી, વિદેશી તાનાશાહો સાથે પોતાના સ્વાર્થ ખાતર દેશની સરકાર સંબંધો મજબૂત કરે અને તેની પ્રશંસા કરવામાં આવે તે દેશભક્તિ નથી. ચૂંટણી સભાઓમાં વિદેશોનો ખતરો બતાવવો એ દેશભક્તિ નથી. તમારા વડા પ્રધાન કે રાષ્ટ્રપતિ રાષ્ટ્રવાદી હોય તેનો અર્થ એ નથી થતો કે તેઓ રાષ્ટ્રભક્ત છે. રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રવાદ બે તદ્દન જુદી બાબતો છે. રાષ્ટ્રભક્તિની વાતો કરનારા પોતાના રાજકીય અને આર્થિક હિતો જ ધ્યાનમાં રાખતા હોય તેમ બને. યુગોસ્લાવિયાના એક નવલકથાકાર દાનિલો કિસ(૧૯૩૫-૮૯) જે કહે છે તે બરાબર યાદ રાખવાની જરૂર છે કે, ''રાષ્ટ્રવાદનું કોઈ સાર્વત્રિક મૂલ્ય નથી, નથી કળાલક્ષી મૂલ્ય કે નથી નૈતિક મૂલ્ય.'' રાષ્ટ્રવાદીઓ આપણને અત્યંત ખરાબ વ્યક્તિઓ બનવા માટે પ્રોત્સાહન આપે છે અને પછી તેઓ એમ કહે છે કે જગતમાં આપણે જ શ્રેષ્ઠ પ્રજા છીએ. રાષ્ટ્રવાદી તો સરકાર જે કંઈ કરે છે તે યોગ્ય જ છે એમ સમજી લે છે અને તેનાં દુષ્કૃત્યો પ્રત્યે આંખ આડા કાન કરે છે. ખરો દેશભક્ત એ કહેવાય કે જે દેશનાં ઉચ્ચ મૂલ્યો પ્રત્યે ધ્યાન આપે અને સરકારો જો એ મૂલ્યોને નુકસાન પહોંચાડતી હોય તો તેની સામે અવાજ ઉઠાવે. ભારતના બંધારણમાં આમુખમાં દેશમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, ન્યાય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અને વ્યક્તિનું ગૌરવ જેવાં મૂલ્યોની સ્થાપનાનો આદર્શ રાખવામાં આવ્યો છે. એ આદર્શો તરફ દેશની સરકારો ગતિ કરે છે કે તેનાથી ઊંધી દિશામાં દેશને લઈ જાય છે તેને વિષે સતત જાગૃત રહેવું પડે. એક રાષ્ટ્રભક્ત હંમેશાં સાર્વત્રિક મૂલ્યો ધરાવે છે અને તેને માટે તે કામ પણ કરે છે.

## સ્વતંત્રતા : સર્વોચ્ચ મૂલ્ય

ઉપરોક્ત વીસ પદ્ધતિઓ માણસની સ્વતંત્રતાને ટકાવવા માટે છે. મનુષ્યની સ્વતંત્રતા સર્વોચ્ચ મૂલ્ય છે એમ સમજો. સ્વતંત્રતા લાવવાનું અને એ લાવ્યા પછી ટકાવવાનું સહેલું નથી પણ એ જો ન ટકે તો મનુષ્યો જંતુ જેવા કે કોઈ યંત્રના નટબોલ્ટ કે તેના કલપૂર્જા જેવા બની જાય છે. મનુષ્યે પોતાનાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સલામતી, મઝા અને આનંદ માટે કુટુંબ, સમાજ, બજાર, ધર્મ અને રાજ્ય જેવી સંસ્થાઓનું નિર્માણ કર્યું છે. એ સંસ્થાઓ મનુષ્ય પર હાવી ન થઈ જાય તે જોવાનું આવશ્યક છે. રાજ્ય સંસ્થા પાસે કાયદો, નિયમો, પોલીસ અને લશ્કર જેવાં નિતાંત હિંસાનાં શસ્ત્રો છે અને તેથી તે વધુ દાદાગીરી કરીને અને દમન આચરીને મનુષ્યને ગુલામ બનાવે છે. અને એ બધું જ દેશની સલામતી, દેશના વિકાસ અને નાગરિકોની સુરક્ષા તેમ જ કલ્યાણને નામે થાય છે.

શક્ય તેટલા વધુ હિંમતવાન બનો. જો સ્વતંત્રતા માટે કોઈ મરી ફીટવા તૈયાર ન હોય તો આપણે બધા જ જુલમગાર શાસકોના જુલમો અને આતંક હેઠળ જ મરી જઈશું. તમે એકલા હોવ તો પણ હિંમત રાખો. શાસકો સાથે અસંમતિ વ્યક્ત કરનારા પોતે એકલા જ છે, પોતે અટૂલા પડી જશે અને તો પોતાનું આવી બનશે એવી બીક પણ ઘણાને સતાવતી હોય છે. પરિણામે તેઓ શાસકોને શરણે જાય છે અથવા તેઓ જે કંઈ કહે તે કરવા માટે તૈયાર થઈ જતા હોય છે. હિટલરના અનેક અધિકારીઓને આવી જ બીક લાગતી હતી અને તેથી તેમણે યહૂદીઓની કતલ કરવાના આદેશોનું પાલન કર્યું હતું. વળી, જો તમારે શાસકો પાસેથી કોઈ લાભની આશા રાખવી ન હોય તો સ્વતંત્રતાનો આદર્શ જ તમારો માર્ગદર્શક બને છે. ૧૯૭૪ના નોબેલ ઇનામ વિજેતા અર્થશાસ્ત્રી ફ્રેડરિક વોન હાયેક(૧૮૯૯-૧૯૯૨) એમ કહે છે કે ભય અને લાલચમાંથી બહાર આવીએ તો જ સ્વતંત્રતાને ટકાવી શકીએ. એટલે શાસકો પૈસા, હોદ્દા કે અન્ય બાબતોની જે લાલચી ઓફર કરે તેનાથી પણ ચેતવું જોઈએ અને એવા શાસકોથી ડરવું તો જોઈએ જ નહિ.

ગુલામી ઘણી વાર દૃશ્યમાન હોય છે અને ઘણી વાર અદૃશ્ય. એને પિછાણવી પડે અને સરકારોના જુલમ સામે લડવું પડે. ''રાજકારણમાં તમે છેતરાઈ ગયા એવું બહાનું ના ચાલે'' એમ પોલેન્ડના દાર્શનિક અને ઇતિહાસકાર લેસ્ઝેક કોલાકોવ્સ્કી (૧૯૨૭-૨૦૦૯) કહે છે. એનો અર્થ એ છે કે રાજકીય નેતાઓ અને રાજકીય પક્ષો જે કંઈ જુલમ આચરે છે તેને માટે આપણે પણ જવાબદાર હોઈએ જ છીએ. રામધારીસિંહ દિનકરની પંક્તિ યાદ રહે: ''સમર શેષ હૈ, નહીં પાપ કા ભાગી કેવલ વ્યાધ; જો તટસ્થ હૈં, સમય લીખેગા ઉનકે ભી અપરાધ.''

(સંપૂર્ણ) **– હેમંતકુમાર શાહ**

(આ લેખમાં તિમોથી સ્નીડરના ૨૦૧૭માં ન્યૂ યોર્કના ટીમ દુગ્ગન બુક્સ દ્વારા પ્રકાશિત પુસ્તક 'On Tyranny : Twenty Lessons from the Twentieth Century'નો આધાર લેવામાં આવ્યો છે.)

## ગાંધીજીનું તત્ત્વજ્ઞાન...

(પાન ૧૧નું ચાલુ)

દા.ત. પોતાની જરૂરિયાતથી વધારે વીજળી વાપરનાર તે માટે આવશ્યક બિલ ભરે, વીજચોરી ન કરે તો પણ અપરાધ કરે છે, કારણ કે તે તેમ કરીને બીજાને આવશ્યક વીજળીથી વંચિત રાખે છે. પોતાની પાસે મબલખ ધન હોય છતાં પોતાની અનિવાર્ય આવશ્યકતાઓથી વધારે વસ્તુનો ઉપભોગ કરનાર વ્યક્તિ હિંસા તો કરે જ છે, પરંતુ તેથી પણ અધિક તે ચોરી પણ કરે છે. ગાંધીજીને સૂક્ષ્મ દૃષ્ટિથી જુઓ ! પોતાની અનિવાર્ય આવશ્યકતાથી અધિક વસ્તુઓ ધનના જોરથી ભલે પ્રામાણિકપણે મેળવી લે તો તેમના તેમ કરવાથી કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિ કે વસ્તુથી વંચિત રહી જાય તેવો પૂરો સંભવ છે. ગાંધીજી પૂછે છે : ''આ ચોરી નથી તો શું છે ? આ હિંસા નથી તો શું છે ?'' સાદગીનો એક મૂલ્ય તરીકે વિચાર તો ભારતીય સંસ્કૃતિમાં અતિપ્રાચીનકાળથી થતો આવ્યો છે. ઋષિ-મુનિઓ સાદગીપૂર્ણ જીવન જ જીવતા હતા ને ! પરંતુ સાદગીનો આવી રીતે સમગ્ર સમાજના સંદર્ભમાં વિચારવાનો પ્રારંભ ગાંધીજી કરે છે.

(૩) શરીરશ્રમ : જો કોઈ વ્યક્તિ શરીરશ્રમ કર્યા વિના જીવે તો તે વસ્તુત : બીજાના શરીરશ્રમ પર જીવે છે. આમ થવાનાં દુષ્પરિણામો આવે છે. (અ) સમાજમાં શોષિત અને શોષણ કરનાર એવા વર્ગો ઊભા થશે. (બ) તેમાં વર્ગો અને વર્ગસંઘર્ષ શરૂ થશે. (ક) સમાજની વ્યક્તિઓની માનસિક સુખાકારી અને શારીરિક સ્વાસ્થ્ય નબળાં પડશે. શરીરશ્રમની પ્રતિષ્ઠાના અભાવે સમાજમાં શોષણ, પરોપજીવીપણું, ગરીબી, ચોરવૃત્તિ, હિંસા, વર્ગવિગ્રહ કે વર્ગદ્વેષ આદિ પેદા થશે. ગાંધીજી ગીતોક્ત યજ્ઞનો અર્થ શરીરશ્રમ કરે છે. તેઓ કહે છે : ''લોકકલ્યાણ અર્થે કરેલી શારીરિક મજૂરી એ જ ખરો યજ્ઞ.''

ગીતા કહે છે કે યજ્ઞ કર્યા વિના ખાય તે ચોર છે. યજ્ઞનો અર્થ શરીરશ્રમ કરીને. ગાંધીજી ગીતાની વાતને આ રીતે મૂકે છે : *''શરીરશ્રમ કર્યા વિના ખાય તે ચોર છે.''* ગાંધીવિચાર તો તત્ત્વજ્ઞાન છે, તો સ્વાશ્રય, સાદગી અને શરીરશ્રમ ગાંધીજીના તત્ત્વજ્ઞાનનાં પ્રકરણો છે.

**૮. સમાપન :**

ગાંધીજી શું છે ? ગાંધીજી અધ્યાત્મપુરુષ છે, ગાંધીજી તત્ત્વજ્ઞાની છે, ગાંધીજી રાજપુરુષ છે, ગાંધીજી રાષ્ટ્રપુરુષ છે અને રાષ્ટ્રપિતા છે. ગાંધીજી કેળવણીકાર છે, ગાંધીજી રચનાત્મક કાર્યકર છે. ગાંધીજી સ્વાતંત્ર્યસંગ્રામના નેતા છે. ગાંધીજી શું છે એમ પૂછવાને બદલે એમ પૂછો - ગાંધીજી શું નથી ?

જીવનનો સૂક્ષ્મ દૃષ્ટિકોણથી અર્થાત્ ઊંડાણથી વિચાર કરનાર જીવ, જગત, ઈશ્વર, જીવન - આ સર્વનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરશે જ. અને સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરનાર આપોઆપ તત્ત્વજ્ઞાની બની જ જશે. આ અર્થમાં ગાંધીજી તત્ત્વજ્ઞાની છે. ગાંધીજીને ખબર પણ ન પડી તેમ તેઓ તત્ત્વજ્ઞાની બની ગયા છે.

ગાંધીજી તત્ત્વજ્ઞાની છે અને તેથી ગાંધીજીનું તત્ત્વજ્ઞાન પણ છે જ. આ ભાવથી અહીં ગાંધીજીના તત્ત્વજ્ઞાનને શબ્દદેહ આપવાનું બન્યું છે. **– ભાણદેવ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# તિલોર

ધ્રુવભાઈ ભટ્ટ સમયાંતરે તેમની કથાઓ પુસ્તક સ્વરૂપે આપતા રહ્યા છે. એ બીબાઢાળ નથી. દરેકે દરેકમાં એક આગવું પોત હોય છે. એ જ નીખરી આવતું હોય છે. અમે પ્રથમથી જ એમના ચાહક-ભાવક રહ્યા છીએ. આથી અમે એમની પુસ્તક-પ્રસાદીની વાટમાં જ હંમેશ રહેતા હોઈએ છીએ.

હજી હમણાં જ, તાજેતરમાં 'તિલોર' નામે – શીર્ષકથી પ્રકાશિત થયું છે. ધ્રુવભાઈ ક્યારેક એમનાં પુસ્તકોના શીર્ષકની છણાવટ પણ કરતા હોય છે. 'તિલોર' નામથી અમે એકદમ અજાણ હતા. એટલે 'તિલોર' શું? આથી તરત જ પુસ્તક ખોલ્યું. ત્યારે ખબર પડી કે આ એક કચ્છમાં વસવાટ કરતા પક્ષીનું નામ છે. પુસ્તકનો ઉઘાડ જ હૃદયસ્પર્શી છે. લેખક પક્ષી સાથે વાતચીત કરતા પૂછે છે, તારું નામ શું ? 'તિલોર' તેણે કહ્યું. નિશાળમાં ભણતી વખતે મેં કોઈ શબ્દકોશમાં ટિલોર શબ્દ વાંચ્યો હતો.

'તમે બીજું બોલ્યા તે હશે. અમે તમારા જેટલું સરસ રીતે બોલી નથી શકતા.' પેલાએ કહ્યું, અને ઉમેર્યું, 'અને તિલોર પણ મારા એકલાનું નામ નથી. તમારી યાદી પ્રમાણે તો અમે અમારો આખો વંશ તિલોર કહેવાઈએ.'

'આ વળી નવું' મેં કહ્યું. કોઈ પોતાના અંગત નામ વગરનું પણ હોઈ શકે એ નવાઈ કહેવાય. જ્યારે આપણે બધા જ મનુષ્યો નામથી તો ઓળખાઈએ પણ સાથે સાથે કેટલાંક વિશેષણો પણ જોડી દઈએ. નિયામક, મંત્રી, પ્રમુખ, ટ્રસ્ટી, ડૉ.(પીએચ.ડી.) – એવા ભાતભાતના અને જાતજાતના. આપણી ઓળખ એ આપણો છૂપો અહંકાર છે. એ વાત એટલી સહજ રીતે મૂકી છે કે આપણે વારી જઈએ.

આ જ વાત આગળ વધારતાં લેખક લખે છે, 'હા, તારુંયે કોઈ નામ હોવું જોઈએ, હશે પણ ખરું પણ....' 'બસ આથી વધુ કોઈ કંઈ કહી શકતું નથી.' હું બોલ્યો, 'કુટુંબમાં કે સગાં-સંબંધીઓને, કોઈને તારા નામની ખબર ન હોય તે બહુ નવાઈ કહેવાય.' 'હા નવાઈ તો કહેવાય. પણ કોઈને તમે જેને કુટુંબ કહો છો તે ન હોય અને સગાં પણ બહુ જ થોડાં બચ્યાં હોય ત્યારે કોઈને એકબીજાનાં નામ ન આવડે તો તે નવાઈ નહીં કહેવાતી હોય.' આ જાતનાં પક્ષીઓ વિલુપ્ત થતાં જાય છે એના સંદર્ભમાં કહેવાઈ છે. ત્યારે લેખક વ્યથા વ્યક્ત કરતાં લખે છે, 'હું શું કરું ? છાતી ફાટી જાય તેવા ઉત્તરો મળે અને તરત બીજો એવો જ પ્રશ્ન પણ પુછાય ત્યારે શું કરવું તેની ફરજ ભાગ્યે જ કોઈને હોય છે.'

પક્ષી સાથેના સંવાદ-વાતો ખૂબ મઝાનાં છે. આડકતરા ઈશારાઓ પણ છે, જે આપણે પકડવાના છે. પક્ષીઓની સાથે વાત કરતાં કરતાં તેમના અવાજને-ઉચ્ચારણને પકડી તેમનાં નામોની જે કલ્પના કરી છે એ અદ્‌ભુત છે. 'અમે જન્મ્યા ત્યારે મા નજીક નહોતી, પણ કોઈ જોરથી બોલતું સંભળાયેલું, 'યશ ક્લીક, જલદી કર યશ.' એટલે અમે એક બચ્ચાનું નામ 'યશ' અને મારું નામ 'ક્લીક' એમ સમજેલાં. એવી જ રીતે બીજી જાતના પક્ષી ઘોરાડનાં બચ્ચાંનાં નામ પડેલાં. કોઈક બોલ્યું, 'સૉ ક્યુટ' એટલે એકનું નામ 'સૉ' અને બીજાનું 'ક્યુટ'. ધ્રુવભાઈ લખે છે, 'મેં સોઓઓ ક્યુઉઉટ પૂરા ભાવથી અને લહેકાથી બોલાતું હશે તેની કલ્પના કરી.'

આ પુસ્તકમાંની ઘણી બધી વાતો એકબીજા સાથે સંકળાયેલી છે. માનવતાની મહેક દરેકમાંથી ડોકાય છે જેમ કે ગંગાબા, કે રમીમા, આસ્કાના વગેરે સ્ત્રી પાત્રોમાં. સૌમાં અરસપરસ મદદ કરવાની સહજતા નજરે પડે છે. લેખકની એક વિશિષ્ટતા રહી છે કે એમની કથાઓમાં સ્ત્રી-પાત્રો એક આગવી રીતે તરી આવતાં હોય છે. એવું જ કંઈક આ પુસ્તકમાં પણ છે. રમીમા ગામમાં રહેતી બધી જ જિંદગીઓને સરળતાથી ઓળખતાં, પાસે આવવા દેતાં, સ્વીકારતાં અને તે જિંદગીઓની સમસ્યાને ઉકેલવા મદદ કરતાં. સૌ પ્રથમ પોતાની સમસ્યાને ઉકેલી. પરાણે વૃદ્ધ પુરુષ સાથે પરણી. તેના ત્રણ દીકરા સાથે. પરણી કે તરત જ બધાને લઈને, બીજા એક ગામમાં જઈને પોતાની જિંદગી કાળી મજૂરી સાથે જોડી દીધી. કડિયા-મજૂર તરીકે જ જીવ્યાં. ધીમે ધીમે ગામની સ્ત્રીઓને પણ એ જ કામમાં નિપુણ બનાવી પૈસા રળતી કરી. બચત કરતાં શીખવ્યું. કથાનાયકે જે બેંક ખોલી હતી તેમાં સૌનાં ખાતાં પણ ખોલાવ્યાં. સ્વનિર્ભર બનાવી. આપણે ત્યાં પહેલેથી જ સ્ત્રી સશક્તિકરણ હતું. માત્ર મહિલા દિવસ ન ઉજવાતો.

કથામાં કેટલાક સરસ પ્રસંગો છે, એ આપણે માણીએ. એક વાર લેખક મધ્યરાત્રીએ પોતાની મોટરસાઈકલ પર સવાર થઈ જઈ રહ્યા હતા. 'એકાદ રાતપંખી પણ પસાર થતાં બોલ્યું, ''હવે તમે પણ રાત-વરત અહીં ફરતા થઈ ગયા ? પાછા આખાં વન ગજવતાં ફરો છો. તમને લોકોને ઘોંઘાટ સાંભળ્યા વગર ચાલતું જ નથી કે શું ?'' જવાબ આપ્યા વગર કથાનાયકે મોટર સાઈકલ બંધ કરી અને ધકેલતા આગળ વધ્યા. આમ વાતનો મર્મ પકડી, આચરણમાં મૂક્યું. આ થીંક ઑફ અધર્સ 'બીજાના વિચારની વાત' સલૂકાઈથી સાંભળી સરકી જાય છે. જતાં જતાં પણ હેણોતરા (એક જાતનું પશુ) પાસેથી પસાર થતાં સાંભળવું પડ્યું કે, ''પહેલાં ચોક્કસ શિકારી કે ચોર લોકો જ રાતે આવતા. હવે તમેય આવતા-જતા થઈ ગયા. પાછા આખા જંગલને બીવરાવતા ફરો છો.'' આ આખી વાત-સંવાદ એવો રમણીય છે કે આપણે આફરીન થઈ જઈએ. આ પુસ્તકમાં લેખક-પક્ષી-પશુ સખ્ય સંવાદ જ વિશેષ છે. આધુનિકતાના નામે આપણે જે વિકાસ ભણી દોટ મૂકી રહ્યા છીએ, એ અભિશાપ છે કે આશીર્વાદ એ નક્કી કરવાનો સમય આવી પૂગ્યો છે એમ જરૂર કહી શકાય.

આવો એક બીજો પ્રસંગ જાણીએ. લેખકને, બેંક કર્મચારી હોવાથી ઝાડ-વૃક્ષો વાવવાનું ફરમાન થાય છે. એ માટે સૌની સાથે એ અંગે વાત કરે છે, એનું મહત્ત્વ સમજાવે છે. ઝાડ-વૃક્ષો જમીન પર રોપાવાં જ જોઈએ. ત્યારે ત્યાંનો સ્થાનિક એક અભણ માણસ કહે છે, ''ઝાડ વાવો કે ગમે તે કરો. આ તો સરકારની માલિકીની વાત કરી, તો સરકાર બનાવનાર તો આપણે ને ! રાજા કે સરકાર માણસોએ કેમ રે'વું, કેમ નૈ એના કાયદા ભલે નક્કી કરે પણ ધરતીએ કેમ રે'વું એ સરકાર થોડી નક્કી કરે ? સરકાર જમીનને વતાવે જ શું કામ ? જમીન ક્યાં મત આપવા ગઈ'તી ?'' લેખકનું મનોમંથન ચાલે છે અને સ્વગત બોલે છે કે ''આદિકાળથી આજ સુધી અનુત્તર રહેલી આ પરિસ્થિતિએ પૃથ્વીને અને તેના પર પાંગરેલા તૃણથી લઈને મનુષ્ય સુધીના તમામ સજીવોને અતિ, અતિ, અતિ વિષમ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પરિસ્થિતિમાં મૂકી દીધો છે. ફરી પાછો પેલા અભણનો બડબડાટ સંભળાયો કે 'જમીનુંને જેમ ફાવે તેમ રગડાવો, પણ યાદ રાખજો, ધરતી તો મા છે. એના ખોળામાં રે'વાય. એને ગમે તેમ રગડાય નૈ. કો'ક દી શ્રાપ દઈ બેસે ત્યારે ભારે પડી જાશે.' આવો જ એક અનન્ય પ્રસંગ છે. એક રબારીની ભેંસ ખોવાઈ અને મળતી નથી. મુસલમાન બહેનને તે મળી. ભેંસ તો મરી ગઈ પણ તેનું બચ્ચું અદ્દલ તેની મા જેવું છે. એટલે મા નહીં તો તેનું બચ્ચું પરત કરવા જાય છે ત્યારે તે વખતનો વાર્તાલાપ હલાવી નાંખે તેવો છે. બંને પક્ષે હૃદયની વત્સલતા, માનવતા, સમજણની ઊંચાઈ નવાઈ પમાડે તેવી છે. આંખોમાં આંસુ ઊભરાઈ આવે તેવી છે. મનના મોટપની વાત સ્પર્શી જાય તેવી છે.

કથાનાયક બેંક સાથે જોડાયેલા છે. એટલે કચ્છમાં વસતી જત કોમના માલધારીઓ માટેનાં કેટલાંક કામો માટે જવાનું બન્યું. ''રસ્તામાં બબ્બુએ રોકાવા કહ્યું. કહે, 'લ્યો માંક જીભે મૂકો.' પાંદ પર ઝીલાયેલી 'માંક' ઝાકળનો સ્વાદ માણ્યો. ન ચાખેલો એક મંદ, નવતર સ્વાદ, એ અજાણી મધુર સુગંધ, હવા, એ ઝાકળનો સ્પર્શ, જીવનભર જોયા જ કરીએ તેવો ધૂમિલ દશ્યોને હળુહળુ ઉઘાડતો જતો ઝાકળભીનો પ્રકાશ, કુદરત કેટલાંક દશ્યો, કેટલાક સ્પર્શો, કેટલીક સુગંધ, કેટલાક સ્વર અને કેટલાક સ્વાદ એવી રીતે રજૂ કરે છે કે આપણે તેને ઓળખી નથી શકતા, નથી તેને કોઈ નામ આપી શકાતું. ન તો 'હું' અને 'તે' એવું સ્પષ્ટ દર્શાવી શકાતું. આપણાથી તેમાં ભળી જવા સિવાય કશું થઈ શકતું નથી !'' આ માણેલું વર્ણન આપણને સ્પર્શે તો ખરું જ પણ સાથેસાથે ભીંજવી જાય તેવું છે.

આવી જ વાતો ઊંટોને પણ છે. કાદવ વિસ્તારમાંથી પસાર થવાની અને કાદવમાં ફસાયેલા ઊંટને કાદવમાંથી કેવી રીતે બહાર કાઢવું તેની. સહિયારા પ્રયાસોથી આફતોને ઓળંગે છે તેની રોચક કથાઓ - પ્રસંગો છે. જત-ઊંટ એક જ તત્ત્વે સ્થિત છે. બંને એકબીજાથી એવા સંબંધિત છે કે એ સંબંધનું નામકરણ અશક્ય છે. એક-બીજાના સુખે-સુખી અને દુઃખે દુઃખી એવા અરસપરસ આશ્રિત છે. સાવલાપીર ફકીરાણી જત લોકોના પીર છે. એમનાં જે વચનો છે એનાથી જત લોકો બંધાયેલા છે. એ પણ સમજવા જેવું છે.

અભણના મુખેથી વિભાજનની વાત કહેવાઈ છે તે હૃદયને હલબલાવનારી છે. ઈબલાના મુખેથી જ સાંભળીએ : ''જન્મથી તેની ઉંમરનાં સાઠ વરસ સુધી ઈબલો અને તેનાં ઊંટ, બકરાં-ઘેટાં કચ્છથી આ તરફ છેક બંગાળના છેડે અને આ તરફ સિંધ વીંધતાં બલોચ અને અફઘાન કબીલાઓમાં નિરાંતે જઈ શકતાં. ૧૯૪૭ના વરસાદી દિવસોમાં એક રાતે ન જાણે શું બન્યું કે આ બધાને કચ્છીભૂમિ વળોટવાની મનાઈ થઈ ગઈ. 'રાતે સૂતા સુધી બેહદમાં હતાં સવારે જાગતાં પહેલાં તો હદમાં આવી ગયાં.'

''સંસ્કૃતિઓનાં આદાન-પ્રદાન અટકી પડ્યાં. આનંદના કે દર્દભર્યાં ગીતોની આપ-લે અટકી ગઈ, કહેવતો અને રહસ્યકથાઓ વિસરાવા માંડ્યાં. સરળ અધ્યાત્મની રેશમ-દોરી ક્યાંક ગંઠાઈ ગઈ. સાહિત્ય અને સંગીતના લય પણ બે ભાગમાં વહેંચાઈ ગયાં. મારા જેવાને એ ક્યારેય નથી સમજાવાનું કે અનહદને હદ લાગી જાય એટલે શું ?''

આ વિભાજન અંગે, તેની વીતક-વ્યથા અંગે ખૂબ ખૂબ લખાયું છે. પણ જે શબ્દો થકી, ટૂંકાણમાં, સારગર્ભથી આ લખાયું છે તે નોખું-અનોખું છે એમ અમને લાગે છે. આ આખી કથા કચ્છની પૃષ્ઠભૂમિમાં લખાઈ છે. લેખકની દરેક કથામાં એક વિશેષતા સદાય રહી છે કે જે પ્રદેશની વાત કરવાની હોય તે પ્રદેશને પોતાનો કરી દે છે. જરૂરી સમય એક યાત્રિક તરીકે રહી, ત્યાંનું લોકજીવન, પરિવેશ, રહેણી-કરણી, બોલાતી બોલી એમ સઘળું આત્મસાત્ કરે છે. માત્ર કલ્પનો જ નથી હોતાં પણ સત્ય અને કલ્પનોને લઈને એક સર્વાંગ સુંદર સાયુજ્ય રચાય છે. જે વાચકને ગ્રસી લે છે. ક્યારેક તો આપણને એવું જ લાગે કે આ સત્યઘટના છે.

પુસ્તકનો ઉઘાડ જેટલો સુંદર છે એટલો જ અંત પણ સુંદર છે. કથાનાયક બેંકમાંથી રાજીનામું આપે છે. વતન જવા નોકરી છોડે છે. એટલે વિદાયવેળાએ સૌને હાય-હેલ્લો કરવા નીકળે છે. સોહનચીડિયા (પક્ષી) મળે છે ને પૂછે છે, ''બોલો બોલો તમારાં નામ તો કહો. લોકો તમને જોઈને શું બોલે છે તે જાણું તો ખરો !'' 'મારું નામ'.... એક સોહનચીડિયા બોલી 'પરહેપ્સ' (Perheps) કદાચ. લાસ્ટવન (last one) છેલ્લી એક માત્ર.

કવિ-લેખક ધ્રુવભાઈને સો-સો સલામ. ગૂર્જર ગ્રંથરત્નને પણ આવા પ્રકાશન બદલ અભિનંદન.

**– ભદ્રા-વિક્રમ સવાઈ**

પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩, ૦૯૨૨૭૦૫૫૭૭૭

---

ભારત માટે ... (પાન ૨૩નું ચાલુ)

જ ઊભી થાય. આ પરિસ્થિતિને 'હું કરું તારી આંખમાં આંગળી, તું કર મારા મોઢામાં આંગળી' કહી શકાય. જેમાં આંખ પણ જાય અને આંગળી પણ જાય. ભારતે શક્ય તેટલાં બધાં જ આંતરરાષ્ટ્રીય ફોરમમાં ચીનને આ પ્રોજેક્ટમાં આગળ વધતું અટકાવવા પ્રયત્ન કરવો જોઈએ.

છેલ્લા એક દાયકાનો આપણો અનુભવ એવો રહ્યો છે કે, સરહદે શાંતિ જળવાઈ રહે એવી એકતરફી જવાબદારી માત્ર ભારતની જ છે. કોઈ અગમ્ય કારણસર ભારત ચીન સામે ઊંચા અવાજે બોલી શકતું નથી. અરુણાચલ પ્રદેશમાં ચીનની ઘૂસણખોરી જગજાહેર છે. અક્સાઈ ચીન જે એક જમાનામાં આપણા કાશ્મીરનો ભાગ હતું તેને ચીને બે ભાગમાં વિભાજિત કરી પોતાના રાજ્યનું નામ આપી દીધું છે. આપણે ભલે ૩૭૦ની કલમ નાબૂદ કરી. એનાથી પાકિસ્તાનના કબજાનું કાશ્મીર કે અક્સાઈ ચીન પાછું મળવાનું નથી. ઊલટાનું લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરી આપણે એક વધુ માથાનો દુખાવો ઊભો કર્યો છે.

આજે ચીન જે કરવા જઈ રહ્યું છે તેને કારણે હેઠવાસના દેશોનો અધિકાર 'રીપેરીયન રાઈટ' નંદવાય છે. પાકિસ્તાન સાથે આપણે સિંધુ સંધિ છે. બાંગ્લાદેશ સાથે પણ સંધિ છે. આપણે એમના તરફ જતા પાણીને અડપલું કરી શકતા નથી ત્યારે ભારતે તાત્કાલિક અસરથી આ મુદ્દે જે કંઈ કરવું ઘટે તે કરવું જોઈએ.

દિ.ભા. ૧૨-૧-૨૦૨૫ **– ડૉ. જયનારાયણ વ્યાસ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ‘તીસ સાલ - સંઘર્ષો કી મશાલ’

૧ થી ૪ માર્ચ દરમ્યાન હૈદરાબાદ મુકામે જન આંદોલનોના રાષ્ટ્રીય સમન્વય (NAPM)નું રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. આમ તો NAPMનાં રાષ્ટ્રીય સંમેલનો દર વર્ષે યોજાય જ છે પરંતુ, આ વર્ષે NAPM એ તેની યાત્રાનાં ૩૦ વર્ષ પૂર્ણ કર્યાં તે એક વિશેષ બાબત હતી.

આ સંમેલનમાં આવેલ ગણ્યમાન્ય નેતાઓએ કહ્યું કે આજે દેશમાં લોકશાહી ટકી રહી છે તેનું મોટું શ્રેય જનઆંદોલનોને જાય છે. NAPM પોતાની ત્રીસમી વર્ષગાંઠ મનાવતા દાભોલ (એનરોન), પ્લાચીમાડા (કોકાકોલા), ઉમરગામ જેવી અનેક લડતોને યાદ કરે છે. આ અને અન્ય લડતો કોર્પોરેટ્સ દ્વારા ચલાવાતી લૂંટનો પર્દાફાશ કરનારી હતી, તો સ્થાનિક શ્રમજીવીઓના અધિકારોનું પુનઃસ્થાપન કરનારી પણ હતી. NAPM આ ત્રીસ વષ દરમિયાન જ્યાં જ્યાં પણ અન્યાય થયો છે – પછી તે બહુરાષ્ટ્રીય કંપની દ્વારા હોય કે સાંપ્રદાયિક તાકાત દ્વારા – તે લોકો સાથે ઊભું રહ્યું છે. આ લડતોને કારણે ન્યાયી અને લોકોને અધિકાર અપાવતા કાયદાઓ પણ ઘડાયા છે અને લોકશક્તિનો આવિર્ભાવ થયો છે.

૧લી માર્ચ, ૨૦૨૫ના રોજ હૈદરાબાદના પ્રદર્શન મેદાનમાં શરૂ થયેલ રાષ્ટ્રીય સંમેલનમાં ૨૪ રાજ્યોમાંથી ૮૦૦ લોકોએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં ભાગ લેવા દેશભરમાંથી કર્મશીલો, સમુદાયના નેતાઓ અને લોકઆંદોલનોના પ્રતિનિધિઓ આવ્યા હતા. આ એવા સાથીઓ છે જે ન્યાય, લોકશાહી, અને બંધારણીય અધિકારો માટે નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યા છે, લડી રહ્યા છે. આ સાથીઓમાં કશ્મીર, નર્મદા અને લદાખની ઘાટીઓમાંથી તો બસ્તર, ઝારખંડ અને ઓરિસ્સાનાં જંગલોમાંથી અને તામિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશના દરિયાકિનારાથી આવેલા ખેડૂતો, માછીમારો, દલિત મજૂરો, શહેરી કર્મશીલો, મહિલાઓના અધિકાર માટે લડનારા, તેમજ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ સંમેલન એટલે લોકશાહી, ન્યાય અને વૈકલ્પિક વિચારધારાવાળા લોકોના શાસન માટેની લડાઈઓનું જાણે કે એક વસિયતનામું હતું.

તેલંગાણાના મિત્રોએ હૈદરાબાદની ધરતી પર સહુનું સ્વાગત કરતા તેલંગાણાના લોકોની લડતોના સમૃદ્ધ ઇતિહાસની વાતો રજૂ કરી તો સાથે સાથે વર્તમાન સમયમાં મોટા પ્રમાણમાં કોર્પોરેટ્સ દ્વારા થતી જમીન તેમજ અન્ય કુદરતી સંસાધનોની લૂંટની વાત પણ કરી. આ સંમેલનનું મુખ્ય સૂત્ર હતું ‘૩૦ સાલ - સંઘર્ષોકી મશાલ’. સાથેસાથે સફરનામા (NAPM @30) મથાળા હેઠળ જન આંદોલનોના રાષ્ટ્રીય સમન્વયની ૩૦ વર્ષની યાત્રાનાં લેખાં જોખાં કરતું સુંદર સુવેનીયર પણ બહાર પાડવામાં આવ્યું. એમાં આપેલા લેખોના અનુવાદો આવતા અંકોમાં આપવાનો પ્રયત્ન કરીશું.

સંમેલનમાં પ્રોફેસર જી.હરગોપાલ, સોનમ વાંગચુક, આશિષ કોઠારી, મેધા પાટકર, અરુણા રૉય, પ્રશાંતભૂષણ, પ્રોફેસર રોઝમરી ઝુવીચુ, બેલા ભાટિયા, ટી.એન. ક્રિશ્ના, ઈરફાન એન્જિનીયર અને શાંતા સિન્હા જેવા મહાનુભાવોએ કાયદો, શાસન, લૈંગિક સમાનતા, પર્યાવરણ, રાજકીય પરિસ્થિતિ, સામાજિક ન્યાય, બહુમતીવાદનું રાજકારણ, કોર્પોરેટ્સ દ્વારા થતું શોષણ, પાયાના સંઘર્ષો અંગે વિવેચનાત્મક વિચારો રજૂ કર્યા. આજે સૌથી તાતી જરૂર સરમુખત્યારશાહી વલણોનો બધાં આંદોલનોએ સાથે મળીને વિરોધ કરવાની છે. અને પર્યાવરણીય સંતુલન તેમજ સુમદાયો (લોકો) દ્વારા ચાલનારા શાસન માટેના વિકાસનું દર્શન પણ સાથેસાથે રજૂ કરવું પડશે એવું તેમણે કહ્યું.

જનઆંદોલનોના સન્માનનીય તેવાં શ્રીમતી મેધા પાટકરે સહુને યાદ અપાવ્યું કે કેવા સંજોગોમાં NAPMનો જન્મ થયો હતો. તેમણે કહ્યું કે, ‘‘નવઉદારવાદ – જેણે લાખો લોકોનાં કુદરતી સંસાધનો છીનવી લઈને નિરાધાર બનાવ્યા – તેનું બળવત્તર થતા જવું તેમજ કોમવાદી પરિબળો દ્વારા વધતી જતી હિંસા જેણે લોકોમાં ભાગલા પાડવાની શરૂઆત કરી તેમજ સામાન્ય લોકોને થતા અન્યાય અંગે ઊઠતા અવાજને દબાવી દેવો. આજે આપણે જોઈએ છીએ કે આ બધી જ સમસ્યાઓએ આપણને વધુ મજબૂતીથી જકડી લીધા છે.’’

કોર્પોરેટ્સનો લોભ લોકો પાસેથી તેમની જમીનો અને અન્ય જીવન જીવવાનાં સંસાધનો છીનવી લઈને તેમને નિરાધાર બનાવી રહ્યા છે. તો સાથે સાથે સરકારી દમન પણ વધતું જાય છે અને લોકોની તાકાતને નબળી પાડવા માટે ધર્મ તેમજ જાતિના નામે લોકોને વિભાજિત કરવાનું પણ જાણે વધુ વેગથી થઈ રહ્યું છે. આમ છતાં આપણે જોઈએ છીએ કે આખા દેશમાં, ખૂણે ખૂણે માઈનીંગ કંપનીઓ સામેની આદિવાસીઓની લડાઈ હોય કે દરિયાકિનારાને સાચવવા માટેનો માછીમારોનો સંઘર્ષ, કે ખેતીમાં સંપ્રભુતાની જાળવણી માટેની ખેડૂતોની લડાઈ – તેમનો સહુનો લડાઈ માટેનો અન્યાય સામે સંઘર્ષ કરવાનો જુસ્સો અણનમ છે.

આજના અન્ય સળગતા મુદ્દાઓ અંગે પણ સંમેલનમાં રજૂઆતો તેમજ ચર્ચાઓ થઈ. જેમાં ન્યાયાલયના સ્વાતંત્ર્યનું થયેલું ધોવાણ, જુદો મત રજૂ કરનાર સામે કાયદાને હથિયાર તરીકે વાપરવો, સાંસ્કૃતિક વિવિધતાને ખતમ કરતા જવી તેમજ સફાઈ કામદારોનું જાતિના નામે કરવામાં આવતું શોષણ જેવા મુદ્દાઓ આવરી લેવાયા. આ અંગે કાયદાકીય, સામાજિક, સાંસ્કૃતિક તેમજ રાજકીય સ્તરે ન્યાય માટેની લડત ચાલુ રાખવી પડશે તેવું ભારપૂર્વક ઠરાવવામાં આવ્યું. સુ.શ્રી અરુણા રૉયે સમૂહમાં બંધારણનું વાંચન કરાવીને સહુમાં જોશ જગાડવાનું કામ કર્યું. સાથે સાથે આજના કપરા સમયમાં આપણે ન્યાય, સમાનતા અને ભાઈચારા માટેની લડાઈની મશાલ જલતી રાખવાની છે એ વાતની યાદ અપાવી.




આ ઉપરાંત સંમેલનમાં જુદા જુદા વિસ્તારો અને



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મુદ્દાઓ અંગે જૂથમાં બેસીને વધુ ઊંડાણમાં તથા સવિસ્તર ચર્ચાઓ પણ કરવામાં આવી. આજે દેશભરમાં ચાલી રહેલાં વિવિધ આંદોલનો અંગે સમજણ ઊભી થાય તેમજ એક જ મુદ્દે લડતા લોકો તથા નજીકના વિસ્તારના લોકો કઈ રીતે એક-મેકની મદદ કરી શકે, એકબીજાને પૂરક રોલ ભજવી શકે તે અંગે પણ વિચારણા કરવામાં આવી. દેશભરનાં પાયાનાં આંદોલનોની રજૂઆતો, વૈકલ્પિક ભવિષ્ય માટેના તેમના સંઘર્ષ, સહનશીલતા અને સંકલ્પનાનો ચિતાર આપનારી રહી. સાથેસાથે આ રજૂઆતોએ ભારતની વિવિધતાનું ચિત્ર પણ સુંદર રીતે સહુની સમક્ષ ખડું કર્યું. થોડા દાખલા અહીં જોઈએ. નર્મદા બચાઓ અને સ્વમાનપૂર્ણ વેતન માટેની શહેરી મજૂરોની લડાઈની વાત તથા આંદોલનના કાર્યકરે જમીન માટેની લડાઈની, જેમાં હજારો વિસ્થાપિતોએ વર્ષોની મહેનત પછી પોતાની જમીનો પાછી મેળવી તેની વાત કરી. તો ગુજરાતના કર્મશીલોએ વિરોધ કે જુદો અવાજ જ્યાં દબાવી દેવામાં આવે છે અને નાગરિક સમાજ માટેનું વાતાવરણ જ્યાં અત્યંત વિપરીત છે તેવા સંજોગોમાં ન્યાય માટેની લડતની વાત, દમન સામેનો અવાજ કેવી રીતે જીવતા રાખવાના પ્રયત્નો થાય છે તેની વાત કરી. તો છત્તીસગઢના સાથીઓએ હસદેવના જંગલ સાચવવા માટે ચાલી રહેલી આદિવાસીઓની લડતની વાત કરતા કહ્યું કે સ્થાનિક આદિવાસી સમૂહોએ મહાકાય માઈનીંગ કંપનીઓને રોકી રાખી છે, જેને કારણે તેમનાં જંગલો અને આજીવિકા બંને બચાવી શકાય. તેમના ઉપર ખૂબ દમન થાય છે. ભોપાલથી આવેલ ટ્રાન્સજેન્ડર કર્મશીલે તેમને સમાજમાંથી કેવા ભેદભાવનો સામનો કરવો પડે છે અને પ્રાથમિક માનવઅધિકાર માટે સંઘર્ષ કરવો પડે છે તે અંગે રજૂઆત કરી.

નેશનલ અલાયન્સ ફોર જસ્ટીસ, એકાઉન્ટેબીલીટી એન્ડ રાઈટ્સ (NAJAR) - ન્યાય, જવાબદેહીતા અને અધિકાર માટેનો રાષ્ટ્રીય સમન્વય- એ આયોજિત ચર્ચામાં ભાગ લેતાં સુપ્રીમ કોર્ટના એડવોકેટ શ્રી પ્રશાંતભૂષણ અને કર્મશીલ અંજલિ ભારદ્વાજે ન્યાયવ્યવસ્થા તેમજ શાસન દ્વારા થતા અન્યાયનો વિરોધ કઈ રીતે કરવો તેની વાત કરી. તો મેધાબહેને 'નદી ઘાટી મંચ'ના ઉપક્રમે વાત કરતાં નદીને કુદરતી તેમજ મુક્તતાથી વહેવાનો અધિકાર છે અને તેને કોર્પોરેટ લૂંટમાંથી બચાવીને સામાન્ય લોકોને ફરીથી ઉપલબ્ધ બને તે માટે કામ કરવાની હાકલ કરી. ખેડૂત આંદોલનના નેતા તેમજ કાર્યકરોએ કોર્પોરેટના સકંજામાંથી જમીન બચાવવા તેમજ ખેતીનું ઔદ્યોગિકીકરણ તેમજ કોર્પોરેટાઈઝેશન થઈ રહ્યું છે તેમાંથી તેને બચાવી લેવા માટે ચાલતા સંઘર્ષની વાત રજૂ કરી.

આ ઉપરાંત સંમેલનમાં NAPMને સંલગ્ન બીજાં આંદોલનો જેવાં કે શહેરી સમસ્યાઓ અંગેનું નેશનલ ફોરમ ઓફ અર્બન સ્ટ્રગલ્સ, સ્ત્રીઓના પ્રશ્નો અંગે કામ કરતું ઑલ ઇન્ડિયા ફેમીનીસ્ટ અલાયન્સ (ALIFA), નેશનલ હેલ્થ રાઈટ્સ ફોરમ, કોમવાદી તણાવ, હિંસાને રોકવા તેમજ સામાજિક સૌહાર્દ સ્થાપવા માટે મથતું ઑલ ઇન્ડિયા ઇન્કલાબી યુથ એન્ડ સ્ટુડેન્ટ્સ અલાયન્સ (ALIYSA), ઑલ ઇન્ડિયા વર્કર્સ ફોરમ વગેરેએ સંલગ્ન વિષયો પર ચર્ચા કરીને વ્યૂહરચના તેમજ આગળના કામનાં આયોજનો કર્યાં.

સંમેલન તેલંગાણાની ધરતી પર આયોજિત થયું હતું એટલે અહીંના જમીનના સંઘર્ષોના ઇતિહાસ અંગે એક ખાસ સેશનનું આયોજન કરાયું હતું. જેમાં આજના સંદર્ભમાં જમીન સંપાદન, ખાણકામ તેમજ મજૂરોના થતા શોષણ માટે લડતો ચાલે છે તેનો પરિચય પણ સહુને આપવામાં આવ્યો.

સંમેલનમાં પ્રથમ બે દિવસમાં એકંદરે દેશભરમાંથી આવેલાં આંદોલનોએ પોતાની વાત મૂકી અને ગઠબંધન મજબૂત કરીશું તો જ આવનાર સમયમાં સામાન્ય તેમજ મહેનતકશ લોકોની જીંદગીઓ ને બચાવી શકીશું એ વાત પર ભાર મૂકવામાં આવ્યો. કારણ કે લોકશાહી ન્યાય તેમજ બંધારણીય મૂલ્યોનું જતન કરવા માટે લોકઆંદાલનો જેટલું મજબૂત સાધન બીજું કોઈ નથી.

(NAPMની પ્રેસનોટ પરથી) - સંકલિત

---

## દીવડાની જ્યોત...

(પાન ૧૪નું ચાલુ)

સમગ્ર એટલે સર્વાંગી. એકાંગી ઉપાસનાનું ઊંડાણ અને સર્વાંગીની સમગ્રતાના સમન્વયનો પ્રયત્ન કરનારો હતો મોહન.

○ માનવીના વિચારોનું મૂલ્ય સફળતાઓથી નથી મપાતું, આકાંક્ષાઓથી મપાય છે. સર્વોત્તમ સફળતાઓથી પણ શ્રેષ્ઠ એ આંકાક્ષાઓ હોય છે જે સફળ ન થઈ શકી હોય અને આકાંક્ષા જ રહી ગઈ હોય. 'ઘડપડનારા મોહન'ના જીવનનું સૌંદર્ય આવી અતૃપ્ત આકાંક્ષાઓથી નીખરી ઊઠે છે.

○ મોહનની નિષ્ઠાની ગંગોત્રી (ઉદ્‌ગમ) ક્યાંથી આવી એ શોધવાનો પ્રયત્ન મેં કર્યો. ગંગૌધનો ઉદ્‌ગમ તેના જીવનના પ્રારંભમાં પણ મને નજરે નથી પડતો. મને વિશ્વાસ છે કે એ એના પૂર્વજન્મોની ધરોહર હતી. આગળ પોતાની અધૂરી આકાંક્ષા-પૂર્તિ માટે એ મેંઢા (લેખા)માં જન્મ લેશે.

અમારા મનમાં એક જ આક્રોશ છે કે આવા ઉદાત્ત જીવન ને પ્રારબ્ધે વેદનામુક્ત મૃત્યુનું વરદાન નહીં આપ્યું.

(હિંદીમાંથી અનુવાદ) **- ડૉ. ઉલ્લહાસ જાજુ**

સેવાગ્રામ, મો. : ૯૪૨૧૭૨૭૫૨૦

---

## સીધું ને સટ્ટ...

(પાન ૨૨નું ચાલુ)

પહેલાં રજા પર ઊતરી ગયા પછી રાજીનામું ધરી દીધું.

યોજનામાં પાછળથી કેનાલો બનાવવામાં ગુણવત્તા જાળવવામાં ન આવી. બનાસકાંઠામાં કેનાલો ૧૨૩ વખત તૂટી છે. નર્મદા મેઈન કેનાલ જે રાજસ્થાન સુધી જાય છે તેમાં ઘણું પાણી જવા છતાં તૂટી નથી.

(૬) ડેમના નીચેના વિસ્તારમાં - દરિયા તરફ નદીનો મીનીમમ ફ્લો (આશરે ૧૦૦૦૦ ક્યુસેકનો) ન જળવાતાં દરિયાનાં પાણી અંદર ધસી આવતાં જમીનોમાં ખારાં પાણી જાય છે. કેળા, ડાંગરના પાકોને નુકસાન થાય છે.

સરકારે યોજનાનાં ધારા-ધોરણોનો ભંગ કરીને લોકરંજનનો માર્ગ અપનાવ્યો છે, જેનાથી એકંદરે નુકસાન જ થતું રહ્યું છે. શ્રી જયનારાયણ ભાઈ ૨-૩ વર્ષમાં નર્મદા યોજનાના ઘણા બધા પ્રશ્નો તેમના આગામી પુસ્તકમાં કરવાના છે. આપણને સંવાદમાં તેની આછેરી ઝલક મળી છે. પુસ્તકની કાગડોળે રાહ જોઈએ. **- રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સીધું ને સટ્ટ : નર્મદા એવોર્ડનો ભંગ થયો છે

**મા**ર્ચ ૨૦૨૫માં ડૉ. હરિભાઈ દેસાઈની ગુજરાતી ચેનલ ‘સીધું ને સટ્ટ’માં એક વખતના નર્મદા યોજનાના મંત્રી શ્રી જયનારાયણભાઈ વ્યાસ સાથે સંવાદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

નર્મદા યોજના શરૂઆતથી જ વિવાદોમાં ઘેરાયેલી રહી છે. આપણે આ લેખમાં યોજનાની વિગતો, યોજનાનો ઇતિહાસ, વિસ્થાપન, પર્યાવરણના પ્રશ્નો જેવાં અનેક પાસાની વાતો નહીં કરીએ, માત્ર હરિભાઈ અને જયનારાયણભાઈ વચ્ચે થયેલ નર્મદા એવોર્ડ તેમજ તેના અમલીકરણ અંગેની મહત્ત્વની વાતો પર જ ધ્યાન આપીશું.

રાજ્યો રાજ્યો વચ્ચે યોજનાના લાભો મેળવવા માટે ખેંચાતાણી થાય તે સ્વાભાવિક વાત છે. ઊભા થતા પ્રશ્નોનો નિકાલ લાવવા માટે ૧૯૫૬માં નર્મદા વૉટર ડિસ્પ્યુટ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી. બધાની વાતો સાંભળ્યા પછી ૭ ડિસે. ૧૯૭૯માં ચુકાદો આવ્યો, જેનો અમલ ૪૫ વર્ષ સુધી સૌએ કરવાનો છે તેમ જાહેર કરવામાં આવ્યું. આમાં ૦ મધ્ય પ્રદેશ ૦ ગુજરાત ૦ મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યોનો સમાવેશ થયો છે, જેને પાણી ની વીજળીનો લાભ મળવાનો છે.

પાણીની વહેંચણી આ પ્રમાણે કરવામાં આવી હતી. ❍ મધ્ય પ્રદેશ ૧૮.૨૫ MAF (મિલિયન એકર ફીટ) ❍ ગુજરાત ૯ MAF ❍ મહારાષ્ટ્ર ૦.૨૫ MAF ❍ રાજસ્થાન ૦.૫૦ MAF

સરદાર સરોવર ડેમ દ્વારા પેદા થતી વીજળીની વહેંચણી નીચે પ્રમાણે છે – ૦ મધ્યપ્રદેશ ૫૭ ટકા ૦ મહારાષ્ટ્ર ૨૭ ટકા અને ૦ ગુજરાત ૧૬ ટકા.

સરદાર સરોવર પ્રોજેક્ટ (S.S.P.) દ્વારા બે સ્થળે વીજળી ઉત્પાદન થાય છે. ડેમની તળેટીમાં આવેલ જલવિદ્યુત મથકમાં ૨૦૦ મેગાવોટના ૬ એકમોમાં કુલ ૧૨૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી શકાય. તેમજ ડેમમાંથી નીકળતી કેનાલના માર્ગમાં આવેલા ૫૦ મેગાવોટના પાંચ ટરબાઈન યુનીટમાંથી ૫ x ૫૦ = ૨૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી શકાય છે. સરદાર સરોવર યોજના અંતર્ગત ગુજરાતમાં ૧૮ લાખ હેક્ટર જમીનને સીંચાઈ પૂરી પાડવાનું સ્વપ્ન સેવવામાં આવ્યું છે. આ માટે કુલ ૭૪૦૦૦ કિ.મી.નું કેનાલ નેટવર્ક ઊભું કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. (જે આજ સુધી પૂરા પ્રમાણમાં થયું નથી.)

આપણે ભૂમિપુત્રમાં મારા લેખ તા. ૧-૧૦-૨૦૦૯માં લખ્યું હતું– શ્રી જયનારાયણભાઈ સાથે ઘણા બધા વૈચારિક મતભેદ હોઈ શકે તેમ છતાં મારું માનવું છે કે જૂના અનુભવી મંત્રીને નર્મદા યોજના પૂરી કરવાનું કામ કેમ ન સોંપાયું ? આ સમય નિરર્થક પ્રયોગો કરવામાં વેડફવાનો છે ? સરકાર વાસ્તવિક મુશ્કેલીઓનો સામનો કરવાના સ્થાને નવાં ગતકડાં શોધી રહી છે.

(વધુ વિગતો માટે જુઓ પુસ્તક : ‘સરદાર સરોવર યોજના – પ્રક્રિયા, પરિણામ, વિશ્લેષણ અને સૂચનો – રજની દવે – યજ્ઞ પ્રકાશન, પાન-૪૫).

સંવાદ દરમ્યાન જયનારાયણભાઈએ કહ્યું – જો કેશુભાઈ પટેલે મારું રાજીનામું ન માંગ્યું હોત તો નર્મદા યોજનાના નામે થયેલાં ખોટાં કામો ન થયાં હોત. આગળ ઉપર કહે છે – આનાથી રાજ્યને અને રાજ્યની ખેતીને નુકસાન જ થયું છે. યોજનાનું મુખ્ય લક્ષ કચ્છ અને સુરેન્દ્રનગર જેવા ઓછા વરસાદવાળા વિસ્તારોને યોગ્ય માત્રામાં પાણી પહોંચાડવાનું છે. પણ તે સંપૂર્ણપણે ન થયું. હા, એકંદરે પીવાનાં પાણી પહોંચાડવાનું કામ સારી રીતે થયું છે. પણ ખેતીને ન્યાય ન આપી શક્યા. આમાં એવોર્ડમાં દર્શાવેલી ઘણી બધી વાતોનો ભંગ થયો છે.

(૧) પાણી ૧૮'' કરતાં વધુ માત્રામાં ખેતરને ન આપવાનું નક્કી થયું હતું. ડાંગર અને શેરડીને પાણી નહીં આપવાનું કહેવામાં આવ્યું હતું. પાણી આપવા માટે વોલ્યુમેટ્રિક કંટ્રોલની ટેકનોલોજી વાપરવાનું નક્કી થયું હતું – પાણી કોઈ વ્યક્તિગત ખેડૂતને નહીં પણ ખેડૂત મંડળીને જ આપવાનું નક્કી થયું હતું. આ માટે કોમ્પ્યુટર સિસ્ટમ દ્વારા કેવડીયામાં બેઠા બેઠા ક્યાં કેટલું પાણી જઈ રહ્યું છે તે જોઈ શકાય તેવું આયોજન જયનારાણભાઈના કાર્યકાળમાં નકી થયું હતું. પણ તે ન થયું. પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજસ્થાને તેના ભાગના પાણીમાંથી ૭૫૦૦૦ હેક્ટર જમીનની સીંચાઈ આદરી છે. મુખ્યત્વે માઇક્રોઈરીગેશન સિસ્ટમ વાપરી છે. પાણી ગુજરાતની જેમ વેડફ્યું નથી. જયનારાયણભાઈ કહે છે, ગુજરાતમાં હાલ કેટલી જમીનમાં પાણી જાય છે તેના આંકડા જ આપણી પાસે નથી. સરકારે બેફામ રીતે પાણી વાપરવાની છૂટ આપી છે.

(૨) કેનાલની બંને બાજુથી પાણી વાપરવાની મનાઈ છે, કેનાલ કંટૂરના ઉપરના ભાગે પમ્પ મૂકી પાણી લેતાં જમીન ખારી બને છે. સમી હારીજ વિસ્તારમાં જમીનો ખારી થઈ ગઈ છે. એવોર્ડનો આમાં ભંગ થયો છે.

(૩) યોજનાના કમાન્ડ એરિયા બહારના વિસ્તારમાં કોઈ પણ ભોગે પાણી ન આપવું જોઈએ. આ કામ કરવા જતાં કચ્છમાં પહોંચનારા પાણીમાં કાપ આવી જાય.

(૪) સાબરમતી નદીમાં કે સરસ્વતી નદીમાં પાણી નાંખવું તે એવાર્ડનો ભંગ છે. સરસ્વતીમાં પાઈપ દ્વારા પાણી આપવાનું તો માત્ર એક બે દિવસનું નાટક જ હતું. અમદાવાદ વિસ્તારમાં ૧૮'' જેટલો વરસાદ પડે છે તેના પૂરા ઉપયોગનું આયોજન કરવામાં આવે તો અન્ય પાણીની જરૂર ન રહે. રીવર ફ્રન્ટના નામે રેતીની મોટા પાયે ખનીજ ચોરી જ થાય છે.

(૫) સૌરાષ્ટ્રમાં ''સૌની યોજના'' એ શાસકોના અજ્ઞાનનું પરિણામ છે. પાઈપલાઈન દ્વારા ડેમ ભરવાની વાત ખોટી છે. જ્યારે પાણી ભરવાનું બંધ કરવામાં આવે ત્યારે પાઈપમાં રહેલી રેતી, માટીના કણો (Silt) ધીરે ધીરે પાઈપોને ચોક કરી નાંખે છે. આને સાફ કરવાની કોઈ ટેકનોલોજી નથી. એમ કહેવાય છે, આ તો બંધ પડેલા પાઈપના કારખાનાને કામ મળે તે માટે શરૂ કરેલી યોજના છે – આના કારણે એક સારા અધિકારી

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભારત માટે ભય પેદા કરતો ચીનનો 'પાણિયારો' ડેમ

**સ**રદાર સરોવર બંધ બાંધવાનો મૂળ વિચાર તો આઝાદી પહેલાંનો હતો પણ છેક ૧૯૮૦ના અંતમાં એનું કામ શરૂ થયું. આ પ્રોજેક્ટના વિરોધમાં દુનિયાભરના પર્યાવરણવાદીઓ હતા. દેશની સર્વોચ્ચ અદાલતમાં પ્રોજેક્ટને પડકારવામાં આવ્યો. ઘણીબધી આપત્તિઓ અને લગભગ પાંચ દાયકાના સમય બાદ આ બંધનું કામ પૂરું થયું. હજુ ૨૦૨૫માં પણ સિંચાઈ માટેની નહેરોનું કામ પૂરું નથી થયું.

દરમિયાનમાં ચીને દુનિયાનો સૌથી મોટો 'થ્રી-ગોર્જીસ' પ્રોજેક્ટ પૂરો કર્યો. જેની વીજ ઉત્પાદન ક્ષમતા સરદાર સરોવર પ્રોજેક્ટના ૧૪૫૦ મેગાવોટ સામે ૧૮,૦૦૦ મેગાવોટ કરતાં વધારે છે. હવે ચીને 'થ્રી-ગોર્જીસ' કરતાં પણ મોટો પ્રોજેક્ટ ભારત-ચીનની સરહદ પર તિબેટમાં બ્રહ્મપુત્રા નદી ઉપર પ્લાન કર્યો છે. યારલંગ શંગપો નદી જેને આપણે બ્રહ્મપુત્રા તરીકે ઓળખીએ છીએ, તેના પર બનનારો બંધ દુનિયામાં સૌથી મોટો હશે.

ઊર્જા ઉત્પાદનના ક્ષેત્રે આ બંધ અત્યાર સુધીના વિશ્વના સૌથી મોટા 'થ્રી-ગોર્જીસ' પ્રોજેક્ટની સરખામણીમાં ત્રણ ગણી વીજળીનું ઉત્પાદન કરશે. તિબેટમાં બંધાનાર આ બંધ એન્જિનિયરિંગની દૃષ્ટિએ કલ્પનાતીત કહી શકાય તેવી અનેક મોટી ચેલેન્જ ઊભી કરશે. આ બંધની વિશાળતાનો અંદાજ તેમાં થનારા અંદાજિત ૧૩૭ અબજ અમેરિકન ડોલરના રોકાણ પરથી આવશે. જોકે, હજુ સુધી આ બંધનું બાંધકામ ક્યારે શરૂ થશે તે અને એનું સાચેસાચું સ્થળ જાહેર કરવામાં આવ્યું નથી. ચીનમાં જ્યાં સૌથી વધારે વરસાદ પડે છે તેવા વિસ્તારમાં આ બંધ બાંધવામાં આવશે. આ બંધ થકી ૩૦૦ અબજ કિલોવોટ અવર વીજળી વર્ષે દહાડે ઉત્પન્ન કરવામાં આવશે. અત્યારે દુનિયાના સૌથી મોટા 'થ્રી-ગોર્જીસ' બંધની ઇન્સ્ટોલ્ડ કેપિસિટી ૮૮.૨ અબજ કિલોવોટ અવર છે, જેના ઉપરથી ચીન દ્વારા બંધાનાર આ નવા રાક્ષસી બંધની ક્ષમતા સમજી શકાશે.

જેમ નર્મદા યોજનાનું સ્થળ કેવડિયા સિસ્મિક ઝોન એટલે કે ધરતીકંપની શક્યતાવાળો વિભાગ છે. એ જ રીતે આ જગ્યા પણ ધરતીકંપની શક્યતા ધરાવતી ટેક્ટોનિક પ્લેટ બાઉન્ડ્રી છે, જે મેદાની વિસ્તાર કરતાં તદ્દન જુદું જ જિયોલોજિકલ ફોર્મેશન ધરાવે છે. ૨૦૨૩માં તૈયાર કરવામાં આવેલા શક્યતાદર્શક અહેવાલ મુજબ આ ડેમનું હાઈડ્રો પાવર સ્ટેશન ૩૦૦ અબજ કિલોવોટ અવર વીજળી દર વર્ષે પેદા કરશે જે ૩૦ કરોડની વસ્તી માટે વીજળીની જરૂરિયાત સંતોષવા માટે પૂરતી છે.

ચીનનું કહેવું છે કે, અત્યંત ઝીણવટભર્યા જિયોલૉજિકલ સર્વે બાદ ધરતીકંપના ગમે તેવા જોખમની સામે અડીખમ ઊભો રહી શકે તે રીતનો મજબૂત પાયો આ બંધ માટે નાંખવામાં આવશે. જેથી સલામતીનાં ચુસ્ત ધારાધોરણો જળવાઈ રહે. બંધ આસપાસ સૌર અને પવનઊર્જાના સ્રોત પણ ઊભા કરી ક્લીન ઊર્જાનું ઉત્પાદન શક્ય બનાવાશે. ગ્લોબલ ક્લાઈમેટ ચેન્જને અનુસંધાને ચીન આ બંધને મહત્ત્વનું પગલું ગણાવે છે.

ચીને પહેલાં આ બંધ બાંધવાનું આયોજન ૨૦૨૦માં જાહેર કર્યું ત્યારે સીધા પ્રત્યાઘાતરૂપે ભારતે હેઠવાસના દેશ તરીકે આ પ્રોજેક્ટને કારણે ઊભી થનારી જળ અને ખાદ્યાન્ન સુરક્ષા બાબતે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી હતી. એવી પણ દહેશત વ્યક્ત કરવામાં આવી હતી કે ચીન આ બંધમાં સંગ્રહાયેલાં પાણીનો ઉપયોગ અત્યંત ઘાતક હથિયાર તરીકે ભારતમાં મોટાં પૂર લાવવાં કરી શકે, જેને કારણે હેઠવાસમાં ખેતી નાશ પામે અને દુષ્કાળના ગંભીર પ્રશ્નો ઊભા થાય.

જોકે, 'સિંગવા યુનિવર્સિટી'ના વૈજ્ઞાનિકોએ કરેલા સંશોધન અભ્યાસ મુજબ આ રાક્ષસી બંધ ચીન, ભારત અને બાંગ્લાદેશ જો એકબીજા સાથે સહકારથી કામ કરે તો ત્રણેયને ફાયદો કરી શકે તેમ છે. આ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, બંધમાંથી છોડવામાં આવતો નિયંત્રિત પાણીનો પુરવઠો ઉનાળાની ઋતુમાં બ્રહ્મપુત્રા નદીમાં લઘુતમ પાણીનો પ્રવાહ જાળવી રાખીને વધારાના ચારેક મહિનાઓ માટે આ નદીમાં નેવિગેશન (નૌકા થકી ટ્રાન્સપોર્ટેશન) શક્ય બનાવશે. બંધ દર વર્ષે પૂરનાં પાણી હેઠળ દબાઈ જતા ભારતના ૩૨.૬ ટકા અને બાંગ્લાદેશના ૧૪.૮ ટકા વિસ્તારોને અસરકારક પૂર સંરક્ષણ પૂરું પાડી શકે. આટલા મોટા જથ્થામાં પાણી સંગ્રહી હાઈડ્રો પાવર ઉત્પન્ન કરવાની આ વ્યવસ્થા જળ વિદ્યુત, જળમાર્ગ થકી પરિવહન અને પૂર સંરક્ષણ થકી વધારાના ખેતઉત્પાદનનો લાભ બ્રહ્મપુત્રા નદીના બેઝિન (જળસ્રોત)માં આપી શકે.

ભારતની બરાબર સરહદે આ બંધ બંધાવાનો છે. દુનિયામાં ટેકનોલોજી ગમે તેટલી વિકસે, કાંઈક અણધાર્યું બને તો એ જ ટેકનોલોજી વિનાશનું કારણ બની શકે. સુનિતા વિલિયમ્સ જે રીતે સ્પેસ સ્ટેશનમાં ફસાયાં હતાં+ અને કલ્પના ચાવલા પૃથ્વી પર પાછા ફરતાં જે રીતે સળગીને ભડથું થઈ ગઈ તેવાં અનેક ઉદાહરણો ટેકનોલોજી ફેઈલ થાય તેનાં મોજૂદ છે અને એટલા માટે જ આયોજનનો પાયાનો સિદ્ધાંત એવું કહે છે, 'પ્લાન ફોર ધ વર્સ્ટ એન્ડ થિંક ઓફ ધ બેસ્ટ' અર્થાત્ ખરાબમાં ખરાબ શક્યતાઓ માટે આયોજન કરો અને સારામાં સારો ફાયદો મળશે એવા આશાવાદી બનો.

ચીન દ્વારા બંધાનારો આ બંધ એવી જગ્યાએ બંધાવાનો છે કે, જ્યાં કોઈ પણ દુર્ઘટના ઘટે, ભયંકર નુકસાન ભારત અને બાંગ્લાદેશને જ થાય, ચીનને કોઈ મોટી જાનહાનિ સહન કરવી પડે એવી શક્યતાઓ ભાગ્યે

(જુઓ પાન નં. ૧૯)

ભૂમિપુત્ર
હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara on 01-04-2025 R.N.I. No. 1683/57

# મને જવા દો

રથિનનાં માતા-પિતાને શહેરની મોટામાં મોટી અને મોંઘામાં મોંઘી શાળામાં પોતાના એકના એક દીકરાને ભણાવવાની હોંશ હતી. રથિન આ શાળામાં ભણે છે એમ તેઓ સૌને ગર્વભેર કહેતાં, પણ રથિન ખુશ નહોતો. શાળામાં શિસ્તને નામે કરવામાં આવતી કડકાઈ, પરાણે થોપવામાં આવતા નિયમો અને બોર્ડમાં શાળાનું સો ટકા પરિણામ આવે એ માટે વિદ્યાર્થીઓ સાથે થતી સખતાઈથી એ ત્રાસી જતો. પણ મા-બાપ જ સાંભળવા નહોતાં માગતાં ત્યાં બીજા કોને ફરિયાદ કરે?

''તમે હવે નવમા ધોરણમાં આવ્યા છો. આ વર્ષે જો ઊંધું ઘાલીને મહેનત નહીં કરો તો બોર્ડની પરીક્ષામાં શું ઉકાળશો?'' ગણિતના શિક્ષક કહેતા.

''બીજું બધું હવે ભૂલી જવાનું. અર્જુને જેમ પક્ષીની આંખ પર જ નજર રાખી હતી તેમ તમારું પૂરું ધ્યાન દસમાની પરીક્ષા પર જ હોવું જોઈએ.'' - અંગ્રેજીના શિક્ષકની શિખામણ.

નવમા ધોરણની વાર્ષિક પરીક્ષા શરૂ થઈ. આજે બંને ભારે વિષયો - ગણિત અને વિજ્ઞાનનાં ત્રણ ત્રણ કલાકનાં પેપર હતાં. ભલે નવમાની પરીક્ષા હતી પણ શાળાનું વાતાવરણ એવું ભારેખમ હતું કે, જાણે વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં નહીં પણ યુદ્ધભૂમિ પર જતા હોય. બોર્ડની પરીક્ષા કેવી રીતે લેવાશે એનો વિદ્યાર્થીઓને ખ્યાલ આપવા બહારથી સુપરવાઈઝરને બોલાવવામાં આવેલા, જે હંમેશાં સખત ચહેરો રાખીને ફરતા. પહેલો બેલ પડી જાય પછી શાળાનો મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવશે. મોડા આવનારને પરીક્ષામાં બેસવા નહીં મળે એવો સરક્યુલર અઠવાડિયા પહેલાં આવી ગયેલો.

પ્રથમ ગ્રાસે મક્ષિકાની જેમ બરાબર આજે જ રથિનની સાઈકલમાં પંચર પડ્યું. કોઈ ઓળખીતાની દુકાને સાઈકલ મૂકીને પસીનાથી રેબઝેબ થતો એ પહોંચ્યો ત્યારે દરવાન ગેટ બંધ કરી રહ્યો હતો. એને હાથ જોડીને વિનંતી કરી ત્યારે માંડ અંદર આવવા દીધો.

''કેમ, અત્યારથી જ પરસેવો છૂટવા માંડ્યો? છેલ્લી ઘડી સુધી રખડી ખાઈએ તો આવું જ થાય.'' ઉત્તરવહી આપતાં સુપરવાઈઝરે વ્યંગમાં હસીને કહ્યું. રથિનને લાગ્યું કે, જાણે પોતાને કંઈ આવડતું જ નથી. એ પરીક્ષામાં કંઈ લખી નહીં શકે, પણ એ બે મિનિટ આંખો બંધ કરીને બેઠો, મન શાંત કર્યું પછી પ્રશ્નપત્ર જોયું ત્યારે થયું કે, ના, ઘણું આવડે છે. એણે સડસડાટ દાખલા ઉકેલવા માંડ્યા, પણ હજી તો માંડ દોઢ કલાક પૂરો થયો ત્યાં સાહેબની રનીંગ કોમેંટ્રી ચાલુ થઈ.

''હવે માત્ર દોઢ કલાક જ બાકી છે. એક વાગ્યા પછી એક મિનિટ પણ વધારે નહીં મળે.''

વિદ્યાર્થીઓ જેમતેમ ધ્યાન કેંદ્રિત કરવા જાય ત્યાં વળી બીજી સૂચના.

''છેલ્લી ઘડીએ કહેશો કે, સપ્લીમેંટ્રી બાંધવાની રહી ગઈ તો નહીં ચાલે. પેપર પૂરું થવાનો બેલ વાગે એટલે તરત મને પેપર આપી દેવાનું.''

એમની તાકીદ મુજબ રથિને એક વાગવામાં બે મિનિટ બાકી હતી ત્યાં જ પોતાનું પેપર આપી દીધું. રિસેસમાં દોસ્તો એક જ વાત કરતા હતા,

''યાર, સાહેબ કેટલું બોલતા હતા! માંડ માંડ પેપર પૂરું કર્યું. અત્યારે બીજા કોઈ સુપરવાઈઝર આવે તો સારું!''

થોડુંઘણું ખાઈને ક્લાસમાં ગયા તો એ જ સાહેબ સત્કાર કરવા બારણામાં ઊભા હતા. રથિન હજી તો વર્ગમાં દાખલ થવા જાય ત્યાં એમણે એને રોક્યો. ''ક્યાં છે તારી ગણિતની ઉત્તરવહી? મારી સાથે જરા પણ ચાલાકી કરી તો તારી વાત તું જાણજે.''

''સાહેબ, મારું પેપર મેં તમારા હાથમાં જ તો આપેલું.''

''એમ? બહુ સ્માર્ટ બનવા જાય છે? યાદ રાખજે આ પેપર પતે ત્યાં સુધીમાં તારો ગુનો નહીં કબૂલે તો તને ફેલ કરવામાં આવશે.''

રથિને જેમતેમ કરીને વિજ્ઞાનના પેપર પર ધ્યાન આપવાની કોશિશ કરી, પણ વાત પ્રિંસિપલ સાહેબ સુધી પહોંચી હતી અને એમણે સુપરવાઈઝરને ઠપકો આપતાં કહ્યું હતું કે, ''તમારી લાપરવાહીને કારણે આમ બન્યું એ માટે તમે જવાબદાર છો. મને કોઈ પણ હિસાબે બધાં પેપર જોઈએ.''

સુપરવાઈઝરના મગજ પર ખુન્નસ સવાર થઈ ગયું હતું, 'આ છોકરો સમજે છે શું પોતાની જાતને? એને સીધો કરવો પડશે.'

વિજ્ઞાનનું પેપર પત્યું ને બધા વિદ્યાર્થીઓ નીકળી ગયા પછી એ રથિનને ખેંચીને બાજુના રૂમમાં લઈ ગયા. એમને ડર હતો કે, રખેને પ્રિંસિપલ ખૂટતા પેપરની તપાસ કરવા આ વર્ગમાં ન આવી જાય! બીજા રૂમમાં લઈ જઈને એમણે રથિન સામે એક ઉત્તરવહી મૂકીને કહ્યું, ''ચાલ, ગણિતનું પેપર લખવા માંડ!''

અત્યાર સુધીમાં રથિન તન-મનથી એવો તો નિચોવાઈ ગયો હતો કે, એને સમજાયું જ નહીં કે એણે શા માટે અને શું કરવાનું છે? એણે ધીમેથી કહ્યું, ''સાહેબ, હું ખૂબ થાકી ગયો છું અને મને સખત ભૂખ પણ લાગી છે. પેપર તો શું, હું એક અક્ષર પણ નહીં લખી શકું.''

એના મોંમાં પાર્લે જી બિસ્કીટ ઠોસતાં એમણે કહ્યું, ''ચાલ, હવે નખરાં કર્યા વિના લખવા માંડ.''

બરાબર એ જ સમયે પ્રિંસિપલ પરીક્ષા ખંડમાં પહોંચ્યા અને પ્યુનને બોલાવીને કહ્યું, ''આજે આ રૂમની સફાઈ નથી કરી? ખૂણામાં કાગળિયાનો આટલો ઢગલો કેમ પડ્યો છે? ચાલ, હમણાં ને હમણાં સાફ કર!''

પ્યુને કાગળો તરફ નજર કરીને કહ્યું કે, ''સાહેબ, આ તો પાછલી પરીક્ષાનાં નકામાં પેપરો લાગે છે.''

''લાવ જોઉં!'' એમણે ઝીણી નજરે જોતાં કહ્યું, ''અરે, પણ આ પેપર પર તો આજની તારીખ અને ગણિતનો વિષય લખેલો છે. પરીક્ષાર્થીનું નામ રથિન વોરા લખેલું છે. આ તો પેલા વિદ્યાર્થીનું જ પેપર! ક્યાં ગયા સુપરવાઈઝર સાહેબ?'' ગુસ્સાથી ધમધમતા એ વર્ગમાંથી નીકળીને જવા ગયા ત્યારે બાજુના વર્ગમાં જે દૃશ્ય દેખાયું એ જોઈને એમના પગ થંભી ગયા. સુપરવાઈઝર રથિનનું માથું પકડીને, હાથમાં પેન પકડાવીને જબરદસ્તીથી પેપર લખાવવાની મહેનત કરતા હતા અને રથિન આજીજી કરતો હતો, ''હું પેપર નહીં લખી શકું સાહેબ, મને જવા દો!''

ધીમા પગલે ત્યાં જઈને પ્રિંસિપલે રથિનને જવા માટે ઈશારો કર્યો અને સુપરવાઈઝરને કહ્યું, ''સાહેબ, આ જ પેપર નહોતું મળતું ને? તમારા વર્ગના ખૂણામાંથી એ મળી ગયું છે ને હવે કાલથી તમારે આવવાની જરૂર નથી.''

(શિવનારાયણની કન્નડ વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org